

રશિયામાં કોરોનાનો કેર, 1 દિવસમાં 1000 મોત, વધુ 28000 કેસ નોંધાયા

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



રોનાલ્ડોએ કારકિર્દીની 58મી હેટ્રિક નોંધાવી

PAGE NO. 18

FRIDAY, 15 OCTOBER, 2021 Vol. 18, No. 42 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

# પાક. નહીં સુધરે તો સર્જીકલ સ્ટ્રાઈકની ચીમકી

## કાશ્મીરમાં નિર્દોષ નાગરિકોની હત્યા બંધ નહિ થાય તો વધુ આકરા પગલા લેવા અમિત શાહનો હુંકાર

**નવી દિલ્હી**

સરહદ પર નાપાક પાકિસ્તાનની અવળચંડાઈ બંધ થવાનું નામ નથી લઈ રહી. સરહદ પર સેનાના જવાનો પર છુપાઈને હુમલો કરનારા પાકિસ્તાનને ભારતે સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ગોવામાં પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, પાકિસ્તાન નહીં સુધરે તો ફરી એકવાર સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવશે. અમિત શાહે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે, પીએમ મોદીના નેતૃત્વ હેઠળ સર્જિકલ સ્ટ્રાઈક એક મહત્વનું પગલું હતું. આ સ્ટ્રાઈક દ્વારા અમે સંદેશ આપ્યો હતો કે કોઈ પણ ભારતની સરહદો પર હુમલા કરશે તો સહન કરવામાં નહી આવે.



ગોવાના એક કાર્યક્રમમાં અમિત શાહે પાકિસ્તાનને ચેતવણી આપતા વધુમાં જણાવ્યુ કે, સર્જિકલ સ્ટ્રાઈકે સાબિત કર્યું છે કે અમે દેશની સીમા પર હુમલાઓ સહન કરતા નથી, જો તમે ઉલ્લંઘન કરશો તો વધુ સ્ટ્રાઈક કરવામાં આવશે વાતચીતનો સમય પૂર્ણ થયો, હવે વળતર આપવાનો સમય આવી ગયો છે. ગુરુવારે સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગોવામાં પાકિસ્તાનને ચીમકી આપવાની વાત કરી તેના કલાકોમાં જ કાશ્મીરમાં થયેલી આતંકવાદી અથડામણમાં એક જેસીઓ અને એક જવાન શહીદ થયા છે. હજી ત્રણ દિવસ પહેલાં જ એક જેસીઓ સહિત પાંચ જવાનો અન્ય એક અથડામણમાં શહીદ થયા હતા. પૂંછ વિસ્તારમાં સુરક્ષાદળની એક ટુકડી તપાસ અભિયાન ચલાવી રહી હતી, તે દરમિયાન ભટાધોરિયાન વિસ્તારમાં આતંકીઓએ અચાનક હુમલો કરતા એક જુનિયર કમિશન્ડ ઓફિસર અને એક જવાન શહીદ થઈ ગયા હતા. ઘટના બાદ સુરક્ષાદળોએ તાત્કાલિક આ વિસ્તારને ઘેરી લઈને અન્ય ત્રાસવાદીઓનો ખાતમો કરવા કવાયત શરૂ કરી હતી.

# તાઈવાનની બિલ્ડિંગમાં આગ ભભૂકી

## 46 લોકો ભડથું, અનેક ઘાયલ



તાઈવાન : તાઈવાનમાં એક 13 માળની બિલ્ડિંગમાં આગ લાગી હતી જેમાં કુલ 46 લોકોના મોત થયા હતા. આ બિલ્ડિંગ 40 વર્ષ જૂની હતી. તેમાં આગ લાગતા 11 લોકોના ઘટનાસ્થળે મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. મળતી માહિતી અનુસાર ફાયર બ્રિગેડ અધિકારીઓનું કહેવું છે કે આ આગ સવારે 3 વાગ્યાની આસપાસ લાગી હતી અને તેમાં અનેક માળ બળીને ખાખ થઈ ગયા હતા. તાઈવાનના અધિકારીએ કહ્યું કે આગમાં કુલ 46 લોકોના મોત થયા છે અને 41 લોકો ઘાયલ થયા છે. ઘટનાસ્થળે મૃત્યુ પામનારાના મૃતદેહને સ્મશાને મોકલી દેવાયા છે. 55 લોકોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલાયા છે. જેમાં 14 લોકોએ જીવ ગુમાવ્યો હતો. આગની દુર્ઘટના સવારે 3 વાગે બની હતી. ફાયર બ્રિગેડ બચાવ કામમાં લાગેલા છે. આગ લાગવાનું કારણ હજુ સુધી શોધી શકાયું નથી. સ્થાનિકોનું કહેવું છે કે સવારે 3 વાગે એક વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. એક નિવેદનના અનુસાર આ બિલ્ડિંગ લગભગ 40 વર્ષ જૂની હતી અને તેની નીચે દુકાનો હતી.

# વિશ્વભરના ધનિકોના લિસ્ટમાં RILના મુકેશ અંબાણી 10માં ક્રમે પહોંચી ગયા

## અમેરિકાના દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટને પાછળ રાખી દીધા

**વોશિંગ્ટન**

એશિયા અને ભારતના સૌથી મોટા અમિર મુકેશ અંબાણીની નેટવર્થ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં બુધવારે 1.30 અબજ ડોલરનો વધારો થયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર તેની નેટવર્થ હવે 101 અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે અને તે વિશ્વના ધનિકોની યાદીમાં 10માં સ્થાન પર આવી ગયા છે. તેણે અમેરિકાના દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટની આગળ નિકળીને આ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વર્ષે અંબાણીની નેટવર્થમાં 24.7 અબજ ડોલરનો વધારો થયો છે. તો બીજી તરફ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી પણ આ યાદીમાં એક સ્થાન ઉપર આવી ગયા છે. તે 75.7 અબજ ડોલરની નેટવર્થ સાથે વિશ્વના ધનિકોની યાદીમાં 13માં ક્રમે પહોંચી ગયા છે. તેઓ અંબાણી પછી ભારત અને એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ છે.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..

Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®

BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region
Fax: 416-253-9461

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker

#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002

1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# રસી મુકાવનારા માટે કેનેડા-US સરહદ નવે.માં ખુલવાની સંભાવના

## રસીના મિશ્રિત ડોઝ લીધા હોય તેને પ્રવેશ આપવા બાબતે હજી અવઢવ, હજારો કેનેડિયન પ્રવાસીઓને લાભની આશા

**ટોરોન્ટો**

અમેરિકા દરિયાઈ અને જમીન સરહદો સામાન્ય પ્રવાસીઓ માટે નવેમ્બર મહિનાથી ખુલ્લી મુકે તેવી પુરેપુરી શક્યતા છે. કોવિડ-19ની મહામારીને કારણે ઘણા લાંબા સમયથી બંને દેશો વચ્ચેની સરહદો બંધ રહી હતી. વ્હાઈટ હાઉસે મંગળવારે રાત્રે સંપૂર્ણ રસીકરણ કરાવનાર કેનેડા અને મેક્સિકોના સામાન્ય પ્રવાસીઓ માટે જમીન અને સમુદ્રી સરહદો ખુલ્લી મુકશે એવા અહેવાલને સમર્થન આપ્યું હતું. જો કે, અધિકારીઓએ વેક્સીન બાબતે કોઈ ખુલાસો કર્યો નહોતો. રસીના મિશ્રિત ડોઝ લીધા હોય તે લોકોને પ્રવેશ આપવામાં આવશે કે કેમ એ બાબતે સ્પષ્ટતા કરી નહોતી. મીડિયાકર્મીઓએ વ્હાઈટ હાઉસના અધિકારીઓને પૂછ્યું હતું કે, કોવિડ-19 માટેની એસ્ટ્રા જેનેકા કે જેના ઉપયોગને અમેરિકાએ માન્યતા




આપી નથી તેવા પ્રવાસીઓને પણ સરહદ ખુલવાનો લાભ મળશે કે કેમ ? જો કે, યુ.એસ. સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેંશન આ માટે માર્ગદર્શિકા ઘડી કાઢવા માટે કામ કરી રહ્યું છે. પરંતુ આ બાબત પર કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો નહોતો. પ્રશ્ન એ થાય છે કે, શું જુદી-જુદી વેક્સિનના ડોઝ લીધેલા લોકોને પ્રવેશ આપવામાં આવશે કે કેમ? માર્ચ 2020થી અમેરિકાની સરહદો પરથી બિનજરૂરી પ્રવાસીઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.  આ સમયે પહેલી વખત કોરોના વાઈરસનો ફેલાવો શરુ થયો હતો. બંને દેશના પ્રવાસીઓમાં સરહદો ઉપરથી પ્રવાસીઓના આવાગમન ઉપર પ્રતિબંધ શા માટે મુકવામાં આવ્યો હતો તે ગરમાગરમ ચર્ચાનો વિષય બન્યો હતો. કારણ કે, આ પ્રતિબંધને કારણે બંને દેશના પ્રવાસન ઉદ્યોગોને ભારે નુકશાન થયું હતું. વેક્સિનના બંને ડોઝ લીધા હોય તેવા અમેરિકન હવે સામાન્ય કારણસર પણ ઓગસ્ટ ૯થી કેનેડામાં આવી રહ્યા છે.

# એર કેનેડા ટોરોન્ટો ફ્લાઈટના પ્રવાસીઓ માટે ચેક-ઈન નિયમો વધુ સરળ બનાવશે

## નવા સુધારાઓ ઓક્ટોબર 13થી અમલમાં આવશે, પ્રવાસીઓની સંખ્યા વધશે

**ટોરોન્ટો**

એર કેનેડાએ જાહેરાત કરી હતી કે, ટૉરન્ટોથી હવે પ્રવાસ કરનારા વિમાની યાત્રીઓએ ચેક-ઈન માટેના નિયમોમાં સુધારા જાહેર કર્યા છે. આ નવા સુધારાઓ ઓક્ટોબર 13થી અમલમાં આવી રહ્યા છે અને પ્રવાસીઓ હવે ચેક-ઈન અને બેગેજ સબંધી નિયમોમાં ઝડપથી સુધારો કરવાના પ્રયત્નમાં લાગી ગયા છે. અમેરિકા અથવા અન્ય આંતર રાષ્ટ્રીય સ્થાનો માટે અગાઉ એવો નિયમ હતો કે, ફ્લાઈટના સમય કરતા પ્રવાસીઓએ 90 મિનિટ પહેલા હાજર થઈ જવું પડતું હતું.

એર કેનેડાના પ્રવક્તાએ મીડિયા સમક્ષ મંગળવારે જણાવ્યું હતું કે, મને ખાતરી છે કે, ગ્રાહકોને તેમની ફ્લાઈટ પકડવા માટે પૂરતો સમય મળી રહેશે અને એરપોર્ટ ઉપર ગ્રાહકોના પ્રમાણમાં વધારો થશે. એર લાઈન્સે જણાવ્યું હતું કે, ઓક્ટોબરની 13મી તારીખથી નવી ક્યુ સિસ્ટમ શરુ કરવામાં આવશે. જે પ્રવાસીઓને ફ્લાઈટમાં પ્રવેશવા માટે વધુ મદદરૂપ બની રહેશે. અમે અગાઉથી જ ક્ષમા માંગી લઈએ છીએ કે, નવા નિયમોને કારણે થોડો વધારાનો સમય આપવો પડે તો તે કામ ચલાઉ હશે.  નવા સુધારા કર્યા પહેલા એર કેનેડાના પેસેન્જરને ચેક-ઈન અને ડ્રોપ બેગ્સ માટે અમેરિકા અથવા અન્ય આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટે સમય કરતા 60 મિનિટ વહેલા આવવું પડતું હતું. જયારે કેનેડાના આંતરિક ઉદ્યાનો માટેના નિયમો યથાવત રહે છે અને સ્થાનિક પ્રવાસીઓએ ફ્લાઈટના સમય કરતા 90 મિનિટ પહેલા આવવું પડશે. ટોરોન્ટો પિયરસને મીડિયાને જણાવ્યું હતું કે, એર લાઈન્સના નિયમોમાં થયેલા બીજા કોઈ સુધારાઓની અમને જાણ નથી.

# ઈટોબીકોકની હાઈસ્કૂલમાં કોવિડ સંક્રમણના અહેવાલ ખોટા : પ્રશાસન

» શાળામાં વાઈરસની શક્યતા બાબતે પરિક્ષણ

**ટોરોન્ટો**

ટોરોન્ટોના પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટે ઈટોબીકોક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં કોવિડ-19નો રોગચાળો ફાટી નીકળ્યો હોવાના અહેવાલને ફગાવી દીધો હતો અને જણાવ્યું હતું કે, સમગ્ર શાળામાં આ વાઈરસની શક્યતા બાબતે પરિક્ષણ કરવામાં આવ્યું હતું.

સોમવારે સાંજે બહાર પાડવામાં આવેલા નિવેદનમાં હેલ્થ યુનિટ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, તમામ વિદ્યાર્થીઓને વ્યક્તિગત સંપર્કથી દૂર રાખવા જોઈએ અને તમામ પ્રવૃતિઓ કરતા વિદ્યાર્થીઓ વચ્ચે અંતર રાખવું જોઈએ. સિલ્વર થોર્ન કોલેજિએટ ઈન્સ્ટિટ્યૂટ નિયમોનું કાળજીપૂર્વક પાલન કરે છે અને આ નવા અહેવાલો આવ્યા બાદ વિદ્યાર્થીઓ સહિત તમામ સ્થળોની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી છે. આ તપાસમાં કોવિડ-19ની સંભાવનાઓ જુદા-જુદા વિભાગોમાં સંભવિત છે કે કેમ તેની તપાસ કરવામાં આવી હતી. ટી.પી. એચ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને શાળાના વહીવટકર્તાઓ સલામતી માટે પૂરતા પગલાં લેવામાં આવ્યા છે અને હજુ પણ અમે કોવિડ-19ના ફેલાવા વિષે સાવચેત છીએ અને જરૂર પડ્યે શાળા ફરીથી બંધ કરી દેવા સુધીની અમારી તૈયારી છે.









# પ્રવાસન ઉદ્યોગના હિતમાં નિયંત્રણો ઉઠાવી લેવા માંગણી

## વિદેશી સ્થળો માટે રાજ્યના દસ્તાવેજોનો બહુ ઉપયોગ કરી શકાતો ન હોવાથી હવે રાષ્ટ્રીય વેક્સીન પાસપોર્ટ યોજનાની કવાયત

**ટોરોન્ટો**

કેનેડાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો તેનો ક્ષમતાના 40% અને સ્થાનિક હવાઈમથકો તેની ક્ષમતાના માત્ર 20%નો જ ઉપયોગ કરી શકે છે. એસોશિએશન ઓફ કેનેડિયન ટ્રાવેલ એજેન્ટ તથા અનેક કેનેડીયનો એમ માને છે કે, જ્યાં સુધી નેશનલ વેક્સીન પાસપોર્ટ અને પ્રવાસીઓની સંખ્યા પરના નિયંત્રણો ઉઠાવી લેવામાં નહિ આવે ત્યાં સુધી કેનેડાના પ્રવાસન ઉદ્યોગને રાહત મળવાની શક્યતા નથી. આ નિયંત્રણો હટાવી લેવાનો નિર્ણય ઝડપથી લેવો જોઈએ, કે જેથી આ ઉદ્યોગ ફરીથી બેઠો થઈ શકે, એમ એ.સી.ટી.એના બોર્ડના સભ્ય રિચાર્ડ વેનરૂબેરે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય વેક્સીન પાસપોર્ટ ઉપર કામ કરી રહી છે. પરંતુ હાલમાં પ્રવાસીઓને તેમના રાજ્ય તરફથી વેક્સીન માટે આપવામાં આવેલા દસ્તાવેજ ઉપર આધાર



રાખવો પડે છે.વેન વેનરુબેલે કહ્યું હતું કે, હાલના સમયમાં પ્રવાસન માટે પૂરતી ટિકિટોનું બુકીંગ થતું નથી. ખાસ કરીને વિદેશી સ્થળો માટે રાજ્યના દસ્તાવેજોનો બહુ ઉપયોગ કરી શકતો નથી. આ જોતા પ્રવાસન ઉદ્યોગને ડર છે કે, અમારું આ વર્ષ પણ નવરું જશે. અમે જાણતા નથી કે વિદેશના લોકો અમારા રાજ્યો તરફથી આપવામાં આવેલા પુરાવાઓને માન્ય રાખશે કે કેમ ? અનેક પ્રવાસી કંપનીઓએ મહા રોગચાળા દરમિયાન તેમના ઓર્ડર રદ કરી અને પૈસા પાછા આપવા પડતા હતા અને નવું કામ ભાગ્યે જ મળતું હતું. પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા એ.સી.ટી.એ તરફથી પણ કેન્દ્ર સરકારને નિયમોમાં સુધારા કરવા અથવા રદ કરવા જણાવાયુ હતુ. જેથી પ્રવાસીઓને બિન-જરૂરી તકલીફોમાંથી છુટકારો મળે. અમારી સમસ્યાઓનો કોઈ અંત નથી અને જરૂરી તથા બિન-જરૂરી પ્રવાસની કોઈ નિશ્ચિત વ્યાખ્યા ક્યારેય સ્પષ્ટ કરવામાં આવી નથી. આશરે 4 મિલિયન કેનેડીયનોએ પણ વેક્સિનના મિશ્રિત ડોઝ લીધેલા છે અને પ્રવાસન ઉદ્યોગ કહે છે કે તેઓ વેક્સિનની પરિસ્થિતિ હાલમાં કેવી છે તે બાબતે કશું જાણતા નથી. પરિણામે અમે વિશ્વાસ પૂર્વક પ્રવાસીઓ માટેનું બુકીંગ કરી શકતા નથી.

# WOW ગ્રુપ દ્વારા નવરાત્રી નિમિત્તે હવન





**ઓન્ટેરિયો**

કેનેડા જેવા દેશમાં જીટીએની બહેનોની એક જાણીતી સંસ્થા એટલે wow (women to wisdom). ગત શુક્રવારે શ્રીંગેરી હવન હોલમાં 75થી વધુ લોકોએ ભેગા મળીને ગાયત્રી દેસાઈના નેતૃત્વમાં એક સુંદર નવરાત્રી હવનનું આયોજન કર્યું હતું. બિપીનભાઈ મહારાજે ખુબ સુંદર પુજાપાઠ કરી હવનનું આહ્વાન કરાવ્યુ હતું. ભારતી મહેતા તેમજ અલકા વઢવામા, કલ્પના ઠાકર અને પ્રિતી ભટ્ટ દ્વારા પુજા પ્રોગ્રામ, મંડપ ડેકોરેશન વિગેરે કાર્યમાં બેનમૂન કલા છલકાતી હતી. તાન્યા વ્યારા અને તેમના પરિવારે આ હવનના મુખ્ય યજમાન હતા. શિલ્પા ત્રિવેદી દ્વારા તમામ લોકો માટે મહાપ્રસાદ પોતાને હાથે બનાવીને પીરસવામાં આવ્યું હતું. ગરબા પ્લેલીસ્ટ અને ફોટોગ્રાફી ગોપાલ ત્રિવેદીએ અને પાયલ આચાર્ય દ્વારા કરવામાં આવ્યા હતા. મહાપ્રસાદ આરોગ્યા બાદ લોકોએ ગરબાની મઝા માણી હતી. આ કાર્યક્રમ સફળ બનાવવામાં ટીમ વર્કનું અનેરૂ યોગદાન હતું. ગાયત્રી દેસાઈ દ્વારા આગામી દિવાળી ડીનર કાર્યક્રમની જાહેરાત કરી ફરી પાછા ભેગા થવા અપીલ કરાઈ હતી.

# બી.સી.ના તમામ સ્કી રિસોર્ટ્સમાં સીઝનલ કામદારોની વર્તાતી તંગી

## કોવિડ બાદ કેનેડામાં પ્રવેશ મુશ્કેલ બનતા સમસ્યા સર્જાઈ હોવાનું તારણ

**ઓન્ટેરિયો**

બ્રિટિશ કોલંબિયામાં સ્કી રિસોર્ટના માલિકો સીઝનલ કામદારોની સખત તંગીનો સામનો કરી રહ્યા છે અને બ્રિટિશ કોલંબિયામાં અત્યારથી જ સ્કી રિસોર્ટના માલિકો આવા કામદારોને મેળવવા સખત પ્રયત્નો કરી રહ્યા છે.

કોરોનાના મહારોગચાળા દરમિયાન અન્ય ઉદ્યોગોની જેમ સ્કી રિસોર્ટ્સને પણ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ભારે બરફ પડવાના કારણે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. એ સાફ કરવા માટે પણ કર્મચારીઓનો અભાવ નડી રહ્યો છે અને રિસોર્ટ્સના માલિકો કોઈ વૈકલ્પિક ઉકેલ શોધવાના પ્રયત્નો કરી રહ્યા છે. શિયાળો ઝડપથી આવી રહ્યો છે અને બંને દેશો વચ્ચેની સરહદો ફરી ખુલ્લી મુકવામાં આવતા કેટલાક આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ સ્કી રિસોર્ટ્સની મુલાકાતે પણ આવે છે. અહીં આવીને તેઓને એ જોઈને આશ્ચર્ય થાય છે કે અહીંયા પૂરતી સંખ્યામાં કર્મચારીઓ જોવા મળતા નથી. ખાસ કરીને ટિકિટ વેચનારાઓની તંગી ઉડીને આંખે વળગે છે.

# ટોરોન્ટો સિટીમાં વાહનોની ભીડને હળવી કરવા નિષ્ણાંતોના સૂચનો

**ટોરોન્ટો**

ટોરોન્ટોના રસ્તાઓ મહામારી શરુ થઈ ત્યાર પહેલા ક્યારેય પણ નહોતા થયા તેવા વધુ જામ લાગે છે. યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોના ટ્રાફિક સિસ્ટમ્સના એક નિષ્ણાંતે કહ્યું હતું કે, આનો એક માત્ર ઉપાય જાહેર આરોગ્ય અંગેની જાગૃતિ જ હોઈ શકે છે. જે રસ્તા પરના ટ્રાફિકને વધુ હળવો કરી શકે છે.

ટોરોન્ટોના ઈન્ટેલિજન્ટસ ટ્રાંસ્પોર્ટેશન સિસ્ટમના ડાઈરેક્ટર અબ્દુલહાઈએ જણાવ્યું હતું કે, જો લોકો ટ્રાન્સિટને અવગણતા રહેશે તો ડ્રાયવીંગ એક મોટી સમસ્યા બની જશે. કોઈ પણ પરિવહન આયોજક આ વાઈરસને કાબુમાં લઈ શકશે નહિ. એક સીટી સર્વેના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે. આંકડાઓનો અભ્યાસ કરતા જણાય છે કે પરિવહન સબંધી હવે નવા નિયમો ગેમ ચેન્જર બની રહેશે અને જોખમ તથા સમય બંનેમાં ઘટાડો થશે. લોકોને હવે સમજાયું છે કે, પબ્લિક ટ્રાન્સપોર્ટનો વધુ ઉપયોગ કરવો જરૂરી છે. જેથી માર્ગો પરના ટ્રાફિક જામમાં ઘટાડો કરી શકાય.

ટોરોન્ટો ટ્રાન્સપોર્ટેશન કમિટીના આંકડાઓ દર્શાવે છે કે, મહામારીના સમય કરતા અત્યારે રાઈડરશિપના પ્રમાણમાં 45%નો ઘટાડો થયો છે.

# એગલીન્ટન ક્રોસટાઉનની રેલવે ટ્રેક ઉપર પ્રવાસીઓને પહેલીવાર સુખદ અનુભવ થશે

## નવી લાઈન પર 15 કિમીની ઝડપ સાથે ટ્રેનોનું પરિક્ષણ કરાયુ,

**ટોરોન્ટો**

ટોરોન્ટોવાસીઓ કે જેઓ ઘણા લાંબા સમયથી એગલીન્ટન ક્રોસ ટાઉન એલઆરટી ખાતે અદભુત રાઈડની રાહ જોઈ રહ્યા હતા તેની ઝલક પહેલી વખત જોવા મળશે. એક દાયકા પહેલા એટલે કે, 2011થી 19 મીટર લાંબા બાંધકામની શરૂઆત થઈ હતી અને આ મહિને ટ્રેનોનું પરિક્ષણ થઈ રહ્યું છે.

આ લાઈન 2022ના પાછોતરા સમય સુધી તૈયાર થઈ જશે તેવી આશા છે.

મંગળવારે સાઈન્સ સેન્ટર સ્ટેશનની ડોન મિલ્સ રોડ અને બીચ માઉન્ટ સ્ટેશન વચ્ચે પરિક્ષણ માટે યોજાયેલા પ્રવાસમાં ભાગ લીધો મીડિયાકર્મીઓ જોડાયા હતા.

આ તકે મેનેજર પેક્સ સેબીનોએ જણાવ્યું હતું કે, અનેક પ્રવાસીઓ અમારા તરફ હાથ હલાવી અને ફોટો લઈ રહ્યા હતા અને અમે પણ તેમનું અનુકરણ કર્યું હતું. અમારા ડ્રાઈવરોએ તેનું અનુકરણ કર્યું હતું અને હોર્ન વગાડી દર્શકોને પ્રોત્સાહિત કર્યા હતા. ટોરોન્ટોની આ સૌથી નવી પેઢીની આ લાઈન શહેરમાં ફરતી સ્ટ્રીટ કાર્સ જેવી જણાતી હતી. પરંતુ તેમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. જેમાં બંને બાજુ દરવાજા અને ઈન્ટીગ્રેટેડ કમ્યુનિકેશન સિસ્ટમ લગાડવામાં આવી હતી. આ ટ્રેનો સબ-વે લાઈન ઉપર ચાલે છે.

# સિરિયન રેફ્યુજી કેમ્પમાંથી 26 કેનેડીયનને પાછા લાવવા કેનેડાના વકીલે કેસ કર્યો

**ટોરોન્ટો**

કેનેડાના એક વકીલે સંઘ સરકાર ઉપર સિરિયાની શરણાર્થીઓની છાવણીમાં ફસાઈ ગયેલા 26 કેનેડીયનોને પાછા લાવવા દબાણ કરવા માટે એક કેસ દાખલ કર્યો છે. ગયા મહિને 11 પરિવાર તરફથી કેનેડાની કેન્દ્ર સરકાર ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, સરકાર તેમના સીરિયામાં ફસાયેલા પરિવારજનોને પાછા લાવવા બાબતે બેદરકારી દાખવી રહી છે.

કેનેડાની અદાલતના ફેરલ કોર્ટ એક્ટ, ધ સિટિઝનશીપ એક્ટ, કેનેડિયન ચાર્ટ ઓફ રાઈટ્સ એન્ડ ફ્રીડમ તથા ઈન્ટરનેશનલ કન્વેનશન રાઈટ ઓફ ચાઈલ્ડ અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો હતો. લોરેન્સ ગ્રીનસ્પોન કે જે એક ક્રિમિનલ લોયર છે, તેમણે આ કેસ દાખલ કર્યો છે એમ મીડિયા તરફથી જણાવવામાં આવ્યું છે. વકીલે દલીલ કરતા જણાવ્યુ હતું કે, કેનેડાના વિદેશ મંત્રાલયે એ બાબતનો જવાબ આપવો જોઈએ કે, આઈએસઆઈએસની શરણાર્થી છાવણીમાં સપડાયેલા કેનેડીયનોને ઘરે પાછા લાવવા માટે શું પ્રયત્નો કર્યા છે ? સીરિયામાં ફસાયેલા આ 26 કેનેડીયનોની દેશમાં પાછા લાવી ના શકાય તેનું કોઈ કારણ નથી. જે 26 કેનેડિયન નાગરિક તરફથી અરજી કરવામાં આવી છે તેમા 14 બાળકો, 8 મહિલાઓ અને 4 પુરુષો છે. તેમને અલ-હોલ અને અલ-રોઝ કેદીઓની છાવણીમાં રાખવામાં આવ્યા છે.

આ સિવાય હાસ્કાહ, ક્યુમીશલી અને ડેરિક જેલમાં રાખવામાં આવ્યા છે. આ વિસ્તાર ઉત્તર-પૂર્વ સીરિયામાં આવેલો છે. અરજીમાં આ છાવણીનું વર્ણન કરતા જણાવવામાં આવ્યું છે કે, અહીંનું વાતાવરણ ભયંકર જીવી ના શકાય તેવું તથા આરોગ્યના નિયમો અને સગવડતા વિનાનું છે.

# ક્યૂબેકમાં ફ્રેન્ચ ભાષા નહીં આવડતા વિદ્યાર્થીઓને ભારત પર જવાની નોબત

**ક્યુબેક**

કેનેડામાં પીઆર માટે અરજી કરી હતી તેવા વિદ્યાર્થી સહિતના લોકોએ સ્ટુડન્ટ વિઝા સાથે કેનેડામાં પ્રવેશ મેળવી ટેમ્પરરી રેસિડેન્ટનો દરજ્જો મેળવ્યો હતો. પરંતુ આ લોકોએ અંગ્રેજી ભાષા માટે અરજી કરી હતી અને ક્યુબેકમાં ફ્રેન્ચ ભાષા ફરજિયાત છે. કેમકે ત્યાં ફ્રેન્ચ વસાહતીઓની સંખ્યા મોટી છે. અમદાવાદના એક વિદ્યાર્થી કોમર્સ ગ્રેજ્યુએટ થયા પછી બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ કરવા સ્ટુડન્ટ વિઝા પર કેનેડા ગયો હતો. તેણે ટોરેન્ટો કે ઓન્ટારિયો જેવા શહેરના બદલે તેણે ક્યુબેક પસંદ કર્યું હતું. પરંતુ તેની પીઆર અરજી ફગાવી દેવામાં આવી. કેમકે ક્યુબેકમાં ફ્રેન્ચ ભાષા ફરજિયાત હોવાની તેને ખબર નહોતી. તેના માતા-પિતાએ ભારતમાં એજન્ટનો સંપર્ક કર્યો પણ એજન્ટોને પણ આ વસ્તુની ખબર નહોતી. જેથી તેણે ભારત પરત ફરવું પડ્યું હતું. હેમંત શાહે કે જે કેનેડામાં ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ્ ઈન્ડિયા ચલાવે છે અને કેનેડા-ઈન્ડિયા ટ્રેડ રિલેશન્સ એન્ડ માર્કેટિંગના ડિરેક્ટર છે તેમણે જણાવ્યું હતું કે કેનેડામાં ટોળામાં આવતા વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે આ ચેતવણી છે. તેઓએ યોગ્ય ઈમિગ્રેશન સલાહકારોનો સંપર્ક કરવો જોઈએ અને પછી શિફ્ટિંગની યોજના બનાવવી જોઈએ.

તંત્રી સ્થાનેથી

# BSFની સત્તા વધતા જ પંજાબ અને પશ્ચિમ બંગાળની કાગારોળ

મોદી સરકારે બોર્ડર સીક્યુરિટી ફોર્સના અધિકારીઓને આપેલી વધારાની સત્તાના કારણે રાજકીય વર્તુળોમાં કકળાટ મચી ગયો છે.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

આ સાથે જ કેટલાક રાજ્યો અને કેન્દ્ર ફરી આમનેસામને આવે તેવી સ્થિતિ છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે બહાર પાડેલા જાહેરનામા પ્રમાણે પશ્ચિમ બંગાળ, પંજાબ અને આસામ એ ત્રણ રાજ્યોમાં આંતરરાષ્ટ્રીય સરહદથી ૫૦ કિલોમીટર અંદર સુધીના વિસ્તારમાં બોર્ડર સીક્યુરિટી ફોર્સના અધિકારીઓ કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિને ત્યાં તપાસ કરી શકશે અને જડતી લઈ શકશે, જપ્તી કરી શકશે અને ધરપકડ પણ કરી શકશે. બોર્ડર સીક્યુરિટી ફોર્સના અધિકારીઓને અમિત શાહના ગૃહ મંત્રાલયે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર (સીઆરપીસી), પાસપોર્ટ એક્ટ અને પાસપોર્ટ (એન્ટ્રી ટુ ઈન્ડિયા) એક્ટ હેઠળ આ સત્તા આપી છે. આ ત્રણેય રાજ્યો પૈકી પંજાબમાં ભારત-પાકિસ્તાન સરહદ આવેલી છે. જ્યારે આસામ અને પશ્ચિમ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદ આવેલી છે.

કેન્દ્ર સરકારની દલીલ છે કે, તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં ડ્રોન દ્વારા વિસ્ફોટકો ઉતારાયાં હતાં અને વિસ્ફોટ કરાયા હતા. તેના કારણે આપણી સુરક્ષા સામે ખતરો વધી જતા આ નિર્ણય લેવો પડ્યો છે. હવે મોદી સરકારની આ દલીલ સામે વિપક્ષે વાંધો લીધો છે. વિપક્ષનો આક્ષેપ છે કે, મોદી સરકાર બીએસએફનો ઉપયોગ વિપક્ષી સરકારોને પરેશાન કરવા કરી શકે છે. કારણ કે, જે સરહદી રાજ્યો છે ત્યાં હાલ બિનભાજપી સરકાર છે. મોદી સરકારના નિર્ણય સામે ખાસ કરીને પશ્ચિમ બંગાળ અને પંજાબની સરકારે ભારે વિરોધ નોંધાવ્યો છે. કેમ કે, બંને રાજ્યોમાં ભાજપ વિરોધી પક્ષનું શાસન છે. આસામમાં ભાજપની સરકાર હોવાથી તે કેન્દ્રના કોઈ નિર્ણયનો વિરોધ કરે તેમ નથી.

બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસ સત્તામાં છે. જ્યારે પંજાબમાં કૉંગ્રેસની સરકાર છે. તેથી બંને મેદાનમાં આવી ગયાં છે. આ નિર્ણય દ્વારા મોદી સરકાર રાજ્યોના અધિકારમાં દખલ કરી રહી છે એવો તેમનો દાવો છે. આ આક્ષેપમાં રાજકારણ છે કે નથી તેની વાત કરતા પહેલાં વાસ્તવિકતાને સમજવું જરુરી છે. બોર્ડર સીક્યુરિટી ફોર્સની રચના ભારત-પાકિસ્તાન વચ્ચેના ૧૯૬૫ના યુદ્ધ પછી કરાઈ હતી. ત્યારથી જ બોર્ડર સીક્યુરિટી ફોર્સ એક્ટ અમલમાં આવ્યો હતો. આ એક્ટ પ્રમાણે સરહદ પરનાં તમામ રાજ્યોમાં આંતરરાષ્ટ્રીય સરહદથી અંદરના ચોક્કસ વિસ્તારમાં બોર્ડર સીક્યુરિટી ફોર્સ (બીએસએફ)ના અધિકારીઓ કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિને ત્યાં તપાસ કરી શકે છે, જડતી લઈ શકે છે, જપ્તી કરી શકે છે અને ધરપકડ પણ કરી શકે છે. આ કાયદો પશ્ચિમ બંગાળ, પંજાબ અને આસામમાં અમલી હતો જ. ઉત્તર-પૂર્વનાં રાજ્યો નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, મણિપુર અને લદ્દાખમાં પણ અમલી છે. ગુજરાત અને રાજસ્થાન આ બંને પશ્ચિમનાં સરહદી રાજ્યોમાં પણ આ કાયદો અમલમાં છે જ. તેથી મોદી સરકારે કોઈ નવો કાયદો બનાવ્યો નથી. માત્ર કેટલા વિસ્તાર લગી બોર્ડર સીક્યુરિટી ફોર્સ (બીએસએફ)ના અધિકારીઓને સત્તા આપવી તેમાં ફેરફાર કરાયો છે.

અત્યાર સુધી દરેક રાજ્ય માટે અલગ અલગ નિયમ હતો. રાજસ્થાનમાં ૫૦ કિલોમીટર સુધીના વિસ્તારમાં બીએસએફના અધિકારીઓને કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિને ત્યાં તપાસ, જડતી, જપ્તી અને ધરપકડની સત્તા હતી. ગુજરાતમાં આ સત્તા ૮૦ કિલોમીટર સુધીના વિસ્તારમાં હતી. જ્યારે પંજાબ, આસામ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ૧૫ કિલોમીટરના વિસ્તારમાં આ સત્તા બીસીએસએફને અપાઈ હતી. મોદી સરકારે હવે ઉત્તર-પૂર્વનાં રાજ્યો સિવાય બાકીનાં તમામ રાજ્યોમાં એકસરખી ૫૦ કિલોમીટર વિસ્તારમાં બીએસએફને સત્તા આપી દીધી છે.

આ નવા નિયમ પ્રમાણે પંજાબ, આસામ, પશ્ચિમ બંગાળમાં ૧૫ કિલોમીટરની મર્યાદા વધારીને ૫૦ કિમી કરાઈ છે. જ્યારે ગુજરાતમાં ૮૦ કિલોમીટરની મર્યાદા ઘટાડીને ૫૦ કિમી કરાઈ છે. જેથી આખા દેશની સરહદે એક સરખો નિયમ લાગુ થયો છે. રાજસ્થાનમાં ૫૦ કિલોમીટરની મર્યાદા પહેલાં હતી જ તેથી તેમાં ફેરફાર કરવાનો સવાલ પેદા નહોતો થતો. ઉત્તર-પૂર્વનાં રાજ્યો નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, મણિપુરમાં કોઈ મર્યાદા રખાઈ નથી. હવે બિન ભાજપ શાસિત રાજ્યોએ લીધેલા વાંધા કે વિરોધને સમજીએ તો પંજાબ અને બંગાળ બંનેએ આ નિર્ણયને દેશના ફેડરલ એટલે કે સમવાય તંત્ર પર પ્રહાર ગણાવીને આ નિર્ણય તાત્કાલિક પાછો ખેંચવા શાહને વિનંતી કરી છે. તેમની દલીલ સાવ ખોટી નથી. કેમ કે, સરહદથી પચાસ કિલોમીટર અંદરના વિસ્તારમાં ઘણો મોટો વિસ્તાર આવી જાય તેમ છે. આ વિસ્તારમાં બીએસએફની સત્તા હોય તેનો અર્થ એ થાય કે, બીએસએફ કાયદો અને વ્યવસ્થાને મામલે પોલીસને સમાંતર તંત્ર ચલાવાશે.

બીજો મુદ્દો એ પણ છે કે, બીએસએફની જવાબદારી દેશની સરહદોની સુરક્ષા કરવાની છે અને બીએસએફ અસરકારકતાથી સરહદોની સુરક્ષા કરે તો અંદર કોઈ ઘૂસી ના શકે. સરહદ પર જ જડબેસલાક બંદોબસ્ત હોય તો અંદર કોઈ આવી શકે નહીં. મોદી સરકારે જે ઘટનાનો હવાલો આપ્યો છે તેમાં સરહદ પારથી ડ્રોન છેક શ્રીનગર એરપોર્ટ સુધી આવી પહોંચ્યા હતા. જૂન મહિનામાં સળંગ બે દિવસ આવી ઘટના બની હતી. પહેલી ઘટનામાં જમ્મુ અને કાશ્મીરના જમ્મુ એરપોર્ટના ટેક્નિકલ એરિયામાં ઈન્ડિયન એરફોર્સના બેઝ પાસે ઘૂસેલાં બે ડ્રોનના કારણે ઉપરાછાપરી બે વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટકો કઈ રીતે આવી ગયાં એ મામલે હજુ ભારતનું સુરક્ષા તંત્ર અંધારામાં છે. બીજી ઘટનામાં જમ્મુના રત્નુચાક-કાલુચાક મિલિટરી એરીયામાં બીજાં બે ડ્રોન ફરતાં દેખાયાં હતાં.

રત્નુચાક-કાલુચાક જમ્મુના બહારના ભાગમાં આવેલી લશ્કરી છાવણી છે અને બ્રિગેડ હેડક્વાર્ટર છે. રત્નુચાક-કાલુચાક મિલિટરી એરીયામાં રાત્રે ચોકી કરી રહેલા જવાનો સાબદા હતા. એટલે તેમણે ડ્રોન ચકરાવા લઈ રહ્યાં છે તેની જાણ પોતાના ઉપરીઓને કરીને ફાયરિંગ શરૂ કરી દીધું હતુ. તેના કારણે ડ્રોન થોડીવારમાં ભાગી ગયાં હતા. પરિણામે કોઈ દુર્ઘટના ના બની. આ ઘટના એ વાતનો પુરાવો હતો કે, જરાક નાની ચુક પણ દેશને મોટી ખુવારી કે નુકસાન કરી શકે છે. હવે બીએસએફને વધારે સત્તા આપવાથી એ બધું રોકી શકાશે એમ મોદી સરકારને લાગે છે.  ખેર વાત ભલે ગમે તે હોય પરંતુ આ મુદ્દો દેશની સુરક્ષાનો હોવાથી સરહદનાં રાજ્યો જડ વલણ છોડીને થોડાં ફ્લેક્સિબલ થઈ જશે તો તેમાં કશું ખાટુંમોળું થઈ જવાનું નથી. આ નિર્ણય પાછળ મોદી સરકારના રાજકીય ઈરાદાનો આક્ષેપ થાય છે. પરંતુ તે અંગે ચોક્કસ કહી શકાય તેમ નથી. હાલમાં કેન્દ્રમાં મોદી સરકાર સત્તામાં છે એટલે દેશની સુરક્ષા તેની સૌથી મોટી જવાબદારી અને પ્રાથમિકતા છે. વિરોધ કરી રહેલાં રાજ્યોએ આ વાત સમજવી જોઈએ અને સુરક્ષાના મામલે લેવાતા કોઈ પણ નિર્ણયમાં સહકાર આપવો જોઈએ.

manoj1968@yahoo. ca






# પેથાપુર હત્યા કેસ: પુત્રને તરછોડયા પહેલાં પ્રેમિકાનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારાઈ

## ‘લિવ-ઈન’ સંબંધોનો કરૂણ અંજામ : વધુ એક માસુમ બાળકનું ભવિષ્ય હોમાયું

**ગાંધીનગર**

ગાંધીનગર પાસે પેથાપુરમાં સ્વામીનારાયણ મંદિરની ગૌશાળા પાસે દશ માસના માસૂમ શિવાંશને તરછોડી દેવાની ઘટનામાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો રહ્યા છે.

શિવાંશને તરછોડી ગયેલા આરોપી પિતા સચિન દિક્ષીતે શુક્રવારે સાંજે તેની પ્રેમિકા તેમજ શિવાંશની માતા મંહેદીની ગળુ દબાવીને હત્યા કરી હોવાની કબુલાત કરી છે. ગાંધીનગરનો સચિન અને મુળ જૂનાગઢની મહેંદી ઉર્ફે હિના બે વર્ષથી લીવ ઈનમાં રહેતા હતા. મહેંદી સામાજીક દરજ્જો મેળવવા આતૂર હતી અને સમાધાનો કરતી છતાં સચીન સાથે તકરાર થતી રહેતી હતી.

સોમવારથી શુક્રવાર પ્રેમિકા મહેંદી સાથે તેમજ શનિવાર અને રવિવાર પરિવાર સાથે પસાર કરવાનો સચિનનો સિલસિલો બે વર્ષથી ચાલતો હતો. પણ, શનિવારથી દસ દિવસ પરિવાર સાથે વતન જવાના મુદ્દે સચિન અને મહેંદી વચ્ચે શુક્રવારે સાંજે ઝઘડો ઉગ્ર બન્યો હતો. લિવ-ઈન સંબંધોની મર્યાદા તૂટતાં સચિન - મહેંદી વચ્ચે ઝપાઝપી થઈ હતી. સચિને આક્રોશ પૂર્વક મહેંદીનું ગળું ઘોંટી નાંખ્યું હતું. મહેંદીની લાશને નિકાલ કરવા કોથળામાં બાંધી હતી. પણ, પરિવાર સાથે વતન જવાનું હોવાથી લાશને વડોદરાના ફ્લેટના બાથરૂમમાં જ મુકી સચીન તેના પુત્ર શિવાંશન પેથાપુર મંદિરની ગૌશાળા બહાર મુકી નીકળી ગયો હતો.

# ખેડબ્રહ્મામાં પિતાએ ડામ આપી 8 માસના બાળકની હત્યા કરી

**હિંમતનગર**

ખેડબ્રહ્માના મોટીગોવિંદી ગામે ખેતમજૂરે ૮ માસના પુત્રને શરીરે ડામ, બાદમાં ગુંગળાવીને હત્યા કરી હોવાનો બનાવ ખેરોજ પોલીસ સ્ટેશને નોંધાતાં કળીયુગી પિતા સામે ફીટકારની લાગણી પ્રવર્તિ છે. પત્ની રીસામણે હોવાથી ૫ સંતાનોનું લાલન પોષણ કરવાથી ત્રાસી ક્રૂરતાપૂર્વક માસૂમ પુત્રને મોતને ઘાટ ઉતારતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. રિસાયેલી પત્ની અને પાંચ સંતાનોનું ભરણ પોષણ નહીં થતાં ખેત મજૂર પિતાએ કરેલા કૃત્ય સામે પંથકમાં ફિટકાર વરસી મોટીગોવિંદી ગામે પિતાએ બર્બરતાપૂર્વક પુત્રની હત્યા કરી નાખ્યાની ચોંકાવનારી ઘટનાથી પોલીસ સ્તબ્ધ બની છે. હાલ ઈડર તાલુકાના સદાતપુરા ગામના ખેડૂત પરિવારને ત્યાં રહી ખેતમજૂરી કરતા મહેશ ગોપીભાઈ ગમારે ૮ માસના પુત્ર ધવલને શરીરે ડામ આપ્યા હતા અને ત્યારબાદ કોઈપણ વસ્તુથી પુત્રને ગુંગળાવી મોતને ઘાટ ઉતારી નાખ્યો હતો. નિષ્ઠૂર પિતાએ શેતાની હત્યાના બનાવને અંજામ આપતાં ખેરોજ પોલીસ હરકતમાં આવી હતી. ખુદ પિતાએ જ પુત્રની હત્યા કરી હોવાનું બહાર આવતાં કોદરીબેન મહેશભાઈ ગમારની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધી આરોપીની અટક કરી લોકઅપમાં ધકેલ્યો છે.

# બહુચરાજીમાં મંદિર આઠમ નિમિત્તે રાજવી પરિવાર દ્વારા પૂજા

**બેચરાજી**

આસો સુદ આઠમ એટલે દુર્ગાષ્ટમી છે, ત્યારે શહેરના કારેલીબાગ સ્થિત પૌરાણિક બહુચરાજી માતાના મંદિર ખાતે વડોદરાના રાજવી પરિવાર દ્વારા પૂજા અર્ચના કરવામાં આવી હતી. નવરાત્રિના આઠમ થી દશેરા સુધી બહુચરાજી મંદિરમાં ભક્તોના જાહેર દર્શન બંધ રાખવામાં આવ્યા છે. પરંતુ ગાયકવાડી સરકારના સમયના મંદિરથી અહીં રાજવી પરિવાર દ્વારા પરંપરાગત રીતે માં બહુચરની પૂજા અર્ચના કરવામાં આવે છે. તે રીતે આજે મહાઅષ્ટમી એટલે કે આસો સુદ નવરાત્રિની દુર્ગાષ્ટમી નિમિત્તે રાજવી પરિવારનામહારાજા સમરજીત સિંહ ગાયકવાડ, શ્રીમતી રાધિકારાજે ગાયકવાડ તથા રાજમાતા શુભાંગીદેવી ગાયકવાડ દ્વારા પૂજા કરવામાં આવી હતી.

# ડીસાના કંસારીમાંથી 11.75 લાખના એમડી ડ્રગ્સ સાથે 4 શખ્સો ઝડપાયા

**ડીસા**

ડીસા શહેરમાંથી તાજેતરમાં જ એક શખ્સ પાસેથી એમડી ડ્રગ્સ, સ્મેક અને ગાંજો પકડાયા બાદ ગઈરાત્રે ડીસા તાલુકા પોલીસે કંસારી ત્રણ રસ્તા પાસેથી ૧૧.૭૫ લાખના મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે ચાર વ્યક્તિઓને ઝડપી લીધા છે અને આંતર રાજ્ય ડ્રગ્સ હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે.

ડીસા તાલુકા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ગઈરાત્રે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન કંસારી ટોલનાકા ઉપર રાજસ્થાન તરફથી આવતી સફેદ રંગની એક કારને પોલીસે રોકાવાનો ઈશારો કરતા કાર ચાલકે કાર ભગાવી દીધી હતી. જેથી પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા કારનું આગળનું ટાયર ફાટી જતા ટેટોડા ગૌશાળા પાસે કાર ઉભી રહી ગઈ હતી. જેથી પોલીસે દોડી જઈ કારમાંથી નાસી રહેલા ચાર ઈસમોને પકડી પાડયા હતા. જ્યારે કારની તલાશી લેતાં અંદરથી ૧૧૭.૫૫૦ ગ્રામ મેફેડ્રીંન (એમડી) ડ્રગ્સ કિંમત ૧૧.૭૫ લાખ મળી આવ્યુ હતું. જોકે પકડાયેલ શખ્સો આ ડ્રગ્સ અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શકતા તેઓની અટકાયત કરીને ડીસા તાલુકા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા તેમજ પોલીસે ડ્રગ્સ, કાર, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂપિયા ૧૫.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# પાટણમાં હિટ એન્ડ રન: પૂરપાટ ઝડપે આવતી જીપે 2 લોકોને કચડી નાખ્યા

**પાટણ**

પાટણ શહેરમાં હિટ એન્ડ રનની ચોંકાવનારી ઘટના બની છે. શહેરના જીમખાનાથી અનાવાડા રોડ પર પૂરઝડપે આવી રહેલી જીપે બે લોકોને કચડીને મોતને ઘાટ ઉતાર્યાં છે. ધમસમતી આવતી એક ખુલ્લી જીપ ઝૂપડપટ્ટીમાં ધસી ગઈ હતી. જેમાં જીપે પહેલા કપડાં ધોતી યુવતીને કચડી, પછી ખાટલામાં સૂતેલા વૃદ્ધને કચડયા હતા. બંનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. આ ઘટનાને પગલે સ્થળ પર લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. મૃતકોના નામ સહિસ્તા દાદામિયાં સૈયદ (ઉ.વ ૨૦), દિલાવર ભાઈ રશીલ બલોચ (ઉ.વ ૬૦) છે. જોકે, જીપના ચાલક ઘટના સ્થળે જ જીપ મૂકીને ભાગી ગયો હતો.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$ 9.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA
Call us for details
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# રાજકોટમાં સાસુ સાથે વારંવાર ઝઘડાથી કંટાળીને વહુ 2 પુત્રો સાથે સળગી મરી

## ત્રણેય સ્થળ પર જ ભળથું : પરિણીતા સામે બન્ને પુત્રોની હત્યા અંગે ગુનો નોંધાયો

**રાજકોટ**

કુવાડવા રોડ પરનાં સાત હનુમાન મંદિર પાછળ આવેલા નાકરાવાડી ગામનાં રહેતી દયાબેન નામની ૨૮ વર્ષની પરિણીતાએ આજે સવારે બે માસુમ પુત્ર મોહીત (૭) અને ધવલ (૪)ના શરીરે કેરોસીન છાંટયા બાદ બન્નેને સળગાવી પોતે પણ સળગી જઈ આત્મહત્યા કરી લીધી હતી. છેલ્લા કેટલાક સમયથી સાસુ સવિતાબેન સાથે રસોઈ બનાવવા બાબતે થઈ રહેલી તકરારને કારણે આગની હોળી ખેલ્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

મુળ રાજકોટ નજીકનાં પીપળીયા ગામનાં દયાબેનના લગ્ન આઠેક વર્ષ પહેલા થયા હતાં. દામ્પત્યજીવન દરમિયાન બે પુત્ર મોહીત અને ધવલની પ્રાપ્તી થઈ હતી. તેના પતિ વિજયભાઈ કેશુભાઈ ડેડાણીયા ધુળધોયા તરીકે સોની બજારમાં કામ કરે છે.

પાંચેક દિવસ પહેલા દયાબેન પાસે સાસુ સવિતાબેને ચુલો સળગાવવા માંટે માચીસ માંગી હતી. તે વખતે દયાબેને તમારી જાતે માચીસ લઈ લો તેમ કહેતા બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી.

ગઈકાલે બપોરે પણ બન્ને વચ્ચે ફરીથી રસોઈ બાબતે બોલાચાલી થઈ હતી. તે વખતે દયાબેનને પતિ વિજયને સાસુની ફરીયાદ કરતા કહ્યું કે, માજી તૈયાર ખાવાનું લઈ જાય છે. કોઈ કામ કરતા નથી. આ વાત સાંભળી વિજયે ટુંક સમયમાં આપણે અલગ રહેવા જશુ તેમ કહી પત્નિને શાંત પાડી હતી.

# કેડીસીસી બેંકની ચૂંટણીમાં ત્રણેય બેઠકો ઉપર ભાજપે વિજય મળવ્યો

## 3 બેઠકો ઉપર યોજાયેલી ચૂંટણીમાં 249 મતમાંથી 223 મતો પડ્યા

**ભુજ**

કચ્છમાં સહકારી ક્ષેત્રે મહત્વની ગણાતી કેડીસીસી બેન્ક પર ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. બેન્કના નિયામક મંડળની ૧૨ પૈકી ત્રણ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં ભાજપ પ્રેરીત ઉમેદવારો વિજેતા થયાં છે. ચૂંટણી યોજાય તે પૂર્વે જ ૯ બેઠકો ભાજપ પ્રેરીત ઉમેદવારોની તરફેણમાં બીનહરીફ જાહેર થઈ ગઈ હતી. ગત ટર્મમાં પણ તમામ ૧૨ બેઠકો પર ભાજપ પ્રેરીત ઉમેદવારો જીત્યાં હતા.

બેંકની ૩ બેઠકો ઉપર યોજાયેલી ચૂંટણીમાં ૨૪૯ મતમાંથી ૨૨૩ મતો પડયા હતા. જેના પગલે ૮૯.૫૬ ટકા મતદાન નોંધાયુ હતુ.

બેંકના વર્તમાન ચેરમેન દેવરાજ ગઢવી અને અબડાસા ખરીદ વેંચાણ સંઘના ડાયરેકટર અને જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય દેવેન્દ્રસિંહ જેઠવા વચ્ચે ખરાખરીનો જંગ હતો. દેવરાજ ગઢવીને ૮૪ મત મળ્યા હતા. જયારે દેવેન્દ્રસિંહને ૩૮ મત, અન્ય હરિભાઈ ડાંગરને ૧ મત, હરીલાલ જાટીયાને ૪૨, ત્રીજી બેઠકમાં અંબાવી વાવીયા રાપરને ૨૪, કોકિલાબેન ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ૧૭, ગજુભા વાઘેલાને ૧૪ મત મળ્યા હતા.

# 21 હજાર કરોડનું હેરોઈન કેસમાં FIR અમદાવાદની NIA કોર્ટને મોકલાઈ

**મુન્દ્રા**

મુન્દ્રા અદાણી પોર્ટ પરથી 21 હજાર કિલોના હેરોઈન કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ગુનો નોધ્યા બાદ ફરિયાદની નકલ અમદાવાદની ખાસ કોર્ટમાં મોકલી છે. જેના પગલે મુન્દ્રાની કોર્ટમાંથી અત્યાર સુધીની તપાસ સહિતના દસ્તાવેજો મંગાવવા માટેની કાર્યવાહી હાથ ધરાશે. એનઆઈએ દ્વારા ડીઆરઆઈ પાસેથી તપાસ સહિતના દસ્તાવેજો મેળવી લેવાયા હોવાનું જાણવા મળે છે. ડીઆરઆઈ દ્વારા આરોપીના રિમાન્ડ મેળવવા માટે અગાઉ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, તેમને આરોપીઓના મોબાઈલ કોલ રેકોર્ડ મળ્યા છે. વિદેશીઓ સાથે સંપર્ક વ્યક્તિઓની પણ ઓળખ કરાઈ છે.

# હળવદમાં વીજલાઇન મુદ્દે ખેડૂતોનો હલ્લાબોલ, આંદોલન છેડવા ચીમકી

**હળવદ**

વિવાદીત વડોદરા-લાકડીયા વીજલાઈન મુદ્દે આજે વધુ એક વખત હળવદનાં કંસારી હનુમાજી મંદિર પાસે ખેડૂતોએ હલ્લાબોલ કરીને કામ અટકાવ્યું હતું અને પહેલા યોગ્ય વળતર ચુકવવાની માંગ કરી હતી. આ સાથે ખેડૂતો પર અત્યાચાર થશે તો રાજ્યવ્યાપી આંદોલન છેડવાની પણ કિસાન અગ્રણીઓએ ચિમકી ઉચ્ચારી હતી. જેથી પોલીસને દોડધામ થઈ ગઈ હતી. વડોદરા-લાકડીયા વીજલાઈનનાં પોલ ખેતરોમાં નાખવા મામલે છેલ્લા ઘણા સમયથી માથાકૂટ ચાલી રહી છે. જેમાં વિજપોલ નાંખતી ખાનગી કંપની અને ખેડૂત આમને સામને આવી રહ્યા છે ત્યારે



આજે હળવદમાં ખેડૂતોના ખેતરોમાં પસાર થતી વિજલાઈન નાખતી કંપનીઓ સામે વિરોધ કરી યોગ્ય વળતર માટે માંગ કરી હતી. અન્ય ખેડૂતોની સાપેક્ષમાં હળવદના પંથકના ખેડૂતોને વળતર ન મળતું હોવાથી ખેડૂતોએ વિજપોલ નાખતી કંપનીઓ સામે બળવો પોકાર્યો હતો.

# દ્વારકામાં અંધશ્રદ્ધા રાખી અને ગરમ સળીયાના ડામ આપતા મહિલાનું મોત

**દ્વારકા**

દેવભૂમિ દ્વારકામાં અંધશ્રદ્ધામાં મહિલાનો ભોગ લેવાયો હતો. દ્વારકા-જામનગર હાઈવે માર્ગ ઉપર આવેલ ઓખા મઢી ગામની દરગાહ પાસે આવેલા સીમમાં આજે બુધવારે 25 વર્ષીય રમીલાબેન વાલાભાઈ સોલંકી નામની મહિલાને પાંચ શખ્સોએ ભુવા ભરાડાના નામે ધતિંગ કરી લોખંડની સાંકળ વડે અને સળીયાને ગરમ કરી ડામ આપ્યો હતો. અસહ્ય યાતનાઓથી દ્વારકાના આરંભડાની રમીલાબેનનું મોત નીપજ્યું હતું. અંધશ્રદ્ધાના કારણે મહિલાનું મોત થવાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો. અને ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી.



# સુરત ડિસ્ટ્રીક્ટ બેંકમાં કર્મચારીને બંધક બનાવી 10.42 લાખની લૂંટ

## સફેદ કલરની બાઇક ઉપર આવેલા ત્રણ હિન્દીભાષી લૂંટારુએ બે રિવોલ્વર બતાવી ઘટનાને અંજામ આપ્યો

**બારડોલી**

બારડોલી તાલુકાના મોતા ગામે હલધરૂ રોડ પર રહેણાંક વિસ્તારની વચ્ચે આવેલી ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકની શાખામાં બાઈક ઉપર આવેલા ત્રણ ૨૫ થી ૩૦ વર્ષના બુકાનીધારી શખ્સો બેંક મેનેજર અને ૫ કર્મચારીને રિવોલ્વરની અણીએ લોકરવાળા રૂમમાં બંધક બનાવી કેશ કાઉન્ટર પર રાખેલા રોકડા રૂ.૧૦.૪૨ લાખની લૂંટ ચલાવી હતી. લૂંટારૂઓની બાઈક બગડી જતા બાઈકને ખેંચીને દોડતા નજીકના ઘરમાં લગાવાયેલા સીસીટીવી કેમેરામાં નજરે પડયા હતા. જિલ્લા પોલીસે બેંકના અને ખાનગી સીસીટીવી ફૂટેજ કબજે કરી લૂંટ કરનારાને પકડવા દોડધામ શરૂ કરી છે.

મોતા ગામે હલધરૂ રોડ ઉપર બહુચરાજી મંદિર નજીક ચરોતરીયા લેઉવા પાટીદાર સમાજ હોલના બિલ્ડીંગમાં ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકની શાખા છે. બેંક મેનેજર તરીકે જતીન કિરણભાઈ રબારી (રહે. મઢી, તા.બારડોલી) અને કેશિયર તરીકે મીત દિનેશભાઈ પટેલ સહિત પાંચ કર્મચારી ફરજ બજાવે છે. મંગળવારે સવારે ૧૦-૩૦ વાગે મેનેજર જતીન અને તમામ કર્મચારીઓ નિત્યક્રમ મુજબ બેંકની શાખા ખોલી પોતપોતાની રીતે કામ કરી રહ્યા હતા. દરમિયાન બપોરે ૧.૩૭ કલાકે સફેદ કલરની બાઈક ઉપર ત્રણ હિન્દીભાષી ૨૫ થી ૩૦ વર્ષના શખ્સ આવ્યા હતા. જેમાંથી એક શખ્સ પ્રથમ એટીએમ મશીનમાં ગયો હતો. બે શખ્સ બેંકમાં નજર કર્યા બાદ એટીએમમાંથી નીકળેલો શખ્સ બીજા શખ્સ સાથે સીધા બેંકમાં ઘૂસી બેંક મેનેજર જતીન રબારી પાસે જઈ બે-ત્રણ થપ્પડ મારી લમણે રિવોલ્વર મુકી દીધી હતી. બીજા શખ્સે અન્ય કર્મચારીને થપ્પડ મારી રિવોલ્વર બતાવી બધાને અંદર ધકેલી દીધા હતા. મહિલા કર્મચારી સહિત તમામને લોકર રૂમમાં બંધક બનાવી દીધા હતા.

# સુડાના 170 કરોડના પ્રોજેક્ટનું CM હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે

**સુરત**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પહેલીવાર સુરત આવી રહ્યા છે. 15 ઓક્ટોબરના રોજ મહાનગરપાલિકા અને સોડાના વિવિધ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. દિવાળી પહેલા 15 ઓક્ટોબરના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરત આવીને મહાનગર પાલિકા અને સુડાના વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે. સુરત મહાનગરપાલિકાના 74.95 કરોડના કામના લોકાર્પણ કરવામાં આવશે. જ્યારે 59.64 કરોડના વિવિધ ઝોનના ખાત મુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત સુરત શહેરી વિકાસ સત્તા મંડળના 35 કરોડ રૂપિયાના કામોના ખાતમુહૂર્ત કરાશે. મુખ્ય મંત્રીપદનો સંભાળ્યા બાદ ભુપેન્દ્ર પટેલ પહેલીવાર સુરત આવી રહ્યા હોય સુરત મહાનગર પાલિકા અને સુડા દ્વારા તેમના સ્વાગત માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

# 90 લાખની ચોરીના કેસમાં નિવેદન બાદ કંપનીના કાર્પેન્ટરનો આપઘાત

## સુરતમાં બનેલી ઘટનામાં યુવાનની હત્યા થયાનો આક્ષેપ

**સુરત**

સુરતના ન્યુ સિટીલાઇટ વિસ્તારમાં બે દિવસ અગાઉ જયાંથી રોકડા 90 લાખ રૂપિયાની ચોરી થઇ હતી તે બિલ્ડર ગોપાલ ડોકાણીયાની વેસ્ટર્ન કન્સ્ટ્રક્શન નામની કંપનીની લેબર કોલોનીમાં રહેતા પરપ્રાંતિય કારપેન્ટરે ભેદી સંજોગોમાં ગળે ફાંસો ખાઇ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે.

શહેરના ન્યુ સિટીલાઇટ રોડ સ્થિત સેન્ટ થોમસ સ્કૂલની બાજુમાં આર્શીવાદ એસ્ટેટમાં આવેલી વેસ્ટર્ન કન્સ્ટ્રક્શન કંપનીની ઓફિસમાંથી બે દિવસ અગાઉ રોકડા 90 લાખ રૂપિયાની ચોરી થઈ હતી. મોંઢા પર માસ્ક પહેરેલા અને પગપાળા આવનાર બે ચોર બિન્દાસ્તપણે ડ્રોઅરમાંથી ચાવી લઇ સેફ વોલ્ટ ખોલી તેમાંથી રોકડ મત્તા ચોરીને જઇ રહ્યા હોવાથી જાણભેદુની સંડોવણીની આશંકા વચ્ચે પોલીસ તપાસ ચાલી રહી છે. જે અંતર્ગત ગત બપોરે આર્શીવાદ એસ્ટેટમાં વેસ્ટર્ન કન્સ્ટ્રક્શન કંપનીની લેબર કોલોનીમાં રહેતા અને કંપનીમાં કારપેન્ટર તરીકે કામ કરતા અજીતકુમાર ધર્મરાજ બિંદ (ઉ.વ. 21 મૂળ રહે. વિઠ્ઠલપુર, ઈલ્હાબાદ, યુ.પી) એ બપોરે 2 વાગ્યાના અરસામાં કેબલનો વાયર પંખા સાથે બાંધી ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. રૂમ પાર્ટનર ઘરે આવ્યો ત્યારે અજીતે ફાંસો ખાઇ આપઘાત કર્યાની જાણ કરતા ચકચાર મચી જવા પામી હતી અને ખટોદરા પીઆઇ તરૂણ પટેલ સહિતના અધિકારીઓ દોડી ગયા હતા. ઉલ્લેખનીય છે કે અજીતના આપઘાતના પગલે પાંડેસરા વિસ્તારમાં રહેતા તેના પિતરાઇ ભાઇએ ચોરી પ્રકરણમાં બિલ્ડરે માર મારી ફાંસીએ લટકાવી દીધાનો આક્ષેપ કર્યો હતો. જો કે પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમાં તબીબોએ અજીતનું મોત ફાંસો ખાવાથી થયું હોવાનું જણાવ્યું હતું.

# ભાજપના શાસનમાં સુરતમાં ABVPના કાર્યકરોને પોલીસે દોડાવી દોડાવીને માર્યા

## વાઇસ ચાન્સેલરની મંજૂરીથી આયોજિત ગરબા કાર્યક્રમમાં પોલીસ તૂટી પડી

**સુરત**

ભાજપના રાજમાં નર્મદ યુનિવર્સિટી કેમ્પસમાં એબીવીપી કાર્યકરોને પોલીસે દોડાવી દોડાવીને માર્યા હતા. પોલીસ વાઇસ ચાન્સેલરની મંજૂરીથી આયોજિત ગરબા કાર્યક્રમમાં તૂટી પડી હોવાનો વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો. ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓએ ઉમરા પોલીસ સ્ટેશનમાં જઈને નારાબાજી કરી હતી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓએ એક દિવસીય ગરબા કાર્યક્રમનું આયોજન સોમવારે સાંજે કર્યુ હતું. ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના નેતાઓ ગરબા કાર્યક્રમમાં ગયા હતા. કેમ્પસમાં કન્વેન્શન હોલ પાસે આવેલા ગ્રાઉન્ડમાં ગરબા માટે સાઉન્ડ સિસ્ટમ અને લાઈટિંગ સિસ્ટમ ગોઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ગરબા લઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક ઉમરા પોલીસ ત્યાં આવી પહોંચી વિદ્યાર્થીઓને કાર્યક્રમ બંધ કરવાનું જણાવ્યું હતું.

તેથી, આરએસએસની ભગિની સંસ્થા એબીવીપીના વિદ્યાર્થી નેતાઓએ દલીલ કરતાં જણાવ્યું હતું કે અમે વાઈસ ચાન્સેલરની મંજૂરી લીધી છે. ગરબા બંધ કરાવવા હોય તો વાઈસ ચાન્સેલરને રજૂઆત કરો. વિદ્યાર્થીઓએ કાર્યક્રમ બંધ રાખવાનો ઈન્કાર કરતા પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું.

# દા.ન.હવેલી લોકસભાની પેટાચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું, ચતુષ્કોણીય જંગ થશે

**વાપી**

૩૦મી ઓકટોબરના રોજ દા.ન.હવેલીમાં લોકસભાની પેટાચૂંટણીને લઈ ચિત્ર સ્પષ્ટ થયું છે. આ બેઠક પણ ચતુષ્કોણીય જંગ થશે. રાજકીય પાર્ટીઓએ ઉમેદવારોનો ચૂંટણી પ્રચાર તેજ કરી જીત માટે એડીચોટી જોર લગાવી રહ્યા છે. મોહન ડેલકરના અપમુત્યુ બાદ ખાલી પડેલી બેઠક માટે યોજાનારી પેટાચૂંટણીમાં બુધવારે પત્રકો ખેંચવાના અંતિમ દિન બાદ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. આ બેઠક પર કુલ ૧૦ ઉમેદવારી પત્રકો ભરાયા હતા. જે પૈકી લોકજન શક્તિ પાર્ટીના ઉમદવાનું પત્રક રદ અને ૩ ડમી ઉમેદવાર મળી ૪ પત્રકો રદ કરાયા હતા. અને ૨ પત્રકો પરત ખેંચી લેવાયા હતા. હવે તા.૩૦મીના રોજ યોજાનારી ચૂંટણીમાં ભાજપના મહેશ ગાવિત, કોંગ્રેસના મહેશ ધોડી, શિવસેનાના કલાબેન ડેલકર (માજી સાંસદ સ્વ. મોહન ડેલકરના પત્ની) અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના ગણેશ બાબલુભાઈ ભુજાડા વચ્ચે ચતુષ્કોણીય જંગ થશે. રાજકીય પક્ષો પોતાના ઉમેદવારને જીતાડવા પ્રચારમાં લાગી ગયા છે.




સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વડોદરામાં એક તરફી પ્રેમમાં પાગલ પતિ દ્વારા પત્ની-પુત્રીની હત્યા

**વડોદરા**

વડોદરામાં ન્યુ સમાની ચંદન પાર્ક સોસાયટીમાં તેજસ પટેલ તેના પત્ની શોભનાબેન અને 6 વર્ષીય પુત્રી કાવ્યા મકાનના ચોથા માળે રહેતા હતા. જ્યારે નીચેના ભાગે તેજસભાઈના સસરા અને સાળા રહેતા હતા. તેજસભાઈ મોલમાં નોકરી કરતા હતા. મંગળવારે રાત્રે તેજસભાઈ સુતા હતા ત્યારે તેમના પત્ની અને પુત્રી ગરબા રમી પરત આવ્યા હતા. મધરાત બાદ તેજસભાઈ એ જોયું તો માતા-પુત્રી જાગી શક્યા ન હતા. જેથી તેઓને શંકા પડતા સાળાને જાણ કરી હતી.

માતા પુત્રીને તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં મૃતક મહિલાના ગળાના ભાગે



ઈજાના નિશાન મળી આવતા શંકા વમળો સર્યા હતા. વધુમાં ઉદરનો ત્રાસ નહીં હોવા છતાં મકાનમાંથી ઉદરની દવા મળતાં પોલીસને શંકા ઉપજી હતી અને તેજસ તેનો ખૂલાસો કરવામાં ફસાયો હતો. શોભના અને તેની પુત્રી કાવ્યાના મોત નીપજતાં પોલીસે ફોરેન્સિક નિષ્ણાતોની મદદ લીધી હતી.બંનેના શરીરમાં ઝેરી દવા હોવાનું ખૂલતાં પોલીસ અને ફોરેન્સિકની ટીમો તેજસના મકાનમાં ફરી વળી હતી. આ દરમિયાન ચોથે માળે તેજસ રહેતો હતો તેની ઉપરના દાદર પર કાટમાળમાંથી ઉદર મારવાની દવા મળી આવી હતી. પોલીસે ઉદરનો ત્રાસ છે કે કેમ તેની તપાસ કરતાં આ મકાનમાં ઉદરનો ત્રાસ હતો જ નહીં તેવી માહિતી ખૂલી હતી. જેથી તેજસ પરનો શક વધુ મજબૂત બન્યો હતો. પોલીસે વધુ તપાસ કરતાં તેજસે હત્યા કરી હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. તેજસ કોઈ યુવતીના ચક્કરમાં પડયો હોવાની જાણ તેના સાળાને પણ થઈ હતી.જેથી તેના સાળા શૈલેન્દ્રસિંહે બહેન શોભનાને તેજસના અફેરની વાત કરી હતી.આ મુદ્દે પતિ-પત્ની વચ્ચે અવારનવાર તકરાર થતી હતી. જેમાં તેજસ એકતરફી પ્રેમમાં હોવાનું જાણવા મળ્યું છે.

## પતિની ગૂગલ સર્ચની હિસ્ટ્રીથી ગુનાનો ભેદ ખૂલ્યો

વડોદરાઃ પોલીસની પૂછપરછ દરમિયાન રડવાનો ઢોંગ કરતા તેજસ માટે ખુદ સાસરીયાને પણ દયા આવી ગઇ હતી.પરંતુ તેના મોબાઇલ ફોનની હિસ્ટ્રીએ તેને ખુલ્લો પાડી દીધો હતો. આખરે ડીસીપી લખધિરસિંહ ઝાલાએ તેજસની મોબાઇલ હિસ્ટ્રી ચેક કરી હતી. ગૂગલ અને યુ ટયૂબ પરની સર્ચ હિસ્ટ્રી જોઇ પોલીસ ચોંકી હતી.આ સર્ચ હિસ્ટ્રીમાં રેટ કિલર,ઝહર કૌન સા હોતા હૈ..મોત કૈસે હોતી હૈ,હાઉ ટુ ગીવ ડેથ..રેટ કિલર વોટ ઇફેક્ટ ઓન મેન પોઇઝન..ધ રેટ કિલર પોઇઝન..હાઉ ટુ કિલ અ મેન વિથ પીલો.. જેવા વિષયો મળ્યા હતા.ડીસીપીએ આ હિસ્ટ્રી બતાવતાં જ તેજસની આંખો પહોળી થઇ ગઇ હતી અને ગુનો કબૂલી લીધો હતો.

# વડોદરામાં રોગચાળો તાવના 995 કેસ, મ્યૂકોર માઈકોસિસથી 2ના મોત

**વડોદરા**

વડોદરા મ્યૂકોરમાઈકોસિસના કેસ ઘટી રહ્યા છે.ત્યારે આજે એક જ દિવસમાં મ્યૂકોરમાઈકોસિસના બે દર્દીઓના મોત થતા તંત્ર દોડતુ થઈ ગયું છે.આ બંને દર્દીઓ લાંબાસમયથી સારવાર લઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. 24 કલાકમાં કોરોનાનો એક પોઝિટિવ કેસ આવ્યો છે.જ્યારે મ્યૂકોરમાઈકોસિસમના એકપણ નવા કેસ આવ્યા નથી. કોરોના અને મ્યૂકોરમાઈકોસિસનું જોર ઘટી રહ્યું છે.મ્યૂકોરમાઈકોસિસના નવા પોઝિટિવ કેસની સંખ્યા બહુ છે.કેટલાક દિવસ તો એકપણ નવો કેસ નોંધાતો નથી.સયાજી અને ગોત્રી હોસ્પિટલમાં સારવાર લેતા બે દર્દીઓના મોત થયા છે.

# આણંદ જિલ્લામાં મનોરોગીની સંખ્યામાં ચિંતાજનક વધારો : વર્ષે 325નો ઉમેરો

**વલ્લભવિદ્યાનગર**

આણંદ જિલ્લામાં મનોરોગીઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. ૨૧મી સદીમાં સ્પર્ધાત્મક યુગ, ભાગદોડયુક્ત તણાવપૂર્ણ જીંદગી, લાગણીની શુષ્કતા, આત્મીયતાનો અભાવ, એકલતા, મગજમા રસાયણોનુ ઈન બેલેન્સ, સંબંધોની ઔપચારિકતા જેવા કારણોને લઈને મનોરોગના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો હોવાનો મત વિશેષજ્ઞોએ વ્યક્ત કર્યો છે. જેમાં આણંદ જિલ્લામા પ્રતિવર્ષએ ૩૨૫ દર્દીઓનો ઉમેરો થતો હોવાનુ પણ વિશેષજ્ઞો જણાવી રહ્યા છે.

માનવી દૈનિક રૂટીન કામગીરી, સતત દોડધામ, લાગણીની જરૂરિયાત, એકલતા, તણાવપૂર્ણ ઔપચારિક સંબંધો સહિતના કારણોને લઈને કયારેક મનની સમતુલા ગુમાવીને ગંભીર ડિપ્રેશનમાં સરી પડી કે કયારેક આત્મહત્યા કરવા સુધી પહોંચી જાય છે. ત્યારે આણંદ જિલ્લામા પ્રત્યેક વર્ષે સરકારી દફતરે ૩૨૫ જેટલા દર્દીઓ નોધાતા હોવાનુ ખુલવા પામ્યુ છે. જોકે ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવતા કે ટ્રીટમેન્ટ નહીં મેળવતા દર્દીઓનુ પ્રમાણ પણ ચિંતાજનક રહેવા પામ્યુ છે. જીવન આજે જેટયુગની ગતિએ આગળ વધી રહ્યુ છે. ત્યારે શ્રમિક વર્ગ, ખેતશ્રમિકો, ગૃહિણીઓ, કર્મચારીઓ, રાજકારણીઓ, સમાજસેવકો, કોર્પોરેટ ક્ષેત્રના સીઈઓ તણાવગ્રસ્ત અવસ્થામાં જીવી રહ્યા છે.

# નડિયાદના 7 ખેલાડીની આંતરરાષ્ટ્રીય રમત વોટરપોલો માટે પસંદગી

**નડિયાદ**

નડિયાદ : નડિયાદના સાત ખેલાડીઓની આંતરરાષ્ટ્રીય રમત વોટરપોલો માટે પસંદગી થઈ છે. ઓલિમ્પિકની વોટરપોલો રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતની ટીમ તરીકે ગુજરાતનાં તમામ જિલ્લામાંથી ૧૩ ખેલાડીઓની પસંદગી થઈ છે. જેમાં નડિયાદના સાત ખેલાડી સામેલ છે. આંતરરષ્ટ્રીય સ્તરે ઓલિમ્પિક સ્પર્ધાની રમત વોટરપોલો માટે નેશનલ લેવલની ગુજરાતની ટીમ માટે ખેલાડીઓની પસંદગી થઈ હતી. તારીખ ૧૭મી ઓક્ટોબરનાં રોજ રાષ્ટ્રીય સ્તરની આ રમતની સ્પર્ધા બેંગ્લોર ખાતે યોજાશે. જેમાં નડિયાદના આ સાત ખેલાડી પણ ભાગ લેશે.

# બોરસદના હત્યા કેસમાં આરોપીને આણંદ કોર્ટે 6 વર્ષની સજા ફટકારી

## 4 વર્ષ પહેલા થયેલી તકરારમાં 7 શખ્સોએ હુમલો કર્યો હતો

આણંદ : આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ભાદરણીયા ગામે લગભગ ચાર વર્ષ પૂર્વે ગરબા નીહાળી રહેલ યુવકો વચ્ચે થયેલ તકરારમાં સાત જેટલા શખ્શોએ ભેગા મળી એક વ્યક્તિ ઉપર હુમલો કરતા ગંભીર રીતે ઘવાયેલ યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું. આ બનાવમાં આણંદની કોર્ટે ભાદરણીયા ગામના એક શખ્શને તકસીરવાન ઠેરવી છ વર્ષની સાદી કેદની સજાનો હુકમ સંભળાવ્યો છે. જ્યારે અન્ય છ યુવકોને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવાયા હતા.

બોરસદ તાલુકાના ભાદરણીયા ગામે રહેતા પ્રકાશભાઈ રમેશભાઈ સોલંકી અને જયેશભાઈ ગત તા.૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રાત્રીના સુમારે ગામમાં ચાલી રહેલા ગરબા નિહાળવા ગયા હતા. વહેલી પરોઢના સુમારે તેઓ ગરબા નીહાળવા બેઠા હતા ત્યારે ગામમાં રહેતા સંજય ઉર્ફે ભીમો ઠાકોરભાઈ પટેલે ત્યાં આવી અહીં ગરબા જોવા કેમ બેઠા છો તેમ કહી જાતિવાચક અપશબ્દો બોલ્યા હતા. દરમ્યાન ચિંતન કિરણભાઈ પટેલ ધવલ ઉર્ફે બોબો ભુપેન્દ્રભાઈ ઉર્ફે રમેશભાઈ પટેલ, પિન્કેશ ઉર્ફે જીગ્નેશ ઠાકોરભાઈ પટેલ, ઋત્વીક ઉર્ફે તેજસકુમાર અરવિંદભાઈ પટેલ, રિકેન ઉર્ફે બચુભાઈ સુરેશભાઈ પટેલ અને દિપેશ ઉર્ફે દીપો મનુભાઈ પટેલ ત્યાં આવી ચઢ્યા હતા અને ઝઘડો કરી સંજય ઉર્ફે ભીમો પ્રકાશભાઈ સોલંકીનું ગળુ પકડી અન્ય આરોપીઓએ ભેગા મળી એક સંપ કરી જયેશભાઈને ઉચકીને વરંડાની દિવાલ સાથે પછાડી ગડદાપાટુનો માર મારતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

# વડોદરાનો હાઈપ્રોફાઈલ બળાત્કાર કેસઃ પાલીતાણા સુધી તપાસનો રેલો પહોંચશે

**વડોદરા**

વડોદરા શહેરમાં ચકચાર જગાવનાર હાઈપ્રોફાઈલ દુષ્કર્મ મામલે મુખ્ય આરોપી અશોક જૈનને સાથે રાખી પોલીસ તપાસ માટે લોનાવલા, પૂના અને ગોવા રવાના થઈ હતી. હવે બુધવારે તેને પરત લાવી તે પછી અમદાવાદ ધોલેરા અને પાલીતાણા ખાતે તપાસ અર્થે લઈ જવાશે.

વડોદરાની ખાનગી યુનિવર્સિટીમાં ભણતી યુવતીએ પાવાગઢ ટ્રસ્ટ મંદિરના ટ્રસ્ટી રાજૂ ભટ્ટ અને જાણીતા CA અશોક જૈન સામે 19 સપ્ટેમ્બરે ગોત્રી પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. આરોપી અશોક જૈનને સાથે રાખી પુનામાં તપાસ શરૂ કરવામાં આવી છે. અશોક જૈન મુંબઈથી પુના ટેકસીમાં ગયો હતો. 8 દિવસ પુનામાં પેઈંગગેસ્ટ તરીકે રોકાયો હતો.

અત્રે નોંધનીય છે કે અશોક જૈનની પાલિતાણામાંથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે અશોક જૈનના રિમાન્ડ મેળવવા તેને કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટમાં રિમાન્ડના 11 મહત્ત્વના મુદ્દાઓ રજૂ કરાતા કોર્ટે આરોપી અશોક જૈનના 16 ઓક્ટોબર બપોરે 3 વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જ્યારે બીજો આરોપી રાજુ ભટ્ટ જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ જેલમાં છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market. Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY CLOSED : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

स्वदेश

09

FRIDAY, 15 OCTOBER, 2021

## આર્યનનો જેલવાસ લંબાયો જામીન અરજી પર ચુકાદો 20 ઓક્ટોબર પર મોકૂફ



મુંબઈ : બોલીવૂડના સુપરસ્ટાર શાહરૃખ ખાનના પુત્રઆર્યન ખાનની જામીન અરજીની પર આદેશ ૨૦ ઓટોબર પર મોકૂફ રાખવામાં આવ્યો હોવાથી આર્યનનો જેલવાસ લંબાયો છે. વિશેષ એનડીપીએસ કોર્ટના જજ વી. વી. પાટીલે બન્ને પક્ષની જોરદાર દલીલો સાંભળ્યા બાદ સુનાવણી ગુરુવાર પર રાખી છે. એનસીબીએ દાવો કર્યો છે કે તેમને આર્યન ખાનની લિંક કેફી દ્રવ્યના ગેરકાયદે પ્રાપ્તિ અને વિતરણ સાથે હોવાનું જણાયું છે. આર્યન ખાને ડ્રગ્સનો સ્રોત મેળવ્યો હતો. અને વિદેશમાં કેટલાંક લોકોના સંપર્કમા ંહતો. જેઓ આંતરરાષ્ટ્રીય ડ્રગ નેટવર્કનો ભાગ છે. વોટ્સએપ ચેટ્સસ પરની જણાયું છે કે આર્યનના મોટા પ્રમાણમાં વિદેશી હાર્ડ કેફી દ્રવ્ય માટે નાગરિકો સાથે સંપર્કમાં હતો. આર્યનને શુક્રવારની આર્થર રોડ જેલમાં રખાયો છે અને તે હાલ અદાલતી કસ્ટડીમાં છે.

# હેમાજી સાથે સરખામણી કરવી સારી, પરંતુ મારું પોતાનું પણ એક વ્યક્તિત્વ છે: કિયારા અડવાણી



કિયારાને હેમા માલિની સાથે પણ તેની સરખામણી સાથે સરખામણી થઈ રહી છે. એક ઈન્ટરવ્યૂમાં વાતચીત દરમિયાન વાત કરી કે હેમા માલિની સાથે મારી સરખામણી કરવી એ સારી વાત છે પરંતુ મારુ પોતાનું પણ એક વ્યક્તિત્વ છે. કિયારાની પોસ્ટમાં હંમેશા તેની સરખામણી હેમા માલિની સાથે કરવામાં આવી છે, લોકોએ કહ્યું કે તે કિયારા ડ્રીમ ગર્લ સાથે મળતી આવે છે.

કિયારાએ આ વિશે વાત કરતા કહ્યું કે, હેમાજી સાથે સરખામણી કરવામાં આવે તે મારા માટે સન્માનની વાત છે. હું ખૂબ ખુશ છું પરંતુ સાચું કહું તો કોમ્પ્લિમેન્ટ હંમેશા વિચિત્ર લાગ્યું છે. ખબર નહી આની પર કેવી રીતે રિએક્ટ કરું. પરંતુ મારું એક અલગ જ વ્યક્તિત્વ છે. હું જેવી દેખાઉ છું, મને તે પસંદ છે.

## મની લોન્ડરિંગ કેસમાં નોરા અને જેકલીનને EDનું તેડું

એક પછી એક બોલીવુડ સ્ટાર્સ પર મુશ્કેલીનો વાદળ ઘેરાઈ રહ્યા છે. જ્યાં એક તરફ શાહરુખનો પુત્ર આર્યન ખાન ડ્રગ્સના કેસમાં ફસાયેલો છે. તો ઘણા સ્ટાર્સ મની લોન્ડરિંગ કેસમાં ફસાઈ રહ્યા છે. તાજેતરમાં, ED એ સુકેશ ચંદ્રશેખર કેસમાં બોલીવુડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝ અને નોરા ફતેહીને સમન્સ મોકલ્યા છે. જ્યાં જેકલીન ફર્નાન્ડિસની આ કેસમાં બીજી વખત પૂછપરછ કરવામાં આવી રહી છે. પૂછપરછમાં જોડાવા માટે ગઈકાલે એમટીએનએલ ખાતે ઈડી ઓફિસમાં બોલાવવામાં આવ્યા છે. તો નોરાને આ પ્રથમ સમન્સ છે. ઈડીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, નોરા કેન્દ્રીય એજન્સીની



પૂછપરછમાં સામેલ થશે કે નહીં તે હજુ નક્કી નથી. સુકેશે જેકલીન અને નોરાને જેલની અંદરથી કાવતરું કરીને ફસાવવાનો પ્રયાસ કર્યો હતો. સુકેશ ચંદ્રશેખર અને તેની કથિત પત્ની અભિનેત્રી લીના પાલ તિહાર જેલની અંદરથી 200 કરોડ રૂપિયાની ઉચાપત કરવા બદલ જેલમાં બંધ છે.












હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## દુનિયાભરના શ્રીમંત લોકો ટેક્સ હેવન ગણાતા દેશોમાં મોટાપાયે ગુપ્ત રીતે રોકાણમાં વ્યસ્ત

# પનામા બાદ પેન્ડોરા : કંપની-ટ્રસ્ટો કરચોરીના ઠેંકાણા

પ્રાસંગિક
ધવલ શુક્લ

તાજેતરમાં પન્ડોરા પેપર્સમાં ૧૪ કંપનીના લાખો દસ્તાવેજ લીક થતાં કર્ણભેદી વિસ્ફોટ થયો છે. આ સાથે જ દુનિયાભરના પોલિટિશ્યનો, અબજોપતિઓ અને અન્ય ક્ષેત્રની નામી હસ્તીઓ ટેક્સ બચાવવા માટે કેવા-કેવા પેંતરા કરે છે, કેવા-કેવા ગતકડાં કરે છે, કઈ રીતે ટેક્સ હેવન્સનો ઉપયોગ કરે છે તે બહાર આવ્યું. તેમાં ભારતની ૩૦૦ જેટલી હસ્તિઓના નામ છે. આવનારા દિવસોમાં વધુ નામનો ધમાકો થઈ શકે છે. પેન્ડોરાના બોક્સમાંથી નીકળેલા કાગળીયામાંથી જાણવા મળ્યું છે કે, ટેક્સ ચોરી માટે દેશ-વિદેશમાં ૨૯,૦૦૦ કંપનીઓ અને ટ્રસ્ટ સ્થાપવામાં આવ્યા છે. વિવિધ દેશના વેપારીઓ, નેતાઓ, ઉદ્યોગપતિઓ, ખેલાડીઓ અને કલાકારોએ છુપાવેલા ધનને એક્સપોઝ કરવાનું પરાક્રમ ઈન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઑફ ઈન્વેસ્ટિગેશન જર્નલિઝમ દ્વારા કરાયું છે. અત્યાર સુધીની આ સૌથી મોટી વૈશ્વિક તપાસ છે. જેમાં ૧૪૦ મીડિયા હાઉસે ભાગ લીધો હતો. ૬૪ લાખ દસ્તાવેજ, ૩૦ લાખ તસવીર, ૧૦ લાખ ઈમેઈલ અને પાંચ લાખ સ્પ્રેડશીટ્સ તપાસવામાં આવી રહી છે.

જેમાં કરચોરોમાં અનિલ અંબાણી, નીરવ મોદીની બહેન કિરણ મજુમદાર, સચિન તેંડુલકર સહિત અનેક મોટા-મોટા નામ છે. પનામા કૌભાંડ બહાર આવ્યા પછી ધનકુબેરોએ પૈસા છુપાવવાની મોડસ ઓપરેન્ડી બદલી નાખી છે. સચિન તેંડુલકરે પનામા પેપર્સ લીક થયાના ત્રણ જ મહિનામાં બ્રિટિશ વર્જિન આઈલેન્ડમાં પોતાની હિસ્સેદારી વેચી નાખી હતી. હવે, કરચોરો વિદેશમાં શેલ કંપની સ્થાપવાને બદલે એકથી વધારે ટ્રસ્ટ સ્થાપીને તેમાં પૈસા છુપાવી રહ્યા છે. જેમાં ભારતના કરચોરો એકલા નથી. રશિયા, અમેરિકા, મેક્સિકો સહિત ૧૩૦ દેશોના ધનિકો પણ આ જ કારભાર કરે છે. જોર્ડનના રાજા, યુક્રેન, કેન્યા અને ઈકવાડોરના રાષ્ટ્રપતિ, ચેક રિપબ્લિકના પ્રધાનમંત્રી અને બ્રિટનના પૂર્વ પ્રધાનમંત્રી ટોની બ્લેયરનું પણ નામ તેમાં સામેલ છે.

કમસેકમ ૩૫ દેશના રાષ્ટ્રપતિઓનું નામ ટેક્સ ચોરીમાં લેવાઈ રહ્યું છે. આ ઉપરાંત ૧૦૦૦ એવી વિદેશી કંપનીઓ જે ૩૩૬ મંત્રીઓ, નેતાઓ અને સરકારી અધિકારીઓ દ્વારા ઊભી કરવામાં આવી છે તેનો ઉલ્લેખ પણ પેપર્સમાં કરાયો છે. પેન્ડોરા પેપર્સમાં બહાર આવ્યું છે કે, પનામાની લિગલ ફર્મ એલ્કોગોલની મદદથી કમસેકમ ૩,૯૨૬ બોગસ કંપનીઓ સ્થાપવામાં આવી છે. આ બાબતમાં વિવિધ બેન્કોએ પણ મદદકર્તાની ભૂમિકા ભજવી છે. અમેરિકાની બેન્ક



મોર્ગન સ્ટેનલીએ બ્રિટિશ વર્જિન આઈલેન્ડમાં ૩૧૨ કંપનીઓની સ્થાપના કરાવી છે. બ્રિટનના મહારાણી એલિઝાબેથની આવક તેમની ખાનગી એસ્ટેટ ડચી ઓફ લેન્કેસ્ટરના માધ્યમથી થાય છે. આ કંપનીએ બર્મુડા અને કેમન દ્વીપ ઉપર ૧ કરોડ પાઉન્ડનું ગેરકાયદે રોકાણ કર્યું છે. અમેરિકાની સુપ્રસિદ્ધ ગાયિકા મેડોનાએ મેડિકલ સપ્લાય કંપનીમાં રોકાણ કરીને ટેક્સ ચોરી કરી છે. અભિનેત્રી કાયરા નાઈટલીએ જર્સીની એક કંપનીમાં પૈસા છુપાવ્યા છે. અઝરબેઈજાનના રાષ્ટ્રપતિના પરિવારે બ્રિટનમાં ૪૦ કરોડ ડોલરની સંપત્તિ છુપાવી છે.

ધનિકો પૈસા છુપાવા માટે ટેક્સ હેવન્સમાં એક ડબ્બા કંપની ઊભી કરે છે. એ કંપની થકી બીજી કંપની અન્ય દેશમાં બનાવે છે અને તે કંપની થકી ઈચ્છિત ક્ષેત્રમાં રોકાણ કરે છે. જેના કારણે અસલમાં કોના પૈસા છે અને કોને રોકાણ કર્યું છે તે ખબર પડતી નથી. બ્રિટનમાં નામ છુપાવી શકાય એવી ઑફશોર કંપની બનાવવી સૌથી સહેલી છે. તેનું કારણ એ છે કે ત્યાં કાયદામાં સુવિધા રૂપી છિંડા રહેલા છે. અમુક કંપનીઓનું કામ જ ઑફશોર કંપની બનાવવાનું હોય છે. આના માટે તે પૈસા લે છે. દુનિયાભરમાં ૫.૬ ટ્રિલિયન ડોલરથી લઈને ૩૫ ટ્રિલિયન ડોલર સુધીની રકમ એટલે કે અંદાજે રૂ. ૨૭૦૦ લાખ કરોડ જેટલી રકમ ઑફશોર કંપનીઓમાં સંતાડવામાં આવેલી હોવાનો અંદાજ છે.

આ એ જ પૈસા છે જેના ૩૦ ટકા પણ ટેક્સ રૂપે ચૂકવવામાં આવે તો દુનિયાના કરોડો ગરીબોને ઘર મળી જાય, કરોડોને નોકરી મળી જાય, અનાજ મળી જાય, શિક્ષણ મળી જાય અને દવા મળી જાય. છેલ્લા સાત વર્ષમાં ફિન્સ એન્ડ ફાઈલ્સ, પેરેડાઈઝ પેપર્સ, પનામા પેપર્સ, લક્સ લિક્સ, પેનડોરા પેપર્સ એમ એક પછી એક ધડાકા થયા છે પણ દુનિયાના દેશોએ તેમાંથી ધડો લઈ આવું થતું અટકે એ માટેની કોઈ વ્યવસ્થા ઉભી કરી નથી. આ પેપર્સ આઈલેન્ડ, પનામા, બેલિઝ, સાયપ્રસ, સંયુક્ત આરબ અમિરાત, સીંગાપોર અને સ્વીત્ઝર્લેન્ડની ૧૪ કંપનીમાંથી લીક થયા છે. વિદેશોમાં ૯૫ હજાર જેટલી બોગસ કંપનીઓ સ્થાપીને ટેક્સ છુપાવવામાં આવ્યો છે.

**કર ચોરી માટે દુનિયાના અનેક ધનિકો દ્વારા દેશ-વિદેશમાં 29,000 કંપનીઓ અને ટ્રસ્ટ સ્થપાઈ ગયા, પન્ડોરા પેપર્સમાં 300થી વધારે ભારતીયોના નામ સામેલ**

ઈન્ટરનેશનલ કન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ્સ (આઈસીઆઈજે)એ એક કરોડ ૨૦ લાખ દસ્તાવેજોની એક વર્ષ સુધી તપાસ કરીને આ ખુલાસો કર્યો છે. હકીકતમાં પનામા પેપર્સના ખુલાસા બાદ ધનકુબેરોએ પોતાની સંપત્તિ છુપાવવા માટે નવા રસ્તા શોધી લીધાં છે જે અંગેની જાણકારી પેન્ડોરા પેપર્સમાં આપવામાં આવી છે. આઈસીઆઈજેના દાવા અનુસાર દુનિયાના અનેક ઉદ્યોગપતિઓ વિદેશોમાં ટ્રસ્ટ સ્થાપિત કરી રહ્યાં છે જેથી પોતાના નાણાને જુદાં જુદાં હિસ્સામાં વહેંચીની સરકારની નજરોમાંથી બચાવી શકે. જેમાં ભારત, રશિયા, અમેરિકા અને મેક્સિકોસહિત અનેક દેશોના ૧૩૦ અબજોપતિઓ સામેલ છે. આ દસ્તાવેજોમાં ઓછામાં ઓછા ૩૫ વર્તમાન અથવા ભૂતપૂર્વ રાષ્ટ્રાધ્યક્ષોના નામ સામેલ છે.

આઈસીઆઈજેનું કહેવું છે કે ધનકુબેરો દુનિયાના દરેક ભાગમાં સક્રિય છે. અમેરિકા સહિત દુનિયાના સૌથી શ્રીમંત દેશોની આર્થિક રાજધાનીઓ આમાં સામેલ છે. પેન્ડોરા પેપર્સ બહાર આવતા ફરી વખત ઑફશોર કંપનીઓ અને ટેક્સ હેવન દેશો જેવા નામ ચર્ચામાં આવ્યાં છે. ટેક્સ હેવન એવા દેશને કહેવામાં આવે છે જે રાજકીય અને આર્થિક રીતે સ્થિર માહોલમાં વિદેશી વ્યક્તિઓ કે કોર્પોરેટ્સને સાવ નજીવા ટેક્સના દરે રોકાણ કરવાની સગવડ કરી આપે છે. આવા દેશોમાં આવક ઉપર કોઈ પ્રકારનો ટેક્સ લાગતો નથી. વળી, આવા દેશોમાં ટેક્સ સંબંધી લાભ ઊઠાવવા માટે એ દેશમાં રહેવાની કે ન તો એ દેશમાં બિઝનેસ ઓપરેટ કરવાની જરૂર પડે છે. કોઈ બીજા દેશમાં રહેતાં અને બીજે ક્યાંય પણ વેપાર કરતા લોકો પણ આવા દેશોની બેંકોમાં પૈસા રાખી શકે છે. સ્વીટ્ઝર્લેન્ડ, હોંગકોંગ, મોરેશિયસ, મોનાકો, પનામા, બહામાસ, એન્ડયોરા, બર્મૂડા, બ્રિટીશ વર્જિન આઈલેન્ડ્સ, કેમેન આઈલેન્ડ્સ, ચેનલ આઈલેન્ડ્સ, કૂક આઈલેન્ડ, લિંકેસ્ટાઈન બેલીઝ જેવા દેશો ટેક્સ હેવન દેશોની યાદીમાં આવે છે.

ભારત સરકારે અગાઉ કહ્યું હતું કે પનામા પેપર્સ અને પેરેડાઈઝ પેપર્સમાં જેમના નામ બહાર આવ્યાં છે તેમની તપાસ થઈ રહી છે. પરંતુ પનામા પેપર્સ અને એ પછી પેરેડાઈઝ પેપર્સમાં જેમના નામ બહાર આવ્યાં હતાં તેમની વિરુદ્ધ કોઈ કાનૂની કાર્યવાહી થઈ હોવાનું જાણમાં નથી.

ખરેખર તો ભારતમાં એવો કાયદો જ નથી જે સાબિત કરે કે આવા રોકાણ કાયદેસર છે કે ગેરકાયદે. ભારતમાં ડબલ ટેક્સેશનલ અવોયડન્સ એગ્રીમેન્ટ છે. જે અંતર્ગત એવા દેશો જ્યાં ભારતની સરખામણીમાં ટેક્સ રેટ ઘણો ઓછો છે ત્યાં કંપનીઓ અને કોર્પોરેટ્સમાં ઈન્વેસ્ટ કરનારા લોકો ટેક્સ રેસિડેન્સી સર્ટિફિકેટનો ઉપયોગ કરીને કાયદેસર રીતે ટેક્સ છૂટનો લાભ લઈ શકે છે.

# પ્રથમ પુણ્યતિથિએ
# શ્રધ્ધાંજલી



**સ્વ. કનુભાઈ પરસોત્તમભાઈ પટેલ** બહાદરપુર (હાલ કેનેડા)
**સ્વર્ગવાસ તા. ૯-૧૦-૨૦૨૦ શુક્રવાર, આસો વદ સાતમ્**

શાંત, ખુબ જ મહેનતુ, પ્રેરણાદાયી અને સહનશીલ સ્વભાવ સાથે જીવન જીવ્યા
કે સૌ જોયા કરેં. વિદાય એવી અણધારી લીધી કે મન માનતુ નથી...
પ્રભુ તેમના દિવ્ય આત્માને સદાય શાંતિ આપે તેવી
ભગવાન શ્રી યોગેશ્વરને પ્રાર્થના.

**લિ.**

- ગં.સ્વ. ઉર્મિલાબેન કનુભાઈ પટેલ
- દિક્ષિતભાઈ કનુભાઈ પટેલ
  416-831-0362
- વિરેનકુમાર હસમુખભાઈ પટેલ
  647-561-4694
- કૃતિકાબેન દિક્ષિતભાઈ પટેલ
- યાજ્ઞીક દિક્ષિતભાઈ પટેલ
- ચક્ષુલાબેન વિરેનકુમાર પટેલ
- મુકેશભાઈ નટવરભાઈ પટેલ
- સોનલબેન મુકેશભાઈ પટેલ
- રમેશભાઈ પરસોત્તમભાઈ પટેલ
- ચિરાગભાઈ રમેશભાઈ પટેલ

# વેસ્ટર્ન ડ્રેસીસ અને તેનું ફ્યૂઝન મચાવશે ધૂમ

ઇન્ડો વેસ્ટર્ન ડ્રેસીસ યંગ જનરેશનમાં હોટ ફેવરિટ છે. તેને પહેરીને સ્ટાઇલિશ લુક મેળવી શકો છો ઈન્ડિયન અને વેસ્ટર્ન લુકનું ફ્યૂઝન એટલે ઇન્ડો વેસ્ટર્ન. ઇન્ડો વેસ્ટર્ન ડ્રેસીસ આજકાલ યંગ જનરેશનમાં હોટ ફેવરિટ છે, કારણ કે ઇન્ડો વેસ્ટર્ન ડ્રેસીસ યુનિક અને વધારે આર્કિષત લાગે છે. દરેક વ્યક્તિ ડિફરન્ટ કપડાં પહેરવાનું પસંદ કરે છે જેથી તે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની શકે. તહેવારમાં ટ્રેડિશનલ ન પહેરવું હોય તો ઇન્ડો વેસ્ટર્ન પહેરીને સ્ટાઇલિશ લુક મેળવી શકો છો. કેવા પ્રકારનું ફ્યૂઝન કરીને સ્ટાઇલિશ લુક મેળવી શકાય એ જાણીએ.



### ધોતી સ્કર્ટ સાથે નેટ જેકેટ

ધોતી પેટર્નનો આજે ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ધોતીની સાથે મેળ ખાતા રંગનું ડિઝાઇનર ટોપ પહેરી શકો. આ ટોપ બહુ લાંબું કે બહુ ટૂંકું ન હોવું જોઇએ. કમર સુધીનું હોય તો બેસ્ટ. એના ઉપર નેટ જેકેટ પહેરી લો. નેટ જેકેટ અવેલેબલ ન હોય તો તમે કોઇપણ જેકેટ પહેરી શકો. ધોતીમાં ડિફરન્ટ પેટર્ન અને ડિઝાઇન ઉપલબ્ધ છે. પ્લેન અને પ્રિન્ટેડ તમને ગમે એ પ્રકારની ધોતી પસંદ કરો. આ ઇન્ડો વેસ્ટર્ન ડ્રેસમાં તમે ફેશનપરસ્ત લાગશો. ધોતીમાં કમ્ફર્ટેબલ પણ રહેશો.

### પ્લાઝોની સાથે ક્રોપ ટોપ

પ્લાઝો આજની માનુનીઓમાં ઇન ટ્રેન્ડ છે. પ્લાઝોમાં યુવતીઓ કમ્ફર્ટેબલ રહે છે. સામાન્ય રીતે પ્લાઝો સાથે કુરતી પહેરાતી હોય છે. પણ યુનિક લુક મેળવવા માટે પ્લાઝોની સાથે કુરતી પહેરવાને બદલે પ્રિન્ટેડ લોન્ગ શ્રગ કે લોન્ગ જેકેટ પહેરી શકો છો. જેમાં ક્રોપ ટોપ અને પ્લાઝો વધારે સુંદર લાગે છે. આ ફ્યૂઝન સુંદર પણ લાગશે અને તમને પહેરવાની મજા પણ આવશે.

### ઇન્ડો વેસ્ટર્ન જમ્પસૂટ

ઇન્ડો વેસ્ટર્ન જમ્પસૂટ ઇન્ડિયન વેર અને વેસ્ટર્ન વેર બંનેમાં ઉપલબ્ધ છે. તમે જમ્પસૂટમાં વેસ્ટર્ન જમ્પસૂટ પહેરતી અનેક છોકરીઓને જોઈ હશે, કારણ કે વેસ્ટર્ન જમ્પસૂટમાં તે આકર્ષક લાગે છે, પરંતુ તહેવારમાં વેસ્ટર્ન જમ્પસૂટને બદલે ઇન્ડિયન જમ્પસૂટ પહેરવાનું પસંદ કરો.

### પ્લેન પ્લાઝો સાથે રફલ ટોપ

તમારા મનગમતા કલરનો પ્લેન પ્લાઝો લો. તેની સાથે મેળ ખાતા રંગનું રફલ ટોપ પહેરો. સામાન્ય રીતે આપણે રફલ ટોપ જિન્સ સાથે પહેરતા હોઇએ છીએ અને પ્લાઝો સાથે લોંગ કુરતી પહેરીએ છીએ, પરંતુ તહેવારમાં અનોખો લુક મેળવવા આ પ્રકારના મિક્સ એન્ડ મેચ આઉટફિટ પહેરો. તમે ડિફરન્ટ અને આકર્ષક લાગશો.

### એમ્બ્રોઇડરી જેકેટ સાથે લોંગ ટોપ

આજકાલ એમ્બ્રોઇડરી જેકેટ ફેમસ છે. તેને કોઇપણ ડ્રેસ, ટોપ કે કુરતી સાથે પહેરી શકાય છે. ડેનિમ જિન્સની સાથે લોંગ ટોપ પહેરો અને એની સાથે એમ્બ્રોઇડરી જેકેટ. મિરર વર્ક કર્યું હોય એવાં જેકેટ પણ મળે છે, એ પણ ટ્રાય કરી શકો. આ ફ્યૂઝન તમને પરફેક્ટ લુક આપશે.



## મેકઅપ કરતી વખતે આ ભૂલ ન કરશો

**વારંવાર ફેસ વોશ :** મેકઅપ કરતાં પહેલાં ચહેરો સ્વચ્છ કરવો જોઇએ, પરંતુ વારંવાર ચહેરો ધોવાથી તમારા ચહેરાની ભીનાશ નાશ પામશે તથા સ્કિન શુષ્ક થઇ જશે. પરિણામે મેકઅપ સારો લાગવાને બદલે ડ્રાય ડ્રાય લાગે છે. તેથી મેકઅપ કરતાં પહેલાં એક જ વખત ફેસવોશથી ચહેરો સાફ કરવો જોઈએ.

**શુષ્ક ત્વચા પર ન કરો મેકઅપ :** મેકઅપ ક્યારેય ડ્રાય સ્કિન પર ન કરવો જોઇએ. શુષ્ક ચહેરા ઉપર મેકઅપ કરવાથી તમારા ચહેરાનો નિખાર નાશ પામે છે તેથી મેકઅપ કરતાં પહેલાં ચહેરા ઉપર મોઇશ્ચરાઇઝર જરૂર લગાવો. સ્કિનમાં મોઇશ્ચરાઇઝર ઊતરે પછી ચહેરા પર મેકઅપ કરો. જેમની ત્વચા શુષ્ક છે તેમણે ત્વચાને અનુરૂપ મેકઅપની પસંદગી કરવી જોઇએ. વધારે પડતું ફાઉન્ડેશન લગાવવાનું ટાળવું જોઇએ.



ઓછા પ્રકાશમાં મેકઅપ ન કરો : મેકઅપ કરીએ ત્યારે પ્રોપર પ્રકાશ ચહેરા ઉપર પડવો જોઇએ. નહીંતર ચહેરા ઉપર ક્યાંક વધારે અને ક્યાંક ઓછો મેકઅપ લાગી જાય છે.

**ખોટી રીતે કન્સીલર લગાવવું :** મહિલાઓ ચહેરા પરના ડાર્ક સર્કલ અને ધબ્બા છુપાવવા માટે કન્સીલરનો ઉપયોગ કરે છે. ક્યારેક વધારે પડતાં કન્સીલરનો ઉપયોગ કરી લે છે. ડાર્ક સર્કલ પર એકથી વધારે વખત કન્સીલર ન લગાવો. એક વખત કન્સીલરને બ્લેન્ડ કરીને સુકાવા દો પછી જરૂર લાગે તો બીજી વખત કન્સીલરનો ઉપયોગ કરો.

**વધારે ફાઉન્ડેશન :** મેકઅપમાં ફાઉન્ડેશન જરૂરી છે, પરંતુ વધારે ફાઉન્ડેશન લગાવવાથી મેકઅપમાં ક્યાંક ક્યાંક ક્રેક પડી ગઇ હોય એવું લાગે છે. તેથી હળવું ફાઉન્ડેશન લગાવો. તમે કન્સીલર અને ફાઉન્ડેશન મિક્સ કરીને લગાવી શકો છો. ફાઉન્ડેશન તમારી સ્કિન સાથે મેળ ખાતું હોય એવું જ પસંદ કરો.

**આઈબ્રોનો યોગ્ય શેપ:** મેકઅપમાં આંખનો મેકઅપ સૌથી વધારે અગત્યનો હોય છે. ચહેરાની આઇબ્રોને યોગ્ય શેપ આપવો જરૂરી છે. પ્રયત્ન કરો આઇબ્રોનો શેપ સામાન્ય રહે. આઇબ્રોને શેપ આપવા ઇચ્છો છો તો લાઇટ પેન્સિલનો ઉપયોગ કરો. પેન્સિલની જગ્યાએ બ્રશનો ઉપયોગ પણ કરી શકો.

**ચહેરા અનુસાર મેકઅપની કરો પસંદગી :** મેકઅપ કરતી વખતે ચહેરાની સેન્સિટિવિટીને ધ્યાનમાં લઇને મેકઅપ પ્રોડક્ટની પસંદગી કરો. એવી મેકઅપ આઇટમનો ઉપયોગ ન કરો જેનાથી તમારા ચહેરાને નુકસાન થાય.

## પેટમાં વારંવાર ગરબડ થાય છે અપનાવો આ ઘરગથ્થુ નુસખા



- નિયમિત નારિયેળ પાણી પીઓ. નારિયેળ પાણીમાં એવા એન્ઝાઈમ્સ હોય છે જે પાચનક્રિયાને સારી રાખે. વળી નારિયેળ પાણી પીતા રહેવાથી તમારું પાચનતંત્ર હાઈડ્રેટેડ રહેશે.
- સવારે નરણા કોઠે એક કપ જીરાનું પાણી પીવાનું રાખો. તેમાં એન્ટિસેપ્ટિક ગુણ હોવાથી આંતરડાંમાં કોઈ બેક્ટેરિયા વગેરેનો ચેપ હશે તો દૂર થશે. જમ્યા પછી ચપટી અજમો ખાવાથી પણ આવો જ લાભ થશે.
- દિવસમાં બે વખત એક વાટકી ભરીને દહીં ખાવાથી પાચન સરખું થઈ જશે. પેટની સમસ્યાઓ ધીમે ધીમે દૂર થઈ જશે. દહીંમાં ચપટી મીઠું અને કાળા મરીનો ભૂકો નાંખીને લેવાથી અન્ય સમસ્યા પણ નહીં થાય.
- રોજ જમતાં જમતાં એક ગ્લાસ પાણીમાં એક ચમચી સફજનનો સરકો નાંખીને પીવાથી પેટ ભારે ભારે નહીં લાગે.
- જમતાં પહેલાં આદુંનો એક ઈંચનો ટુકડો ચાવીને ખાવાથી પાચન સુવાંગ થઈ જશે. રાત્રે સૂતી વખતે એક ગ્લાસ દૂધમાં એક ચમચી સૂંઠ પાઉડર નાંખીને પીવાથી પણ પાચનમાં લાભ થશે.
- ભોજનની સાથે તાજા ફુદીનાની ચટણી ખાવાનું રાખશો તો પેટને લગતી સમસ્યાઓ દૂર થઈ જશે. ઉપરાંત બીલીનું શરબત રોજેરોજ એક કપ પીવાથી પણ પાચનતંત્ર સુધરી જાય છે અને પેટની સમસ્યાઓ દૂર થઈ જાય છે.
- રોજ જમ્યા પછી મોસંબી કે નારંગીનો જ્યૂસ અથવા લીંબુ પાણી લેવાનું રાખો. તેથી લિવર સુધરશે અને પાચનમાં ફયદો થશે.

## ઓનલાઈન શોપિંગ ફ્રોડ



તહેવાર આવતા જ લોકો શોપિંગ શરૂ કરે છે. જેમાં લોકો મોટે ભાગે ઓનલાઈન શોપિંગ કરે છે કારણકે તેમાં ઘણી આકર્ષિત ઓફર હોય છે. પરંતુ બેસ્ટ ઓફર જોવાની સાથે ઘણી સાવચેતી પણ રાખવી ખૂબ જ જરૂરી છે નહિતર તમે સાયબર ફ્રોડ ના શિકાર બની શકો છો.

હાલની એક ઘટના મુજબ સાયબર ફ્રોડના શિકાર બનેલા વ્યક્તિ પર ન કોઈ કોલ આવ્યો કે ન એણે કોઈને પાસવર્ડ આપ્યો હતો પરતું તેના એકાઉન્ટ માંથી લાખો રૂપિયા ઉપડી ગયા. જેમાં ઓનલાઈન શોપિંગ ટ્રાન્ઝેશન થયું હતું. આ ઘટના બિહારના ગોપાલગંજની છે. જેમાં 12 દિવસમાં 62 લોકો સાયબર ફ્રોડ ના શિકાર બન્યા છે. સાયબર ઠગ કરનારાઓ રોજ અવનવા ઉપાય અજમાવે છે. પહેલા તેઓ આધાર લીંક કરવાના બહાને લોકોને કોલ કરતા હતા અથવા તો ડેબીટ કાર્ડ એક્સપાયર થઈ ગયો છે એવું જણાવીને લોકો પાસેથી એકાઉન્ટની માહિતી લઈ લેતા હતા. પછી એકાઉન્ટ માંથી રૂપિયા ઉપાડી લેતા હતા. પરતું આ ઘટના મુજબ કોઈ OTP કે કોલ વગર જ લાખો રૂપિયા ઉપડી ગયા.

એક કેસ મુજબ ભોગ બનેલા વ્યક્તિના ક્રેડીટ કાર્ડ માંથી OTP વગર 70 હજારની ઓનલાઈન શોપિંગ થઈ ગઈ. બેંક તરફથી તેને મેસેજ મળ્યા મુજબ આ ઓનલાઈન શોપિંગ ફ્રોડ ગુડગાંવમાં થયો હતો. બીજા કેસ માં એક વખત 76 હજાર અને બીજી વખત 25 હજાર એમ 1 લાખ થી વધુ અને ત્રીજા કેસ માં 67 હજાર થી વધુનો ઓનલાઈન શોપિંગ ફ્રોડ થયો હતો. તમામ કેસની માહિતી મળતા સાયબર ક્રાઈમ ડીપાર્ટમેન્ટ એ ભોગ બનેલા લોકો પાસેથી માહિતી લઈને કાર્યવાહી શરુ કરી છે.

એક સાયબર એક્સપર્ટ તરીકે મારી સલાહ છે કે આપણા ફોન નંબર બેંક એકાઉન્ટ, આધાર કાર્ડ તથા આઈડેન્ટી કાર્ડ સાથે એમ ઘણી રીતે લિંક થયેલા હોય છે. તેથી ડેબીટ/ક્રેડીટ કાર્ડ અંગેની માહિતી કોઈ પણ વ્યક્તિને આપવી ન જોઈએ. ઓનલાઈન શોપિંગ કરતી વખતે પણ ધ્યાન રાખવું કે આપણે જે-તે વેબસાઈટ પરથી શોપિંગ કરીએ છીએ એ વેબસાઈટ ટ્રસ્ટેડ છે કે નહિ અને લોભામણી જાહેરાતોમાં ન આવવું જોઈએ.

@beinghumanmj

**કવયિત્રી : હિના મોદી**
**શીર્ષક : સંબંધ**

મારા તે જીવતરની લીલીછમ ડાળખી પર
પંખી બેઠું ને ખર્યું પાન...
લાગણીનાં પૂર કંઈ ધસમસતાં એવાં
આવ્યાં,
ડૂબ્યું હદયનું જહાજ.
બાંધીને પ્રિતડી જોયું કે જગમાં
સંબંધોની નીતિ છે આજ.
અમને તો પાનખર ભાવી, ને ના જામ્યું
વસંતે આ ભમરાનું ગાન.
આંસુનાં ફોરાંની ભીનાશે સીંચી પણ
મારી આ ડાળખી સૂકાઈ.
સંબંધો બંધાયા, બંધાયા બંધન કંઈ
પુષ્પોની પાંદડી બિડાઇ.
બંધનની બેડીઓ તૂટતાં ફરી થાશે
પાંદડાનો લીલોછમ વાન.

# અનિલ સ્ટાર્ચના અમોલ શેઠનું 1000 કરોડનું ફૂલેકું

## 12 ટકા વ્યાજના દરે પેટા કંપનીઓમાં રોકાણ કરાવી 'ધક્કા બેન્ક'ના ચેક આપ્યા!

**અમદાવાદ**

અનિલ સ્ટાર્ચના અમોલ શેઠે આયોજનપૂર્વક રોકાણો કરાવીને સેંકડો સામાન્ય રોકાણકારોનું 1000 કરોડ રૂપિયાનું ફૂલેકું ફેરવ્યું છે. વાર્ષિક 12 ટકા વ્યાજના દરે પેટા કંપનીઓમાં રોકાણ કરાવી સામાન્ય રોકાણકારોને ધક્કા બેન્કના ચેક પકડાવી દીધા હતા. પેટા કંપનીઓમાં રોકાણ કરાવીને પાકતી મુદતના ચેકો આપી નાણાં નહીં આપીને છેતરપિંડી કર્યાની એક પછી ફરિયાદો થઈ રહી છે.

વિતેલા ચાર વર્ષ દરમિયાન સીઆઈડી ક્રાઈમ, શહેરકોટડા, નવરંગપુરા અને માણસામાં સાત ફરિયાદો નોંધાઈ હતી પણ રાજકીય દબાણથી કાર્યવાહી થઈ નહોતી. ક્રાઈમ બ્રાન્ચે અમોલ શેઠ (ઉ.વ. 53)ને ઝડપી ત્રણ દિવસમાં બે ફરિયાદ નોંધી છે. વસ્ત્રાપુરના રોકાણકારના 14.50 લાખ પછી ચાંદખેડાના પરિવાર સાથે 1.55 કરોડની છેતરપિંડી કરાયાની ફરિયાદ નોંધાઈ છે.

અનિલ સ્ટાર્ચ મીલ લિ. ઉપરાંત પેટા કંપનીઓના નામે રોકાણકારોને વર્ષે 12 ટકા વ્યાજના દરે પૈસા મેળવવામાં આવતાં હતાં. નાણાં રોકવાની અવેજીમાં ગેરંટી તરીકે અનિલ ટ્રેડકોમ લિ. કે અન્ય પેટા કંપનીના ઓથોરાઈઝની સહીવાળી બિલ ઓફ એક્સચેન્જની રિસિપ્ટ અને મકાઈ ખરીદીના રિટેઈલ ઈનવોઈસ તથા પાકતી મુદતના બેન્કના ચેકો આપવામાં આવતા હતા.

પાકતી મુદતે નાણાં આપવાનો વિશ્વાસ સંપાદન કરી મેળાપિપણામાં સુઆયોજીત કાવતરૂં રચી અનેક રોકાણકારોના પૈસાનું બિલ ડીસ્કાઉન્ટમાં રોકાણ કરાવી મુડી અને વ્યાજ સાથે નાણાં પરત નહીં કરી પૈસા અંગત ઉપયોગમાં વાપરી નાંખી વિશ્વાસઘાત, છેતરપિંડી કરાયાની બે ફરિયાદો ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ છે.


કલાસીફાઈડ / Classified

MANAGER REQUIRED FOR MOTEL
Manager Required for 29 rooms **Motel** in Toronto. Or **Motel** can be given on lease to operate. Accommodation will be provided
**Contact: Ken Patel : 416-931-2434**


## ગુજરાતમાં દિવાળી બાદ ધો.1 થી 5ના વર્ગો શરૂ કરવાની વિચારણા

ગાંધીનગર : સરકાર 1 થી 5ના ઓફલાઈન વર્ગો શરૂ થવાના સંકેત આરોગ્ય વિભાગના અધિકારીઓના રિપોર્ટ બાદ મંત્રી વાઘાણીએ આપ્યા છે. સતત ઘટી રહેલા પોઝિટિવ કેસોને જોતા સરકાર પણ છૂટછાટ આપી રહી છે.

## એપ્રિલ માસમાં મૃત્યુ પામેલી મહિલાના ફોન પર મેસેજ, 'વેક્સિન સક્સેસફુલ'

**સુરત**

રાંદેર ઝોનમા રહેતાં ઈલાબેન પટેલને કોરોના થતાં તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. થોડા દિવસની સારવાર હાદ ઈલાબેન પટેલનું 13 એપ્રિલના રોજ મૃત્યુ થયું હતું. ત્યાર બાદ છેલ્લા કેટલાક દિવસથી સુરત મ્યુનિ. તંત્ર દ્વારા ઈલાબેનના ફોન પર તમારે બીજા ડોઝનો સમય થઈ ગયો છે તેથી જલ્દી નજીકના વેક્સીનેશન સેન્ટર પર જઈને વેક્સીન લઈ લેવી તેમ કહેવામાં આવે છે. ચારેક વખત ફોન આવ્યા બાદ મૃતકના પતિએ કહ્યું મારી પત્નીનું એપ્રિલ માસમાં મોત થયું છે તો વેક્સીન કોને આપવાની? ત્યાર બાદ ફોન આવતાં બંધ થયાં પરંતુ આજે અચાનક જ મૃતકના મોબાઈલ પર મેસેજ આવ્યો કે તમારૂ વેક્સીનેશન સકસેસફુલ્લી થઈ ગયું છે. આ મેસેજ જોઈને પરિવારના સભ્યો ચોંકી ગયાં છે. પાલિકા તંત્ર દ્વારા વેક્સીનેશનની કામગીરી 100 ટકા પુરી થઈ ગઈ હોવાનો દાવો કરવામા આવે છે પંરતુ આવી રીતે કેટલાક લોકો જેઓ મૃત્યુ પામ્યા છે અથવા વેક્સીનેશન સેન્ટર સુધી પહોંચ્યા જ નથી તેમને પણ વેક્સીનેશનના મેસેજના અગાઉ પણ કિસ્સા સામે આવી ચૂક્યા છે. જેથી વેક્સિનેશનના આંકડામાં ગોટાળા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

## ગુજરાતમાં ચાર જગ્યાએ સી પ્લેનની ફીઝીબીલીટીની ચકાસણી કરાશે

**સુરત**

સરકાર દ્વારા સુરતના વિયર કમ કોઝવે સહિત ચાર જગ્યાએ સી પ્લેન શરૂ થઈ શકે કેમ? તે અંગે કનેક્ટીવીટીની ચકાસણી કરશે. સુરત આવેલા ગુજરાત સરકારના મંત્રીએ કહ્યું હતું કે, સુરતના વિયર કમ કોઝવે, અમદાવાદ સાબરમતી 2 વિર ફ્રન્ટ ઉપરાંત ઉત્તર ગુજરાત અને ગુજરાતમાં કુલ ચાર જગ્યાએ સી પ્લેન શરૂ થઈ શકે કે નહીં તે માટે ફીજીબીલીટીની ચકાસણી કરવાની કામગીરી આગામી દિવસોમાં કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતના દરેક તાલુકામાં એક હેલીપેડ હોય તે પ્રકારનું આયોજન કરવામાં આવશે.

## ગોંડલ માર્કેટીંગ યાર્ડની ચૂંટણીમાં તમામ 16 બેઠકો અંકે કરતો ભાજપ

**ગોંડલ**

ગોંડલ માર્કેટ યાર્ડની યોજાયેલ ચૂંટણીનું પરીણામ જાહેર થતાં કોંગ્રેસનાં પંજાને કચડી ભાજપે તમામ બેઠકો કબ્જે કરી યાર્ડ પર ફરી સતા હાંસલ કરી છે. છેલ્લા ૨૫ વર્ષથી ભાજપે યાર્ડમાં સત્તા જાળવી રાખી છે.

તાલુકા જીલ્લા પંચાયત અને નગરપાલીકા બાદ હવે માર્કેટ યાર્ડમાં પણ કોંગ્રેસનો સફાયો બોલાવતાં ગોંડલ પંથકમાં કોંગ્રેસનાં અસ્તિત્વનો સવાલ ઉભો થવા પામ્યો છે. ખેડૂત વિભાગની દશ બેઠકોની ચુંટણી અધિકારી અધ્યક્ષતામાં યોજાયેલ મત ગણતરીમાં ભાજપની પેનલ ને ૫૧૮૩ મત મળ્યાં હતા. જ્યારે કોંગ્રેસની પેનલને ૧૯૯ મત મળ્યાં હતાં. કુલ ૬૧૬ મતદારો પૈકી ૫૮૨ મતદારો એ મતદાન કર્યુ હતું. ૨૪ મત ૨દ થયાં હતાં અને બે મત નોટામાં ગયાં હતાં,કોંગ્રેસનાં એક ઉમેદવારને માત્ર ૧૪ મત મળ્યા હોય તેની ડીપોઝીટ ડુલ થવાં પામી હતી. અગાઉ વેપારી તથા ખરીદ વેચાણ સંઘ વિભાગ માં તમામ છ એ છ બેઠકો બિનહરીફ થવા પામી હતી.જેમાં કોંગ્રેસ પ્રેરિત કોઈ ઉમેદવારો ના હોય ભાજપ ના ઉમેદવારો બિનહરીફ થવા પામી હતી.

# દરિયાપુરમાં મળેલી જાહેરસભામાં ઇંદુચાચાએ જાહેરાત કરી, તા. 17-08-58થી 'શહીદ સ્મારક સત્યાગ્રહ' શરૂ થશે

ગતાંકથી શરૂ

**સ્મારક સત્યાગ્રહનાં મંડાણ**

તા. ૮-૮-૫૮ના રોજ મુકાયેલી ખાંભીઓ અને તે પછી તેને તોડવાના સરકારે ભરેલાં પગલાંને પરિણામે જે ઉશ્કેરાટનું વાતાવરણ શહેરમાં ફેલાયું અને કોઈની કલ્પનામાં પણ ન આવે એટલાં વ્યાપક તોફાનો થયાં. જે અમદાવાદે થોડા સમય પહેલાં જ ભયાનક અશિસ્તનાં દર્શન કરાવેલાં છે એ જ અમદાવાદ સૌ કોઈને અચંબામાં નાખી દે તે રીતે શાંતિ સત્યાગ્રહ દ્વારા ટુકડીઓ મોકલે તેવા એક અજોડ અને ઐતિહાસિક સ્મારક સત્યાગ્રહની શરૂઆત કરવાનું નક્કી થયું. આ સત્યાગ્રહના સંચાલન માટેની જવાબદારી જયંતી દલાલને સોંપવામાં આવી હતી.

તા. ૧૬-૮-૫૮ના રોજ દરિયાપુરમાં મળેલી જાહેરસભામાં ઇંદુચાચાએ જાહેરાત કરી કે, તા. ૧૭-૮-૫૮થી 'શહીદ સ્મારક સત્યાગ્રહ' શરૂ થશે. તે દિવસે સવારે ૮ વાગે પ્રથમ ટુકડી માણેકચોક તિલક મેદાનથી નીકળશે તેમજ આ રીતે ત્યાર પછી રોજે રોજ સવારના ૮ના ટકોરે ગુજરાતના ગામેગામથી આવેલી સત્યાગ્રહીઓની ટુકડી તેમાં ભાગ લેશે.

તા. ૧૭-૮-૫૮ના રોજ રવિવારે સવારના ૮ વાગે પ્રથમ ટુકડી માણેકચોક તિલક મેદાનમાં આવી પહોંચી. માણેકચોક તિલક મેદાનમાંથી ભદ્ર તરફ ટુકડી રવાના થઈ, ત્યારે પાનકોર નાકા સુધી રસ્તાની બંને બાજુ હજારો નાગરિક ભાઈ-બહેનો ઊભાં હતાં. ત્રણ દરવાજાની ભદ્ર તરફની બાજુએ ૧૪૪ની કલમનો અમલ જાહેર થયેલો જ હતો, પરંતુ વધારામાં ત્રણ દરવાજાની અંદર પાનકોર નાકા સુધી કર્ફ્યુનો અમલ પણ જાહેર થયો હતો અને તેથી પાનકોર નાકા આગળથી રસ્તાનો પોલીસે કબજો કરી લીધો હતો. જાણે લડાઈનું મેદાન હોય તેવું દશ્ય ઊભું થઈ ગયું. વાહનવ્યવહાર બિલકુલ બંધ હતો. બજારો પણ બંધ હતાં. પાનકોર નાકાથી આગળ રસ્તા ઉપર એક ધોળો પટ્ટો ચીતરેલો હતો, તેને વટાવીને સત્યાગ્રહી ટુકડી સિવાય કોઈએ આગળ જવાનું નથી તેવી સમજ સ્વયંસેવકોએ સૌને આપી હતી. આથી ટુકડી પાછળ આવતા હજારો લોકો જ્યારે રસ્તા ઉપરના ધોળા પટ્ટા પાસે આવ્યા અને જ્યારે ટુકડીના સભ્યોએ ધોળો પટ્ટો ઓળંગીને આગળ કૂચ કરી ત્યારે સૌના ભારે આશ્ચર્યની વચ્ચે લોકો ત્યાં જ રોકાઈ ગયા અને એક અદ્ભુત શિસ્તનું દર્શન તે વખતે થયું. નેતાઓની ધરપકડો થઈ.




**સત્યાગ્રહ શરૂ**

હવે રોજેરોજ સત્યાગ્રહીઓની ટુકડી ચાલુ થઈ ગઈ. રોજના સિલસિલા પ્રમાણે સવારે ૮ના ટકોરે સત્યાગ્રહીઓ હાજર થઈ જાય. જયંતી દલાલ તેમને સૂચના આપીને વિદાય કરે, સત્યાગ્રહીઓ પ્રતિબંધિત હુકમનો ભંગ કરે અને પોલીસ તેમને પકડીને કોર્ટમાં રજૂ કરે. ચોથી કોર્ટના મેજિસ્ટ્રેટ તેમને સજા કરે એવો સંપૂર્ણ શાંત-શિસ્તમય અને વ્યવસ્થિત 'શહીદ સ્મારક સત્યાગ્રહ' શરૂ થઈ ગયો. શહીદ સ્મારક સત્યાગ્રહ શરૂ થઈ ગયો હતો તેની મોટી અસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટકર્તાઓ ઉપર પણ થઈ અને તેમના ઉપર પ્રજાકીય દબાણ વધવા માંડયું, કેમ કે જનતા પરિષદના ટેકાથી તેઓ ચૂંટણી લડયા હતા.

તા. ૧૯-૮-૫૮ના રોજ આ પરિસ્થિતિથી અકળાઈને અમદાવાદના મેયર ચીનુભાઈ ચીમનલાલ શેઠને મેયરપદેથી છેવટે રાજીનામું આપવું પડયું. તો બીજી બાજુ શહેરના ડે. મેયર ચંદ્રકાંત છોટાલાલ ગાંધી અને બીજાઓએ એક માસમાં શહીદ સ્મારક રચવાનો ઠરાવ મ્યુ. બોર્ડમાં કરી દીધો. તેમણે વધુમાં કોંગ્રેસ હાઉસ સામે જનતા પરિષદને શહીદ સ્મારક રચવા પરવાનગી આપવામાં આવે છે તેમ પણ જાહેર કર્યું. કોર્પોરેશનની સભામાં કે. ટી. દેસાઈએ આ ઠરાવ મૂક્યો હતો. ત્યારે આ જ વખતે મેયર ચીનુભાઈ ચીમનલાલ શેઠે રાજીનામાના પત્રમાં જણાવ્યું કે, સ્મારક રચવાનું પસંદ હોવા છતાં તેના ચોક્કસ સ્થળ વગેરેનો નિર્ણય નહીં થઈ શકવાથી આ પ્રશ્ન લંબાયો છે, પરંતુ શહેરના નાગરિક જીવનમાં વિવાદ થાય તેવો નિર્ણય લેવો તેમાં શાણપણ નથી તેથી મેયર તરીકે હું હટી જાઉં છું. આ ઘટનાનાં વર્ષો બાદ અમદાવાદમાં લાલ દરવાજા પાસે આવેલા જૂના કોંગ્રેસ હાઉસ સામે એક ખૂણામાં શહીદ સ્મારકની રચના થઈ જે દૂધમલ વિદ્યાર્થીઓએ મહાગુજરાત માટે આપેલા બલિદાનની સાક્ષી તરીકે ઊભી છે.


દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

# ભારતમાં યુકેના યાત્રીઓને ક્વોરન્ટાઈન રહેવાનો નિયમ રદ

નવી દિલ્હી : ભારતથી આવતા મુસાફરોએ લીધેલી કોવિશિલ્ડ વેક્સીનને માન્ય નહીં રાખવી, બાદમાં રસીના પ્રમાણપત્ર સામે વાંધો ઉઠાવી ભારતથી આવતા મુસાફરોને યેનકેન પ્રકારે પરેશાન કરનાર બ્રિટન સામે ભારતે પણ જેવા સાથે તેવાની નીતિ અપનાવતા યુકેથી આવતા મુસાફરો માટે ૧૦ દિવસ સુધી કોરન્ટાઈન રહેવાનો નિયમ દાખલ કરી દેતાં બ્રિટન ભારે કફોડી સ્થિતિમાં મૂકાઇ ગયું હતું, પરંતુ હવે બ્રિટન ભારતના આક્રમણ વલણ સામે ઝૂકું પડયું હતું અને ભારતથી આવતા મુસાફરા માટે લાગુ કરાયેલા આકરા નિર્ણયો પાછા ખેંચી લેતા ભારતે પણ બ્રિટનના આ નિર્ણય સામે નમતુ જોખીને યુકેથી આવતાં મુસાફરો માટે દાખલ કરાયેલા આકરાં નિયમો પાછા ખેંચી લીધા હતા.

કોવિશિલ્ડ રસી લઇને ભારતથી આવી રહેલાં મુસાફરો માટે ફરજિયાત ટેસ્ટિંગ અને ૧૦ દિવસ



સુધી કોરન્ટાઈન રહેવાના નિયમોને બ્રિટનની સરકારે પાછા ખેંચી લેતાં ભારત સરકારે પણ ૧૧ ઓક્ટોબરના રોજ તેની કોવિડ-૧૯ સંબંધી ચેકિંગ, ટેસ્ટિંગ અને અન્ય પ્રતિબંધો ધરાવતી તેની ટ્રાવેલ એડવાઈઝરીને પાછી ખેંચી લીધી હતી જેના કારણે ભારત અને બ્રિટન એમ બંને દેશોમાં અવર-જવર કરનારા મુસાફરોને ઘણી મોટી રાહત મળી હતી.

## ભારતમાં બાળકોને કોરોનાની રસી મુકવાનુ શરૂ કરાશે

કોરોના વાયરસ સામે બાળકોની રસીને ભારતમાં મંજૂરી આપી દેવામાં આવી છે. આગામી મહિનાથી આ રસી બાળકોને લગાવવાનુ શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. એક ન્યૂઝ ચેનલના અહેવાલ પ્રમાણે નવેમ્બર મહિનાના બીજા સપ્તાહથી બાળકોનુ રસીકરણ શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા ભારત બાયોટેકની બાળકો માટેની કોરોના વેક્સીનને ગઈકાલે મંજૂરી આપવામાં આવી હતી. હવે આ રસી મુકવાનુ નવેમ્બર મહિનાના બીજા સપ્તાહથી શરૂ થાય તેવી શક્યતા છે. સૌથી પહેલા ઓછી રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા તેમજ ગંભીર બીમારીઓથી પિડાતા બાળકોને આ રસી મુકવામાં આવશે. ગંભીર બીમારીઓનુ લિસ્ટ આગામી ત્રણ સપ્તાહમાં તૈયાર કરવામાં આવશે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા સૂત્રોનુ કહેવુ છે કે, વેક્સીનના પ્રભાવ અને તેની સલામતીને લગતા ડેટાના આધાર પર બાળકો માટે પ્રાથમિકતા આપવાનુ લિસ્ટ તૈયાર કરવામાં આવશે. આ લિસ્ટ બાળકોના રસીકરણ અભિયાનનુ કરોડરજ્જુ સાબિત થશે. સાથે સાથે એ જાણવુ પણ જરૂરી છે કે, ભારત બાયોટેક કંપની બાળકો માટેની રસીના કેટલા ડોઝ શરૂઆતમાં ઉપલબ્ધ કરાવી શકશે તથા આગામી ત્રણ મહિનામાં કેટલા ડોઝ ઉપલબ્ધ રહેશે. એક વખત આ વાતની ખાતરી થઈ જાય તે બાદ નવેમ્બર મહિનાના બીજા કે ત્રીજા સપ્તાહથી બાળકોનુ રસીકરણ શરૂ કરાશે. સૂત્રોનુ કહેવુ છે કે, અમારી મુખ્ય ચિંતા રસીકરણમાં વિઘ્ન ના આવે તે છે.

## યુપીમાં કિશોરી પર પિતા સહિત 28નો રેપ, બસપાના નેતા સામેલ

લખનઉ

યુપીમાં રેપની એક ચોંકાવનારી ઘટનામાં 17 વર્ષની કિશોરીએ પોતાના પિતા સહિત 28 લોકો સામે રેપ કરવાનો આરોપ મુક્યો છે.

આ ફરિયાદના આધારે લલિતપુર પોલીસે 28 લોકો સામે ગુનો નોંધ્યો છે. આરોપીઓના લિસ્ટમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ વાદી પાર્ટીના નેતાઓનો પણ સમાવેશ થાય છે. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે, જ્યારે હું છઠ્ઠા ધોરણમાં ભણતી હતી ત્યારે મારા પિતાએ મને પોર્ન વિડિયો બતાવીને શારીરિક સબંધ બાંધવા માટે કહ્યુ હતુ. જોકે મેં આવુ કરવાનો ઈનકાર કરી દીધો હતો. એ પછી મારા પિતા મને નવા કપડા ખરીદવાની અને ગાડી ચલાવવાનુ શીખવાડવાની લાલચ આપીને મોટર સાયકલ પર લઈ ગયા હતા અને મારી સાથે ખેતરમાં રેપ કર્યો હતો. સાથે સાથે ધમકી આપી હતી કે, આ વાત કોઈને કહી તો જાનથી મારી નાંખીશ. તેણે એવો પણ આરોપ મુક્યો છે કે, પિતાએ એક દિવસ મને હોટલમાં લઈ જઈને નશીલો પદાર્થ ખવડાવીને એક મહિલાને સોંપી દીધી હતી. આ મહિલાએ મને એક રૂમમાં બેસાડી દીધી હતી.

## 12 કરતાં વધારે કંપનીઓનું ખાનગીકરણ, વિનિવેશ કરવાની મોદી સરકારની યોજના

### વિનિવેશ દ્વારા 1.75 લાખ કરોડ રૂપિયા હાંસલ કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રખાયું

નવી દિલ્હી

એર ઈન્ડિયાના વેચાણની સાથે જ છેલ્લા 17 વર્ષોમાં પહેલી વખત કોઈ સરકારી કંપનીનું સફળ ખાનગીકરણ થયું છે. આના પહેલા 2003-04ના વર્ષમાં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળી એનડીએ સરકાર ખાનગીકરણમાં સફળ થઈ હતી. આ સાથે જ હવે એ વાતની સંભાવના વધી ગઈ છે કે, સરકાર હવે પોતાના ખાનગીકરણ અને વિનિવેશ લક્ષ્ય પર ઝડપથી આગળ વધશે. 2021-



2022ના નાણાકીય વર્ષ એટલે કે, માર્ચ 2022 સુધીમાં મોદી સરકારની યોજના અડધો ડઝનથી વધારે કંપનીઓનું ખાનગીકરણ કે વિનિવેશ કરવાની છે.

મોદી સરકારે શરૂઆતથી જ સુધાર ઉન્મુખ અને ખાનગીકરણની પક્ષધર સરકારની છબિ બનાવી છે. સરકારના નીતિ નિયંતાઓનું માનવું છે કે, અનેક સેક્ટર એવા છે જેમાં સરકારી કંપનીની જરૂર નથી. સરકારે બિઝનેસમાં ન હોવું જોઈએ. આ જ રીતે સતત ખોટમાં ચાલી રહેલી કંપનીઓનું ખાનગીકરણ કે વિનિવેશ કરી દેવામાં આવે તે જ યોગ્ય છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વિનિવેશ દ્વારા 1.75 લાખ કરોડ રૂપિયા હાંસલ કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે.

## શિવકુમારે 500 કરોડની લાંચ લીધી, વીડિયો વાયરલ થતાં કર્ણાટક કોંગ્રેસમાં થયો ભૂકંપ

### કોંગ્રેસના એમ. એ. સલીમ અને વી. એ. ઉગરપ્પાની વાતોમાં ગેરરીતિનો ઉલ્લેખ

બેંગાલુરુ : કર્ણાટક કોંગ્રેસમાં બુધવારે ભૂકંપ મચી ગયો હતો જેના કારણે કોંગ્રેની સ્થિતિ અત્યંત કફોડી થઈ ગઈ હતી. સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થઈ ગયો છે જેમાં કોંગ્રેસના મીડિયા કો-ઓર્ડિનેટર એમ.એ સલીમ અને લોકસભાના ભૂતપૂર્વ સાંસદ અને હાલ પક્ષના પ્રવક્તા વી. એ. ઉગરપ્પા એકબીજાની સાથે વાત કરતાં સાંભળી શકાય છે અને તેઓની વાતચીતમાં કર્ણાટક પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ડી. કે. શિવકુમાર



જ્યારે રાજ્યમાં મંત્રી હતા ત્યારે તે એક મસમોટા કૌભાંડમાં સંડોવાયેલા હોવાની વાતચીત સાંભળી શકાય છે. ટૂંકમાં શિવકુમાર ઉપર તેમના જ પક્ષના નેતાઓએ લાંચ લેવાનો ગંભીર આરોપ મૂક્યો હતો. આ નેતાઓની વાતચીતનો વીડિયો હાલ તો કોંગ્રેસ માટે શરમથી માથુ ઝૂકાવી દેનારો બન્યો છે. આ વીડિયોની વાતચીતમાં બંને નેતાઓએ શિવકુમાર ખુબ મોટી લાંટ લેતા હોવાનું કહેતા સાંભળી શકાય છે. પોતાની વાતચીત દરમ્યાન આ નેતાઓએ શિવકુમારને શરાબી હોવાનું પણ કહ્યું હતું. વીડિયોમાં આ નંતાઓ એમ કહેતા સાંભળી શકાય છે કે શિવકુમારના સહયોગીએ કૌભાંડ આચરીને ૧૦૦ કરોડની કમાણી કરી હતી.

## નોઈડામાં ઓનલાઈન સેક્સ રેકેટમાં ઈસમની ધરપકડ, 4 યુવતીને બચાવાઈ

નવી દિલ્હી

ગૌતમબુદ્ધ નગર પોલીસના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે વ્હોટ્સએપના માધ્યમથી ઓન ડિમાન્ડ દેહ વ્યાપાર કરાવતી એક ટોળકીના મુખ્ય સૂત્રધારની ધરપકડ કરી છે. પોલીસે ઘટના સ્થળેથી 4 યુવતીઓને પણ કસ્ટડીમાં લીધી છે. પોલીસે કરેલા દાવા પ્રમાણે આરોપી પોતાના ગ્રાહકોને ઓન ડિમાન્ડ યુવતીઓ પૂરી પાડતા હતા. ગ્રાહકો જ્યાં યુવતીને બોલાવે ત્યાં પોતાની કાર વડે મુકવા માટે જતા હતા. ઘણી વખત યુવતીઓને કેબ દ્વારા પણ મોકલવામાં આવતી હતી.

પોલીસના કહેવા પ્રમાણે આરોપી વ્હોટ્સએપ અને ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન બુકિંગ કરીને દેહ વ્યાપારનો ધંધો ચલાવી રહ્યો હતો. તેઓ ગ્રાહકો પાસેથી એડવાન્સમાં ઓનલાઈન પેમેન્ટ લીધા બાદ જ યુવતીઓને તેમના પાસે મોકલતા હતા. પોલીસે આરોપી પાસેથી એક કાર સહિતનો અન્ય સામાન જપ્ત કર્યો છે.

આ ટોળકીનો મુખ્ય સૂત્રધાર સલમાન નોઈડાના સેક્ટર 71ના સ્ક્વેર મોલ પાસે રહે છે અને તે યુપીના ઔરૈયાનો રહેવાસી છે. સલમાનની થાણા સેક્ટર-24 ક્ષેત્રની સારથી હોટેલ, સેક્ટર-53 નોઈડા સામેથી ધરપકડ કરવામાં આવી છે.

## કાશ્મીરનો પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરો : કોંગ્રેસી નેતા કર્ણ સિંહ

નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા કર્ણ સિંહે જમ્મુ કાશ્મીરનો પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરાવવા અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટેની માગણી કરી છે. કર્ણ સિંહે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા સામાન્ય નાગરિકોની હત્યા અને સુરક્ષા દળોના જવાન શહીદ થયા તે ઘટનાઓ માટે પણ દુખ વ્યક્ત કર્યું હતું. કર્ણ સિંહે જણાવ્યું કે, જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં જે ઘટનાઓ બની તેણે મને દુખથી ભરી દીધો છે. કર્ણ સિંહે તાજેતરમાં શહીદ થયેલા 5 જવાનો માટે દુખ વ્યક્ત કર્યું હતું. કર્ણ સિંહે જણાવ્યું કે, રાજ્યમાં બનેલી આ ઘટનાઓ સુરક્ષાને મજબૂત કરવાની જરૂરિયાત દર્શાવે છે.

## ઉપરાષ્ટ્રપતિ નાયડુની અરુણાચલ મુલાકાત સામે ચીનની દાદાગીરી

નવી દિલ્હી

ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ ભારતના જ રાજ્ય અરુણાચલ પ્રદેશની મુલાકાત લીધી હતી તેમાં ચીનના પેટમાં તેલ રેડાયું હતું. ચીનના વિદેશ મંત્રાલયે ઉપરાષ્ટ્રપતિની આ મુલાકાત પર વાંધો ઉઠાવ્યો હતો. ચીને કહ્યું હતું કે અરુણાચલ ભારતનું રાજ્ય નથી, આ રાજ્યને અમે માન્યતા નહીં આપીએ, તેથી ભારતના ઉપરાષ્ટ્રપતિની મુલાકાતનો વિરોધ કરીએ છીએ. જોકે તેનો ભારતે પણ આક્રમક જવાબ આપ્યો હતો. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અમે ચીનના ગેરજવાબદારી ભર્યા નિવેદનનો અસ્વિકાર કરીએ છીએ. અરુણાચલ ભારતનો એક અભિન્ન હિસ્સો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે ભારતીય નેતાઓ નિયમિત રુપે અરુણાચલ પ્રદેશ રાજ્યની મુલાકાત લેતા રહે છે. આ મુલાકાત અન્ય રાજ્યોની થતી મુલાકાત જેવી જ હોય છે. ચીન અરુણાચલની ઉપરાષ્ટ્રપતિની મુલાકાતનો વિરોધ કરી રહ્યું છે તે સમજની બહાર છે. ચીન અરુણાચલ પ્રદેશને પોતાનો હિસ્સો ગણાવીને બન્ને દેશો વચ્ચેના સંબંધોને વધુ ખરાબ કરી રહ્યું છે.

## દિલ્હીમાં દિગ્ગજ કોંગી નેતાઓ સાથે મુલાકાત બાદ સિદ્ધુ ઢીલા પડ્યા

ચંડીગઢ

પંજાબ કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામું આપનાર સિદ્ધુએ દિલ્હીમાં ધામા નાખ્યા હતા. ત્યાં પાર્ટીના અનેક નેતાઓ સાથે મુલાકાત કરી હતી. દિલ્હીમાં તેઓ પાર્ટીના પંજાબ પ્રભારી હરીશ રાવત અને કેસી વેણુગોપાલને મળ્યા. આ દરમિયાન નવજોત સિંહ સિદ્ધુએ ફરી એક વખત પાર્ટી હાઈકમાન્ડ પર વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા મારા નેતાઓ છે, મને તેમના નેતૃત્વમાં વિશ્વાસ છે. હાઈકમાન્ડનો દરેક નિર્ણય સ્વીકાર્ય છે. તો બીજી બાજુ, હરીશ રાવતે કહ્યું કે હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે સિદ્ધુ પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચાલુ રહેશે અને સંગઠનને મજબૂત બનાવશે.

# દુનિયામાં ઘર ખરીદવા સૌથી યોગ્ય 20 સ્થળમાં સુરત સહિત ભારતના 5 સિટી

## લિસ્ટમાં અમેરિકાનુ એટલાન્ટા બીજા અને ઓસ્ટ્રેલિયાનુ સિડની ત્રીજા સ્થાને

**નવી દિલ્હી**

ઘર ખરીદીને રહેવા માટે સૌથી ઉત્તમ શહેર કયુ હોઈ શકે તેના પર યુકેની એક ઓનલાઈન મોર્ગેજ એડવાઈઝર કંપનીએ કરેલા સર્વેમાં ભારતના પાંચ શહેરોનો પણ સમાવેશ થયો છે. કંપનીએ ઘર ખરીદવા માટે ઉત્તમ શહેરોમાં દુનિયાના 20 શહેરોની પસંદગી કરી હતી. જ્યારે ઘર ખરીદવા માટે દુનિયાનુ સૌથી સારૂ શહેર સ્પેનના બાર્સેલોનાને માનવામાં આવ્યુ છે. બીજા ક્રમે ઈટાલીનુ ફ્લોરેન્સ શહેર છે. ત્રીજા ક્રમે દક્ષિણ કોરિયાનુ ઉલ્સાન શહેર



છે. સૌથી સારા શહેરોનુ લિસ્ટ હજારો જિયો ટેગિંગ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ અને લોકોના ચહેરા પરની ખુશીનુ વિશ્લેષણ કરીને બનાવવામાં આવ્યુ છે. જેના આધારે દરેક શહેરને હેપિનેસ સ્કોર આપવામાં આવ્યો છે. બાર્સેલોનામાં ઘર ખરીદનારાઓનો હેપિનેસ સ્કોર 100માંથી 95.4 છે. જ્યારે ભારતનુ ચંદીગઢ શહેર આ લિસ્ટમાં પાંચમા ક્રમે છે. બાકી શહેરોમાં જયપુરને દસમું, ચેન્નાઈને 13મું, ઈન્દોર અને લખનૌને 17મું તેમજ 20મું સ્થાન મળ્યુ છે. આ સ્ટડી પ્રમાણે દુનિયામાં ઘર ખરીદવા માટે યોગ્ય ના હોય તેવા શહેરોમાં મુંબઈ સૌથી આગળ છે. મુંબઈનો હેપિનેસ સ્કોર 100માંથી 68.4 છે. અમેરિકાનુ એટલાન્ટા બીજા અ્ને ઓસ્ટ્રેલિયાનુ સિડની ત્રીજા સ્થાને છે. સુરત પણ આ લિસ્ટમાં પાંચામાં સ્થાને છે.

# લખીમપુર ઘટના બાદ શરદ પવારે મુખ્યમંત્રી યોગીનું રાજીનામું માંગ્યું

## લખીમપુર જેવી ઘટના પહેલા ક્યારેય બની નથીઃ પવાર

**લખનઉ**

NCP પ્રમુખ શરદ પવારે લખીમપુર કાંડને લઈને સીએમ યોગી પર નિશાન સાધ્યું છે. પવારે કહ્યું કે સીએમ યોગીએ રાજીનામું આપી દેવું જોઈએ. એક પ્રેસ કોન્ફરન્સમાં શરદ પવારે કહ્યું કે આવી ઘટના પહેલા ક્યારેય બની નથી. પ્રદર્શનકર્તા ખેડૂતનું કહેવું છે કે અજય મિશ્રાનો દીકરો આશિષ પણ હાજર હતો. સુપ્રીમ કોર્ટે તેની પર સુનાવણી કરી ત્યારે તે પકડાયો છે. પવારે કહ્યું કે જે સત્તામાં છે તેઓએ સ્ટેન્ડ લેવાની જરૂર છે. સીએમ યોગી પોતાની જવાબદારીથી પાછળ ખસી શકશે નહીં. પવારે



મહારાષ્ટ્રના પૂર્વ સીએમ ફડણવીસ પર પણ નિશાન સાધ્યું અને તેમને લખીમપુર ઘટનાની સરખામણી મવાલમાં થયેલા ફાયરિંગ સાથે કરી. મવાલમાં ગોળીઓ પોલીસે તવાવી હતી તેમાં કોઈ નેતા પર આરોપ ન હતા. ભીડને ભાજપ નેતાઓએ ભડકાવી હતી.

# મણિપુરમાં કુકી ઉગ્રવાદીઓનો ભીડ પર ગોળીબારઃ 5ના મોત

**ઇમ્ફાલ**

કુકી આતંકવાદીઓએ મંગળવારે કાંગપોકપીમાં બી ગમનોમ ગામમાં જામેલી ભીડ પર ગોળીબાર કર્યો હતો. વાસ્તવમાં સુરક્ષા દળો દ્વારા મોતને ઘાટ ઉતારવામાં આવેલા બે આતંકવાદીઓના અંતિમ સંસ્કાર થઈ રહ્યા હતા ત્યારે જ કુકી આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આઈજી લુપસિંહ કિંગજને જણાવ્યું હતું કે ફાયરિંગની આ ઘટનામાં પાંચના મોત થયા છે. તેમા ત્રણના શબ મળ્યા છે. તપાસ અભિયાન જારી છે. ફાયરિંગમાં એક બાળકને ઈજા થઈ છે અને તેને હોસ્પિટલમાં સારવાર માટે ભરતી કરાવવામાં આવ્યો છે. ફાયરિંગની આ ઘટના પછી ગામવાસીઓ સલામત સ્થળોએ છૂપાઈ ગયા છે.

કેન્દ્રીય સુરક્ષા દળો આ હુમલાખોરોની તપાસ કરી રહ્યા છે. મુખ્યમંત્રી એન બિરેનસિંહે આ હુમલાની નિંદા કરી છે. બે દિવસ પહેલા જ મણિપુરમાં હિંગોરાનીમાં સુરક્ષા દળોએ ચાર આતંકવાદીઓને ઠાર કર્યા હતા. અસમ રાઈફલ્સ અને ભારતીય લશ્કરના સંયુક્ત ઓપરેશનમાં આ સફળતા મળી હતી.

# 11 લાખ ટનની જરૂરિયાત સામે 20 લાખ ટન કોલસો અપાય છે : નાણામંત્રી

## નાણાપ્રધાન નિર્મલા સીતારામને પણ કોલસાની અછતના અહેવાલને પાયાવિહીન ગણાવ્યા

**નવી દિલ્હી**

દેશના વીજમથકોમાં કોલસાની અછતના લીધે વીજ કટોકટીની સંભાવનાનો કેન્દ્રીય કોલસા પ્રધાન પ્રહલાદ જોશીએ ધરાર ઈન્કાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે વીજ ઉત્પાદન માટે કોલસાની દૈનિક જરુરિયાત ૧૧ લાખ ટન છે અને તેની સામે અમે ૨૦ લાખ ટનનો પુરવઠો પૂરો પાડી રહ્યા છીએ તો પછી કટોકટીની વાત જ ક્યાં આવી. તેમણે વિલાસપુરએરપોર્ટ



પર પહોંચયા પછી પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું. કોંગ્રેસ કોલસાની કટોકટીને લઈને બિનજરુરી હાઈપ ઊભો કરી રહી છે તેવો સવાલ પૂછવામાં આવતા તેમણે આજણાવ્યું હતું કે આ મુદ્દે હું કોઈ રાજકારણ કરવા માંગતો નથી. નાણાપ્રધાન નિર્મલા સીતારામને કોલસાની અછતના અહેવાલને પાયાવિહીન ગણાવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોલસાની કોઈ છત નથી. ભારત વીજ સરપ્લસ દેશ છે. સીતારામને જણાવ્યું હતું કે ઊર્જાપ્રધાન આર.કે.સિંઘ બે દિવસ પહેલા આ પ્રકારની વાતને પાયાવિહોણી ગણાવી ચૂક્યા છે.

# મોદીએ લોન્ચ કરી 100 લાખ કરોડની ગતિ શક્તિ યોજના, હવે લાખોને રોજગાર મળશે

**નવી દિલ્હી**

દેશમાં રોજગારીની તકો ઉભી કરવા માટે પીએમ મોદીએ 15 ઓગસ્ટે લાલ કિલ્લાથી એલાન કર્યુ હતુ કે, દેશમાં ગતિ શક્તિ યોજનાનો પ્રારંભ કરવામાં આવશે. આજે પીએમ મોદીએ તેનો પ્રારંભ કરાવ્યો છે. દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટેની આ યોજના માટે 100 લાખ કરોડ રૂપિયાનુ બજેટ ફાળવવામાં આવશે અને તેના થકી લાખો યુવાઓને રોજગાર મળશે. આ યોજનાના ભાગરૂપે 16 મિનિસ્ટ્રીનુ એક ગ્રૂપ બનાવવામાં આવ્યુ છે. જેમાં રેલવે, સડક પરિવહન, જહાજ,



આઈટી, ટેક્સટાઈલ પેટ્રોલિયમ, ઉર્જા, નાગરિક ઉડ્ડયન જેવા મંત્રાલયો સામેલ છે. આ મંત્રાલયો હેઠળ જે પ્રોજેક્ટ ચાલી રહ્યા છે અથવા તો જે પ્રોજેક્ટને 2025 સુધીમાં પૂરા કરવાના છે તેમને હવે ગતિ શક્તિ યોજના હેઠળ મુકવામાં આવ્યા છે. આ યોજના એક રીતે દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ડેવલપ કરવા માટેનો માસ્ટર પ્લાન હશે. હાલમાં અલગ અલગ વિભાગો વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને લઈને સંકલન નથી. આ પ્રકારના અવરોધ આ યોજના હેઠળ દુર કરવામાં આવશે. યોજના પર નજર રાખવા માટે સરકારે વિવિધ એજન્સીઓની મદદથી એક ખાસ પ્લેટફોર્મ ડેવલપ કર્યુ છે. ઉપરાંત એક નોડલ મંત્રાલય પણ બનાવ્યુ છે. જે આ તમામ પ્રોજેક્ટ પર ચાલી રહેલા કામનો રિવ્યૂ કરવા માટે નિયમિત રીતે બેઠક કરશે.

# પૂર્વ PM મનમોહનસિંહને તબિયત બગડતાં એઈમ્સમાં દાખલ કરાયા

**નવી દિલ્હી**

દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની તબિયત લથડતાં બુધવારે સાંજે તેમને દિલ્હી સ્થિત એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને છેલ્લા 2 દિવસથી હળવા તાવની સમસ્યા રહેતી હતી. એઈમ્સ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન પ્રમાણે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને તાવની તપાસ માટે એડમિટ કરાવવામાં આવેલા. તેમની સ્થિતિ સ્થિર છે. તેઓ ડોક્ટર્સના મોનિટરિંગમાં છે. અગાઉ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મીડિયા પ્રકોષ્ઠ સૂત્ર દ્વારા ડોક્ટર મહનમોહન સિંહને છેલ્લા 2 દિવસથી હળવો તાવ હતો અને વધુ સારી સારવાર અને દેખભાળ માટે તેમને હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા હોવાની માહિતી આપી હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની વગેરેએ ટ્વિટ કરીને પૂર્વ વડાપ્રધાન જલ્દી સાજા થાય તેવી કામના કરી હતી. પૂર્વ વડાપ્રધાન ડોક્ટર મનમોહન સિંહ એપ્રિલમાં કોરોનાથી સંક્રમિત થયા હતા અને ત્યાર બાદ તેમને દિલ્હી સ્થિત એઈમ્સના ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને વાયરસના હળવા લક્ષણો હતો અને બાદમાં તેઓ સાજા થઈ ગયા હતા.

# જૈશ-એ-મોહમ્મદનો ટોપ કમાન્ડર શામ સોફી ઠાર, ત્રાલમાં સર્ચ ઓપરેશન

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના અવંતીપોરાના ત્રાલમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. બુધવારે અથડામણમાં સેનાએ એક ખૂંખાર આતંકીને ઠાર માર્યો. મારવામાં આવેલા આતંકવાદીની ઓળખ જૈશના ટોપ કમાન્ડર શામ સોફી તરીકે થઈ છે. પોલીસનુ કહેવુ છે કે સેના અને સીઆરપીએફની એક સંયુક્ત ટીમે વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી વિશે ખાસ સૂચના પર તપાસ અભિયાન શરૂ કર્યુ છે. આ દરમિયાન તિલવાની મોહલ્લામાં સેનાની સંયુક્ત ટીમ શંકાસ્પદ સ્થળ તરફ આગળ વધી તો છુપાયેલા આતંકવાદીઓએ તેમની પર ફાયરીંગ શરૂ કરી દીધુ ત્યાં જવાબી કાર્યવાહીમા સેનાએ શામ સોફીને ઠાર માર્યો હતો.

# વીમાના નકલી દાવા કરનારા વકીલો સામે કાર્યવાહી ન થતાં સુપ્રીમ નારાજ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે મોટર એક્સિડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ અને વર્કમેન કંપનસેશન એક્ટ હેઠળ નકલી દાવાથી વીમા કંપનીઓને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડનારા વકીલો વિરુદ્ધ કાર્યવાહી ન કરવા બદલ બાર કાઉન્સિલ ઓફ ઉત્તર પ્રદેશની ઝાટકણી કાઢી છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે આ ખૂબ જ કમનસીબ છે કે આટલા ગંભીર કેસમાં વકીલો પર જ આરોપ છે. ન્યયામૂર્તિ એમ આર શાહ અને ન્યાયમૂર્તિ એ એસ બોપન્નાની ખંડપીઠે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ બાર કાઉન્સિલની ઉદાસિનતા અને અસંવેદનશીલતાને દર્શાવે છે. કોર્ટે બાર કાઉન્સિલના અધ્યક્ષ અને વરિષ્ઠ વકીલ મનનકુમાર મિશ્રાને આ બાબત પર ધ્યાન આપવા જણાવ્યું છે.

ખંડપીઠે જણાવ્યું હતું કે એસઆઈટીને આ સંદર્ભમાં કુલ ૧૩૭૬ ફરિયાદો મળી હતી. જે પૈકી ૨૪૬ કેસોની તપાસ પૂર્ણ થઈ ગઈ છે.કુલ ૧૬૬ આરોપીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેમાં અરજકર્તા, વકીલ, પોલીસકર્મી, ડોક્ટર, વીમા કર્મચારી, વાહન માલિક વગેરે સામેલ છે.

# ભારતીય વાયુસેનાની તાકાતમાં વધારો, 3 રાફેલનું જામનગરમાં થશે લેન્ડિંગ

**શ્રીનગર**

ભારતીય વાયુસેનાની તાકાતમાં વધારો થવા જઈ રહ્યો છે. જેમાં વધુ 3 રાફેલ ફાઈટર જેટ ફ્રાન્સથી ગુજરાતના જામનગર સ્થિત એરબેઝ પર લેન્ડ કરશે. આ ત્રણ વિમાનો આવવાની સાથે જ ભારત પાસે રાફેલ જેટની સંખ્યા 29 થઈ જશે. મીડિયા રિપોર્ટ મુજબ, આ ત્રણ રાફેલ ફાઈટર જેટ જામનગર એરબેઝ પર ઉતરશે. આ મહિનાની શરૂઆતમાં જ એરચીફ માર્શલ વીઆર ચૌધરીએ એરફોર્સ ચીફ તરીકે કામકાજ સંભાળ્યા બાદ ફ્રાન્સથી આવી રહેલા રાફેલ જેટની આ પ્રથમ બેચ છે. ભારતે 2016માં ફ્રાન્સ પાસેથી 60,000 કરોડ રૂપિયામાં 36 ફાઈટર જેટ વિમાનો ખરીદવા માટે કરાર કર્યો હતો.

# રશિયામાં કોરોનાનો કેર, 1 દિવસમાં 1000 મોત, વધુ 28000 કેસ નોંધાયા

**મોસ્કો**

અમેરિકા બાદ હવે રશિયામાં કોરોનાએ ફરી હાહાકાર મચાવવાનુ શરૂ કર્યુ છે. કોરોનાના ઝડપથી વધી રહેલા કેસ અને બીજી તરફ ધીમા રસીકરણના કારણે અહીંયા લોકોના મોતની સંખ્યા વધી રહી છે. મંગળવારે એક જ દિવસમાં લગભગ 1000 લોકોના મોત થયા છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. બીજી તરફ લગભગ 15 કરોડની વસતી ધરાવતા દેશમાં રોજના 28000 કોરોના કેસ સામે આવી રહ્યા છે.



આમ છતા સરકારે દેશમાં લોકડાઉન લગાવવાનો ઈનકાર કરી દીધો છે. કયા પ્રકારના પ્રતિબંધો લગાવવા તે અંગેનો નિર્ણય લેવાની સત્તા પ્રાંતોને આપી દેવામાં આવી છે. બીજી તરફ વધતા જતા કેસોના કારણે મેડિકલ સિસ્ટમ પર દબાવ વધી ગયો છે. રશિયામાં હાલમાં 2.35 લાખ લોકો હોસ્પિટલોમાં દાખલ છે અને તેમાંથી 11 ટકા દર્દીઓની હાલત નાજુક છે. રશિયામાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં 78 લાખ કેસ સામે આવી ચુકયા છે અને આ પૈકીના 2.18 લાખ લોકોના મોત થયા છે. બીજી તરફ અહીંયા માત્ર 4.78 કરોડ લોકોને જ કોરોનાની રસીનો એક ડોઝ મળ્યો છે. જ્યારે 29 ટકા લોકો એટલે કે 4.24 કરોડ લોકોને બે ડોઝ અપાયા છે. સરકાર હવે લોકો રસી લે તે માટે પ્રોત્સાહન આપવા માટે ભાર મુકી રહી છે.

# વંશીય હિંસા થતાં દ. આફ્રિકાના ભારતીયોની સ્થળાંતરની કવાયત

**જોહાનિસબર્ગ**

દક્ષિણ આફ્રિકામાં તાજેતરમાં થયેલી વંશીય હિંસાના પગલે ભારતીયોની સલામતી હાલ જોખમમાં હોય તેમ લાગે છે, કેમ કે ઘણી મોટી સંખ્યામાં ભારતીયો સૈકાઓથી જેને પોતાનું વતન માન્યું હતું એવા દક્ષિણ આફ્રિકાને છોડીને અન્ય દેશોમાં સ્થાયી થવા વિચારી રહ્યા છે અને તે માટે તેઓ કાયમ માટે કયા કયા દેશોમાં સ્થાયી થવાના વિઝા મળી શકે તેમ છે તે અંગેની તપાસ અને પૂછપરછ શરૂ કરી દીધી છે.

તાજેતરના ભૂતકાળમાં નાતાલ રાજ્યમાં થયેલી હિંસામાં ભારતીયોના મકાનો અને દુકાનો સળગાવી દેવામાં આવ્યા હતા અને મોટા પાયે તેઓની લૂંટફાટ થઈ હતી જેથી ભારતીયોને હવે દક્ષિણ આફ્રિકા પ્રત્યે મન ઉઠી ગયું છે અને તેઓ આ દેશને કાયમ માટે અલવિદા કરીને અન્ય કોઈ દેશમાં કાયમી વસવાટ કરવા મરણિયા બન્યા હોય તેમ લાગે છે.

દક્ષિણ આફ્રિકાના જુદા જુદા શહેરોમાં આવેલા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટને દક્ષિણ આફ્રિકન ભારતીયો તરફથી ઘણી મોટી સંખ્યામાં વીઝાની પૂછપરછ થઈ રહી છે. દક્ષિણ આફ્રિકામાં અંદાજે ૧૪ લાખ જેટલા ભારતીય મૂળના લોકો સૈકાઓથી રહે છે, અને નાતાલમાં ભારતીયોની સંખ્યા કુલ વસ્તીના ત્રીજા ભાગની છે.

# ઉત્તર ચીનમાં ભારે વરસાદને કારણે પૂરમાં 29 લોકોનાં મોત

**શાંઘાઈ**

ચીનના શાનક્શી પ્રાંતમાં ભારે વરસાદને કારણે જાનમાલને ઘણું નુકસાન થયું છે. આ વિસ્તારમાં 15 લોકોના મોત અને ત્રણ લોકોના ગુમ થયાના અહેવાલ છે. દરમિયાન, અન્ય એક ઘટનામાં, પિંગશાનમાં નદીમાં એક બસ પડી જતાં 14 લોકોના મોત થયા છે. સ્થાનિક સરકારે મંગળવારે જણાવ્યું હતું કે 2 થી 7 ઓક્ટોબર દરમિયાન ભારે વરસાદને કારણે પ્રાંતને ભારે પૂરનો સામનો કરવો પડ્યો હતો. સતત વરસાદથી સમગ્ર પ્રાંતમાં 76 કાઉન્ટીઓમાં લગભગ 17.6 લાખ રહેવાસીઓને અસર થઈ છે. 1,20,000થી વધુ લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. લગભગ 238,460 હેક્ટર વિસ્તારમાં ઉભા પાકને નુકસાન થયું. 37,700 મકાનો ધરાશાયી થયા અથવા ખરાબ રીતે નુકસાન થયું છે. વરસાદ અને પૂરને કારણે 78 કરોડ ડોલરનું ભારે આર્થિક નુકસાન થયું છે. પૂરને કારણે 17 લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. લગભગ 19,500 મકાનો ધરાશાયી થયા છે, જેના કારણે 120,000થી વધુ લોકો બેઘર થયા છે.

# વૈશ્વિક દેવું વધીને 226 લાખ કરોડ ડોલરની નવી ટોચે : આઈએમએફ

## 2021માં ભારતનું દેવું વધીને જીડીપીના 90.6 ટકા થવાનો આઇએમએફનો અંદાજ

**વોશિંગ્ટન**

કોરોના મહામારીને કારણે સમગ્ર વિશ્વ દેવાના બોજનો સામનો કરી રહ્યું છે. જેના કારણે વૈશ્વિક દેવામાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ(આઈએમએફ)એ જણાવ્યું હતું કે વૈશ્વિક દેવું વધીને ૨૨૬ લાખ કરોડ ડોલરની નવી ટોચે પહોંચી ગયું છે. વર્ષ ૨૦૨૧માં ભારતનું દેવું વધીને ૯૦.૬ ટકા થવાનો અંદાજ છે. વૈશ્વિક દેવાંની ભરપાઈ કરવામાં ચીનનો ફાળો ૯૦ ટકા છે અને અન્ય ઉભરતા અર્થતંત્રો અને ઓછી આવકવાળા વિકાસશીલ દેશોએ સાત ટકા ફાળો આપ્યો છે. આઈએમએફના જણાવ્યા અનુસાર સરકારો, પરિવારો અને બિન નાણાકીય નિગમોનું દેવું ૨૦૨૦માં વધીને ૨૨૬ લાખ કરોડ ડોલર થઈ ગયું છે. જે ૨૦૧૯માં ૨૭ લાખ કરોડ ડોલર હતું. આ વધારો અત્યાર સુધીનો વિક્રમજનક વધારો છે. આ આંકડામાં પબ્લિક અને નોન ફાઈનાન્સિયલ પ્રાઈવેટ સેક્ટરના દેવાનો પણ સમાવેશ થાય છે. આઈએમએફએ પોતાના ફિસ્કલ મોનિટર રિપોર્ટમાં જણાવ્યું છે કે ૨૦૧૬માં ભારતનું દેવું જીડીપીના ૬૮.૯ ટકા હતું. જે વધીને ૨૦૨૦માં વધીને ૮૯.૬ ટકા થઈ ગયું છે. તે ૨૦૨૧માં વધીને ૯૦.૬ ટકા થવાનો અંદાજ છે. આઈએમએફના અંદાજ મુજબ ૨૦૨૨માં ભારતનું દેવું ઘટીને ૮૮.૮ ટકા, ૨૦૨૬માં ઘટીને જીડીપીના ૮૫.૨ ટકા થવાની સંભાવના છે.

# રેન્સમવેરને કારણે અર્થતંત્રને 400 અબજ ડોલરનો ફટકો, 30થી વધુ દેશો સામેલ

**વોશિંગ્ટન**

રેન્સમવેર સિર્ફ નામ હી કાફી હે. જેમ્સ બોન્ડની ફિલ્મનો ડાયલોગ માય નેમ ઇઝ બોન્ડ જેમ્સ બોન્ડ તે રેન્સમવેરને શબ્દશઃ લાગુ પડે છે. વિશ્વમાં ગેરકાયદેસર રીતે ફૂલેલોફાલેલો રેન્સમવેરનો ઉદ્યોગ 2020માં 400 અબજ ડોલરે પહોંચ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો રેન્સમવેરે ગયા વર્ષે વૈશ્વિક અર્થતંત્રને 400 અબજ ડોલરનો ફટકો માર્યો હતો. આજે તેના લીધે પરિસ્થિતિ એવી આવી છે કે વિશ્વના 30 અગ્રણી દેશોએ તેની સામે લડવા માટે એક




છત્ર નીચે આવવું પડયુ છે. બીજા શબ્દોમાં કહીએ તો સાઈબર વર્લ્ડમાં રેન્સમવેરના આતંક સામે લડવા માટે 30 દેશો સાઈબર વર્લ્ડમાં એકસમાન ધોરણે સંકલન સાધશે. ભારત તેમાં મહત્ત્વની ભૂમિકામાં છે.

સાઈબર વર્લ્ડના આ પડકારને પહોંચી વળવા માટે ૩૦થી વધારે દેશો અને યુરોપીયન સંઘ સહિતના પ્રધાનો વચ્ચે બે દિવસની યોજાનારી બેઠક ગુરુવારે પૂરી થશે.

આ બેઠક રાષ્ટ્રપતિ જો બિડેનના વડપણ હેઠળ યોજાઈ રહી છે. તેઓ રેન્સમવેરના પ્રતિકારનો સામનો કરવા માટે સહયોગી દેશોનું જૂથ રચશે. ઘણી સરકારોએ આ માટેની અનિવાર્યતા સમજી છે. તેના પરની ચર્ચામાં ચાર દેશો સ્વૈચ્છિક રીતે આગેવાની લેશે અને તેના અંગેની ખાસ થીમ પર ચર્ચાનું આયોજન કરશે.

# વાયુ પ્રદૂષણના કારણે વિશ્વમાં દર મિનિટે 13ના મોત થાય છે : WHO

**વોશિંગ્ટન**

વિશ્વભરમાં વાયુ પ્રદૂષણથી થનારા મોતને લઈને વિશ્વ આરોગ્ય સંગઠને ડરામણો રિપોર્ટ જાહેર કર્યો છે. વાસ્તવમાં આ રિપોર્ટ અનુસાર વાયુ પ્રદૂષણના કારણે વિશ્વમાં દર મિનિટે 13ના મોત થઈ રહ્યા છે. સ્કોટલેન્ડના ગ્લાસગોમાં સંયુક્ત રાષ્ટ્ર ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સની આગેવાની હેઠળ કરેલી બેઠકમાં WHOએ રિપોર્ટ જાહેર કરતાં ચેતવણી પણ આપી છે કે જો આગામી સમયમાં લોકો ચેતશે નહી તો ગંભીર પરિણામો ભોગવવા પડે તેમ છે. WHOએ ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી સિમિત કરવા આહવાન કર્યું હતું. WHOના ડિરેક્ટર જનરલ ડૉ ટેડ્રોસ અધોનામ ઘેબ્રેયસસે જણાવ્યું હતું કે કોરોના રોગચાળાએ મનુષ્યો, જાનવરો અને આપણા પર્યાવરણની વચ્ચે ઘનિષ્ઠ અને નાજુક સંબંધો ઉપર પ્રકાશ પાડે છે. WHO તમામ દેશો પાસેથી ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રાખવા માટે પર નિર્ણાયક કાર્યવાહી કરવા આહવાન કરે છે, તે આપણા હિતમાં છે. ડબલ્યુએચઓના આ રિપોર્ટને ઓપન લેટર તરીકે લોંચ કરવામાં આવ્યો છે. ગ્લોબલ હેલ્થ વર્કફોર્સના બે તૃતિયાંશથી વધારે અધિકારીઓના હસ્તાક્ષર કરાયા છે.

# પાક.મંત્રીની વિચિત્ર સલાહ: ભોજન પર કાપ મુકીશું તો મોંઘવારી જતી રહેશે

**ઉત્તરાખંડ**

ઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં ઈમરાન ખાન સરકારના એક મંત્રીએ મોંઘવારી સામે લડવા માટે વિચિત્ર સલાહ આપી છે. પીઓકે મામલાના મંત્રી અલી અમીને લોકોને સલાહ આપી હતી કે મોંઘવારીથી બચવા લોકોએ ખાવાનું ઓછુ કરી દેવું જોઈએ. ચામાં ખાંડ ઓછી નાખો, ઓછી રોટલીઓ આરોગો, દેશ માટે કુરબાની આપો તેવી સલાહ સાથે આ મંત્રીએ એમ પણ કહ્યું હતું કે લોકોએ આ સમયે દેશ માટે કુરબાની આપવી જોઈએ અને ખાવાનું ઓછુ કરી દેવું જોઈએ. મંત્રીની આ હાસ્યાસ્પદ સલાહ બાદ પાકિસ્તાનના નાગરિકો પણ ભડકયા હતા અને મંત્રીને સોશિયલ મીડિયા પર ટ્રોલ કર્યા હતા.

# બ્લૂ ઓરિજિને વધુ એક ઈતિહાસ રચી દીધો : બીજી ઉડાન પણ સફળ

**ન્યૂયોર્ક**

દુનિયાના સૌથી પૈસાદાર વ્યક્તિ એવા જેફ બેઝોસના બ્લૂ ઓરિજિને બુધવારે વધુ એક ઈતિહાસ રચી દીધો છે. બ્લૂ ઓરિજિનના ન્યૂ શેફર્ડ રોકેટ-કેપ્સૂલની આ બીજી ઉડાન પણ અત્યંત સફળ રહી અને આ યાનમાં સૌથી વધુ ઉંમર ધરાવતાં વ્યક્તિએ પોતાની સાથે અંતરિક્ષની યાત્રા પૂરી કરી. ભારતીય સમય પ્રમાણે ૮ કલાક અને ૨૦ મિનિટે આ યાન અંતરિક્ષની યાત્રા માટે રવાના થયું. આ ઉડાનમાં ચાર લોકો ૯૦ વર્ષીય વિલિયમ શેટનર, બ્લૂ ઓરિજનના વાઈસ પ્રેસિડેન્ટ ઓડ્રે પાવર્સ, ફ્રાંસીસી સોફ્ટવેર કંપની ડેસો સિસ્ટમ્સના ઉપપ્રમુખ ગ્લેન ડે રીસ અને અર્થ ઓબ્ઝર્વેશન કંપની પ્લેનેટના સહ-સંસ્થાપક ક્રિસ બોશુઈઝેન હતા. ન્યૂ શેફર્ડ રોકેટ અને કેપ્સૂલની બીજી ઉડાન વેસ્ટ ટેક્સાસના વેન હોર્ન કસ્બામાં આવેલ બ્લૂ ઓરિજિન લોન્ચ સાઈટ વનથી ભરી. ભારતીય સમય પ્રમાણે ૮ કલાક અને ૨૦ મિનિટે તે ઉડાન ભરવામાં આવી. લોન્ચની ૯૦ મિનિટ પહેલાં લાઈવ ટેલિકાસ્ટ શરૂ કરવામાં આવ્યું હતુ. તેને બ્લૂ ઓરિજિનની વેબસાઈટ અને તેની યુ-ટ્યૂબ ચેનલ પર લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવી છે.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ ફરી નિશાના પર : દુર્ગા પૂજામાં હિંસા થતાં ત્રણના મોત

**ઢાકા**

બાંગ્લાદેશમાં ઢાકાથી આશરે ૧૦૦ કિલોમીટર દૂર કમિલા નામની જગ્યા પર ઈશનિંદાના આરોપો બાદ મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી. અહેવાલ પ્રમાણે હિંસક ઘર્ષણ જોઈ પોલીસે સ્થિતિને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો. ચાંદપુરના હાઝીગંજ, ચત્તોરગ્રામના બાંસખલી અને કોક્સ બજારના પેકુઆમાં પણ મંદિરોની અંદર તોડફોડ કરવાની ઘટના સામે આવી છે. તોફાનોમાં ત્રણ લોકોના મોત થયા તો અન્ય લોકોને ઈજા પહોંચી છે. આ ત્રણ મોત ચાંદપુરના હાજીગંજ વિસ્તારમાં પોલીસ અને ભીડ વચ્ચે થયેલી અથડામણ દરમિયાન થયા છે.

# INDIA TOWN FOODS & SPICES LTD.

**Indian, Pakistani, Srilankan, Bangladeshi & Canadian Groceries**


## DIWALI SALE

MORE ITEMS IN STORE SPECIAL

**SALE START 15 OCTOBER 2021 TO 24 OCTOBER 2021**

641, MARKHAM ROAD, SCARBOROUGH, ONTARIO, M1H 2A4

Phone or Fax : 416-438-1013




**TOOR DAL (OILY)**
TOOR DAL (MADHI, MALAVAI, ANGUR)
$9.99/ 10 LB
( REG $14.99)

**ALL DAL SPECIAL OFFER**
$3.99/ 4 LB
(FROM INDIA) SELECTED

**DESI. ORGANIC GUR (SOFT)**
પોચો ગોળ
$0.99/ 800 GM PACK
( REG $ 4.99)

**PITTED DATES**
$0.99/ PACK
REG $ 2.99

**DEEP TOOR LILVA**
PAPADI LILVA
$1.99/PACK
( REG $2.99)

**MIRCH MASALA SNACKS**
$1.99/
PACK LARGE

**ORAGANIC GREEN RAISINS**
$2.99/ PACK
800GM
( REG $4.99)

**OL'TYMES KHICHADI RICE**
$5.99/ 10 LB
( REG $ 9.99)

**BANSI SABUDHANA (NYLON)**
$1.99 /
PACK (2 LB)

**PAPAD**
KIRTIRAJ, YASH PAPAD (200 GM)
3 PACK / $1.99

**LIJJAT PAPAD**
(200 GM PACK)
2 / $ 1

**IDHAYAM SESAME OIL**
$4.99/ 1 LTR.
( REG $ 9.99)

**FLIPZEE KHAKHARA**
(200 GM)
$0.99/ PACK

**FRESH BESAN**
$3.99
(4LB PACK)

**ORGANIC TOOR DAL**
(FROM INDIA)
$12.99/ 10 LB
( REG $ 19.99)

**LAXMI SHARBATI ATTA FLOOR**
$8.99/ BAG
20 LB
( REG $11.99)

**REENA ICE CREAM**
$4.99/ PACK
( REG $ 8.99)

**INDIA TOWN PREMIUM TEA**
$7.99/ 2 LB
PACK
( REG $ 9.99)

**SURATI TEA**
$7.99/ 2 LB
PACK
( REG $ 9.99)

**SAFFRON**
IN STORE SPECIAL

**WAGH BAKRI TEA**
IN STORE SPECIAL

**JIVRAJ TEA**
IN STORE SPECIAL

**INDIA GATE HAR ROOZ**
BASMATI RICE
$5.99/ 10 LB
( REG $ 8.99)

**INDIA GATE ROZZANA**
BASMATI RICE
$7.99/ 10 LB
( REG $ 9.99)

**INDIA GATE - PREMIUM**
BASMATI RICE
$8.88/ 10 LB
( REG $ 11.99)

**LAXMI SOONA MASOORI RICE**
$12.99/ 20 LB
( REG $ 16.99)

**INDIA GATE - SOONA**
MASOORI RICE
$14.99/ 20 LB
( REG $ 16.99)

**DEEP MATHIA, FAFDA**
$1.19/ PACK
( REG $ 1.99)

**KIRTIRAJ MATHIA FAFADA**
$1.49/ PACK
( REG $ 2.99)

**INDIAN SUGAR**
$19.99/ BAG
25 KG, 55 LB

**ALMOND**
IN STORE SPECIAL
$3.99/LB

**INDIAN MIXER GRINDER**
$130.00/ EACH
( REG $ 200.00)

ALL ITEM SUBJECT TO AVAILABLE. NO RAIN CHECK, NOT RESPONSIBLE FOR ANY TYPOGRAPHICAL ERROR. NO EXCHANGE NO RETURN

વધુ વિગતો માટે મુલાકાત લો :

WWW.FACEBOOK.COM / INDIATOWNFOODANDSPICES

# આઈપીએલ ૨૦૨૧ : ચેન્નઈ અને કોલકાતા વચ્ચે ફાઈનલ

## દિલ્હીને હરાવીને ચેન્નાઇ નવમી વખત આઇપીએલની ફાઇનલમાં

દુબઈઃ કેપ્ટન કૂલ ધોનીએ આખરી ઓવરમાં ત્રણ ચોગ્ગા ફટકારીને ચેન્નાઇ સુપર કિંગ્સને દિલ્હી કેપિટલ્સ સામેની આઇપીએલ ક્વોલિફાયર વનમાં બે બોલ બાકી હતા, ત્યારે ચાર વિકેટથી વિજેતા બનાવ્યું હતુ. આ સાથે ચેન્નાઇ સુપર કિંગ્સ નવમી વખત આઇપીએલની ફાઇનલમાં પ્રવેશ્યું હતુ. જ્યારે દિલ્હી કેપિટલ્સને હવે ૧૩મી ઓક્ટોબરે ક્વોલિફાયર-ટુમાં રમવા મળશે. જ્યાં તેમની સામે બેંગ્લોર કે કોલકાતાની ટીમ હશે. ક્વોલિફાયર-ટુની વિજેતા ટીમ ફાઇનલમાં પ્રવેશશે.

**દુબઇ**



દિલ્હી સામે નાટયાત્મક વિજય મેળવનાર કોલકાતા નાઈટ રાઈડર્સ સામે આઈપીએલ ટી૨૦ લીગની ફાઈનલમાં મહેન્દ્રસિંહ ધોનીની જાદુઈ કેપ્ટનશિપ ચેન્નઈ સુપર કિંગ્સ માટે અભેદ સુરક્ષા કવચ સમાન સાબિત થઈ શકે છે. ધોની સંભવિત છેલ્લી વખત પીળી જર્સીમાં રમશે. આંકડા ઉપર નજર નાખીએ તો ચેન્નઈની ટીમ ૧૨ સિઝનમાં નવ વખત ફાઈનલમાં પહોંચી છે. ચેન્નઈએ ત્રણ વખત ટાઈટલ જીત્યા છે અને પાંચ વખત ફાઈનલમાં હારી છે. બીજી તરફ કોલકાતાએ બંને વખત ટાઈટલ સુકાની ગંભીરના નેતૃત્વમાં જીત્યા હતા.

## દિલ્હીને હરાવી કોલકાતા ત્રીજી વખત ફાઇનલમાં

શારજાહ : છેલ્લી ઓવર સુધી રોમાંચક બનેલા ક્વોલિફાયર-૨ મુકાબલામાં કોલકાતા નાઇટ રાઇડર્સે દિલ્હી કેપિટલ્સને ત્રણ વિકેટે હરાવીને આઇપીએલ ટી૨૦ લીગમાં ત્રીજી વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. દિલ્હીની ટીમને તેના બંને પ્લે ઓફ મુકાબલામાં પરાજય મળ્યો છે. કોલકાતાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. દિલ્હીએ પાંચ વિકેટે ૧૩૫ રન નોંધાવ્યા હતા. જેના જવાબમાં કોલકાતાએ એક બોલ બાકી રાખીને સાત વિકેટે ૧૩૬ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો.

## ટી-૨૦માં કોહલીની ૯૦૦ બાઉન્ડ્રી પૂરી

શિવમ માવીની પાંચમી ઓવરના પ્રથમ બોલે બાઉન્ડ્રી ફટકારીને વિરાટ કોહલીએ ટી-૨૦ ક્રિકેટમાં ૯૦૦ બાઉન્ડ્રીનો આંક વટાવ્યો હતો. ટી૨૦માં આ સિદ્ધિ મેળવનાર તે બીજો ભારતીય અને ઓવરઓલ સાતમો ક્રિકેટર બની ગયો છે. ભારત માટે અગાઉ શિખર ધવન આ સિદ્ધિ મેળવી ચૂક્યો છે. ધવનના નામે ૩૦૨ મેચની ૨૯૯ ઇનિંગ્સમાં ૯૮૬ બાઉન્ડ્રી નોંધાયેલી છે.

## સુનીલ છેત્રીએ પેલેના રેકોર્ડની બરોબરી કરી, ભારતે નેપાળને ૧-૦થી હરાવ્યું

નવી દિલ્હીઃ બાંગ્લાદેશ અને શ્રીલંકા સામે ડ્રોનું પરિણામ મેળવ્યા બાદ ભારતીય ફૂટબોલ ટીમે માલદીવમાં રમાઈ રહેલી સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન ચેમ્પિયનશિપમાં આખરે પોતાનો પ્રથમ વિજય હાંસલ કર્યો હતો. ભારતે એક મુકાબલામાં નેપાળને ૧-૦થી પરાજય આપ્યો હતો. ભારત માટે આ એકમાત્ર ગોલ સુકાની સુનીલ છેત્રીએ કર્યો હતો. વિજયના કારણે ભારત ચેમ્પિયનશિપમાંથી બહાર થતું બચી ગયું હતું. ૩૭ વર્ષીય છેત્રીનો આ ૧૨૩મો મુકાબલો હતો અને તેણે નેપાળ સામે ૮૩મી મિનિટે ગોલ કર્યો હતો. આ તેની ઈન્ટરનેશનલ કારકિર્દીનો ૭૭મો ગોલ રહ્યો હતો અને આ સાથે તેણે બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલેના રેકોર્ડની બરોબરી કરી હતી. પેલેએ ૯૨ મેચમાં ૭૭મો ગોલ નોંધાવ્યો હતો. છેત્રી ઈન્ટરનેશનલ ફૂટબોલમાં સંયુક્ત રીતે સૌથી વધારે ગોલ કરનાર ત્રીજો એક્ટિવ ખેલાડી બની ગયો છે. તેણે સંયુક્ત આરબ અમિરાતના અલી મબખૌત (૭૭)ની બરોબરી કરી છે. છેત્રી કરતાં હવે માત્ર પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને આર્જેન્ટિનાનો લાયોનલ મેસ્સી આગળ છે. રોનાલ્ડોએ ૧૧૨ તથા મેસ્સીએ ૭૯ ગોલ કર્યા છે.

## પારિબાસ ઓપનમાં સ્વિયાતેક સ્વિટોલિનાના અભિયાનનો અંત

ઈન્ડિયન વેલ્સ : ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન ઈગા સ્વિયાતેક સહિત કેટલાક ટોચના ખેલાડીઓએ અપસેટનો શિકાર બનીને બીએનપી પારિબાસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા હતા. બીજી ક્રમાંકિત સ્વિયાતેકને ૨૪મી ક્રમાંકિત જેલેના ઓસ્ટાપેન્કોએ ૬-૪, ૬-૩થી પરાજય આપ્યો હતો. મંગળવારે ટોચની ક્રમાંકિત કેરોલિના પ્લિસકોવા પણ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી.અમેરિકાની જેસિકા પેગુલાએ પાંચમી ક્રમાંકિત ઈલિના સ્વિટોલિનાને ૬-૧, ૬-૧થી હરાવીને પ્રથમ વખત ઈન્ડિયન વેલ્સ ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. યુએસ ઓપન રનર્સ-અપ લૈલા ફર્નાન્ડિઝ સામે શેલ્બી રોજર્સે પ્રથમ સેટ હાર્યા બાદ ૨-૬, ૬-૧, ૭-૬ (૪)થી વિજય મેળવ્યો હતો. મેન્સ સિંગલ્સમાં અમેરિકાના ટેલર ફ્રિત્ઝે પાંચમા ક્રમાંકિત માતિયો બેરેટેનીને ૬-૪,૬-૩થી, કારેન ખાચાનોવે ૧૨માં ક્રમાંકિત પાબ્લો કારેનો બૂસ્ટાને કોઈ પણ મુશ્કેલી વિના ૬-૦, ૬-૪થી હરાવ્યો હતો.



## રોનાલ્ડોએ કારકિર્દીની ૫૮મી હેટ્રિક નોંધાવી

ફેરો : પોર્ટુગલના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વધુ એક હેટ્રિક નોંધાવીને પોતાની ટીમ પોર્ટુગલને વર્લ્ડ કપ ફૂટબોલ ક્વોલિફાયર મુકાબલામાં આસાન વિજય અપાવ્યો હતો. બીજી તરફ ડેનમાર્કે પણ વિજય મેળવીને કતાર ખાતે ૨૦૨૨માં રમાનારા ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ક્વોલિફાય કરી લીધું હતું. યુરોપિયન ક્વોલિફાયર્સમાં ઈંગ્લેન્ડ અને હંગેરી વચ્ચે રમાયેલી મેચમાં પ્રેક્ષકોએ વિઘ્ન ઊભું કર્યું હતું. ફેરોમાં રમાયેલી મેચમાં રોનાલ્ડો કારકિર્દીની ૫૮મી હેટ્રિક નોંધાવી હતી. આ સાથે તેના ઈન્ટરનેશનલ ગોલની સંખ્યા વિક્રમી ૧૧૫ સુધી પહોંચી ગઈ હતી. રોનાલ્ડોની હેટ્રિક વડે પોર્ટુગલે લક્ઝમબર્ગને ૫-૦થી પરાજય આપ્યો હતો. પોતાની ૧૮૨મી ઈન્ટરનેશનલ મેચ રમનાર રોનાલ્ડોએ પોર્ટુગલ તરફથી ૧૦મી હેટ્રિક નોંધાવી હતી.

### જર્મની ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય

બર્લિન : જર્મનીએ યુરોપના ગ્રૂપ-જે વર્લ્ડ કપ ક્વોલિફાઈંગ મુકાબલામાં અસંખ્ય ભૂલો કરી હોવા છતાં નોર્ધર્ન મેસિડોનિયાને ૪-૦થી હરાવીને કતાર ખાતે ૨૦૨૨માં રમાનારા ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ક્વોલિફાય કરી લીધું હતું અને તે પ્રથમ ટીમ પણ બની છે. જર્મનીએ આઠ મેચમાં સાત વિજય હાંસલ કર્યા છે. માર્ચ મહિનામાં ડૂઈસબર્ગ ખાતે નોર્ધર્ન મેસિડોનિયા સામે ૧-૨થી સનસનાટભર્યો પરાજય એક માત્ર રહ્યો હતો જર્મનીએ તમામ ચારેય ગોલ બીજા હાફમાં નોંધાવ્યા હતા. ટીમો વર્નરે ૭૦મી તથા ૭૩મી મિનિટે બે ગોલ નોંધાવ્યા હતા. કેવી હાવર્ડે ૫૦મી તથા જમાલ મુસિયાલાએ ૮૩મી મિનિટે એક-એક ગોલ નોંધાવ્યો હતો.

- યુરોપિયન ટીમોમાં વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરનાર ડેનમાર્ક બીજો દેશ બની ગયો છે. તેણે કોપેનહેગાનમાં રમાયેલી મેચમાં જોકિમ મેહલેએ બીજા હાફમાં કરેલા ગોલની મદદથી ઓસ્ટ્રિયાને 1-0થી હરાવ્યું હતું.
- ઓસ્ટ્રેલિયાનો આત્મઘાતી ગોલ જાપાન માટે સંજીવની સમાન બની ગયો હતો જેના કારણે તેણે આગામી વર્ષે 2022માં કતાર ખાતે રમાનારા ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં સીધો પ્રવેશ કરવાની પોતાની આશા જીવંત રાખી છે. ઓસ્ટ્રેલિયાના ડિફેન્ડર અઝિઝ બેહિચે 85મી મિનિટે પોતાની ટીમના ગોલપોસ્ટમાં જ બોલ નાખી દીધો હતો જેના કારણે જાપાને 2-1થી વિજય હાંસલ કર્યો હતો.

## ટી-૨૦ વર્લ્ડ કપ : ભારતીય ટીમમાં અક્ષરના સ્થાને શાર્દૂલનો સમાવેશ

દુબઇ : આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ માટે જાહેર થયેલી ભારતીય ટીમમાં એક ફેરફાર કરવામાં આવ્યો છે. સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલના બદલે પેસ બોલિંગ ઓલરાઉન્ડર શાર્દૂલ ઠાકુરનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પસંદગીકારોએ શાર્દૂલને ૧૫ સભ્યની ટીમમાં સામેલ કરી દીધો છે અને અક્ષરને હવે રિઝર્વ ખેલાડીઓની યાદીમાં મૂકી દીધો છે. ટી૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેનારી તમામ ટીમોએ ૧૫મી ઓક્ટોબર પહેલાં પોતાની અંતિમ ટીમની યાદી આઈસીસીને મોકલી દેવાની છે. ઓલરાઉન્ડર હાર્દિક પંડયાની ફિટનેસ છેલ્લા કેટલાક વર્ષથી સમસ્યા બની છે.

## ન્યૂઝીલેન્ડ સામેની ટી૨૦ શ્રેણીમાં કોહલી, રોહિત સહિત સિનિયર્સને આરામ અપાશે

નવી દિલ્હી : ટી૨૦ વર્લ્ડ કપ પૂરો થવાના લગભગ એક સપ્તાહ કરતાં પણ ઓછા સમયમાં ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડ સામે ટી૨૦ ઈન્ટરનેશનલ શ્રોણી રમવાની છે. આ સ્થિતિમાં ભારતના મોટાભાગના સિનિયર ખેલાડીઓને આરામ આપવામાં આવશે તેવો બીસીસીઆઈએ સંકેત આપ્યો છે. હોમ ગ્રાઉન્ડમાં રમાનારી આ શ્રોણીમાં ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ ટી૨૦ મેચ માટે ભારતની ટીમમાં મોટા ભાગના યુવા ખેલાડીઓ હશે. બંને ટીમો વચ્ચે ૧૭મી, ૧૯મી તથા ૨૧મી નવેમ્બરે અનુક્રમે જયપુર, રાંચી તથા કોલકાતા ખાતે મેચો રમાશે. ત્યારબાદ કાનપુર ખાતે ૨૫મી નવેમ્બરથી તથા ત્રીજી ડિસેમ્બરથી મુંબઈ ખાતે બે ટેસ્ટની શ્રોણી રમાશે. સુકાની વિરાટ કોહલી, ઉપસુકાની રોહિત શર્મા, પેસ બોલર જસપ્રીત બુમરાહ જૂન મહિનાથી સતત બાયો-બબલમાં રહે છે. પસંદગી સમિતિના એક અધિકારીએ જણાવ્યું હતું કે,




સિનિયર્સ સહિત મોટાભાગના ભારતીય ખેલાડીઓ છેલ્લા ચાર મહિનાથી સતત ત્રણ બાયો-બબલમાં રહ્યા છે અને આ કારણથી કેટલાકને ન્યૂઝીલેન્ડ સામેની ટી૨૦ શ્રોણીમાં આરામ અપાશે.

## ભારતીય મહિલા એથ્લેટ હિમા દાસ કોરોનાની ચપેટમાં

નવી દિલ્હી : ભારતની સ્ટાર મહિલા એથ્લેટ હિમા દાસ કોરોના વાઈરસની ચપેટમાં આવી છે. તે પટિયાલા ખાતે ટ્રેનિંગ માટે પરત ફરી હતી. ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ નહીં કરી શકનાર હિમાનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું જેમાં ઘટસ્ફોટ થયો હતો કે, તે કોવિડ પોઝિટિવ છે. જોકે તેની તબિયત સારી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, હિમા આઠમી અને નવમી ઓક્ટોબરે ગુવાહાટીમાં હતી અને તેને હળવો થાક લાગી રહ્યો હતો. કોઈ ગંભીર બાબત નથી અને તે ચાલુ મહિનાના અંતિમ સપ્તાહમાં યોજનારા નેશનલ કેમ્પમાં જલદીથી સામેલ થઈ જશે.

# ભાજપમાંથી 100થી વધુ નવા ચહેરાને વિધાનસભા ટિકિટની જાહેરાતથી સોપો

## ચારથી વધુ ટર્મવાળા જૂના ધારાસભ્યોની બાદબાકી પાક્કી

**અમદાવાદ**

ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટિલ સોમવારે રાત્રે હિંમતનગર ખાતે પક્ષના પેજપ્રમુખોના કાર્યક્રમમાં આવતી વિધાનસભાની ચૂંટણીમાં 100થી વધુ નવા ધારાસભ્યોને ટિકિટ આપવાનું જાહેર કરતા પક્ષના વર્ષો જૂના ધારાસભ્યોમાં ખળભળાટ મચી ગયો છે.

પાર્ટીના સૂત્રો કહે છે કે, 2007ની ચૂંટણી દર વખતે 60-70 ઉમેદવારો તો આમ પણ નવાં જ આવે છે, જે આ વેળા મોટા પ્રમાણમાં વધુ આવશે, કેમ કે અમુક અપવાદ સિવાય ચાર-પાંચ ટર્મ ધરાવતા ધારાસભ્યોની તથા કેટલાકની ઉંમરને કારણે વિદાય લગભગ નક્કી જ છે, તદુપરાંત અત્યારે વિધાનસભામાં ભાજપના 112 ધારાસભ્યો છે, એટલે બાકી 73 વિધાનસભા બેઠકો ઉપર ભાજપના નવા ઉમેદવારો આવશે તે પણ નક્કી છે. પાર્ટીમાં ચર્ચા પ્રમાણે સરકારમાં ઉચ્ચપદો સંભાળી ચૂકેલા પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો સન્માનજનક સ્થાન સોંપાશે. જ્યારે બાકી ડ્રોપ થયેલા પૂર્વ મંત્રીઓ પૈકી પ્રદીપસિંહ જાડેજા, રણછોડ ફળદુ જેવા કેટલાક અપવાદો બાદ કરતા બાકી બધાને આ વખતે ઘેર બેસવાનો વારો આવશે. પાર્ટીના સૂત્રો એવું કહે છે કે, ગુજરાત ભાજપ પ્રમુખે વિધાનસભામાં 100થી વધુ નવા ઉમેદવારોને ટિકિટ આપવાની જાહેરાત ભલે કરી, પણ આખરે એ નિર્ણય તો પક્ષની પાર્લામેન્ટરી કમિટી લેતી હોય છે, અલબત્ત, એક બાબત સ્પષ્ટ છે કે, હવે કાર્યકર્તાને તેમની શક્તિ મુજબ સ્થાન આપવાનું પક્ષ વિચારી રહ્યું છે.

# કચ્છના રાપરમાં 70 વર્ષના ‘બા’એ પુત્રને આપ્યો જન્મ

**કચ્છ**

કચ્છના રાપર તાલુકાના એક નાનકડા મોરા ગામના આધેડ અભણ દંપતીને ત્યાં લગ્નના 45 વર્ષે વૈજ્ઞાનિક ટેકનોલોજીથી એક 70 વર્ષની મહિલાએ બાળકને જન્મ આપતા રબારી સમાજમાં ખુશી વ્યાપી ગઈ છે.

70 વર્ષની મહિલા જીવુંબેન રબારી અને 75 વર્ષના પતિ વાલભાઈ રબારીના લગ્નને 45 વર્ષથી વધુ સમય વીતી જતા બધી રીતે સુખી હતા, પણ તેમને સંતાન ન હતું. લગ્નબાદ ‘બાળક રહેવું શક્ય નહી’ હોવાનું તબીબે સલાહ આપી છતાં દંપતી હિંમત હાર્યું નહીં. આ બુઝર્ગ દંપતીએ ભુજની એક ખાનગી હોસ્પિટલના ગાયનેક ડો.નરેશ ભાનુશાલીનો સંપર્ક કર્યો હતો. વૈજ્ઞાનિક ટેકનોલોજી એવા ટેસ્ટ ટ્યુબ દ્વારા કોરાનાની મહામારી વચ્ચે જીવુંબેન રબારીએ ટીટમેન્ટ શરૂ કરી હતી.

આ ટીટમેન્ટના અંતે જીવુંબેન રબારીએ પુત્રને જન્મ આપતા બુઝર્ગ દંપતીના પરિવારમાં ખુશી વ્યાપી ગઈ હતી. 45 વર્ષના લગ્ન જીવનમાં ટેસ્ટ ટ્યુબની ટેકનોલોજીથી પહેલી ટ્રાયે બાળક રહી ગયું હતું. રાપર તાલુકાના મોમાંય મોરા ગામની નજીક મોરા ગામમાં રબારી સમાજમાં આ સમાચાર સાંભળી કુદરત અને વૈજ્ઞાનિક ટેકનોલોજી ઉપર વિશ્વાસનો પાર રહ્યો નહોતો.

# અરવિંદકુમાર બન્યા ગુજરાત હાઈકોર્ટના નવા ન્યાયાધીશ

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ અરવિંદ કુમારની નિમણૂંક કરવામાં આવી છે. ભારત સરકારના કાયદા મંત્રાલય દ્વારા અધિકૃત રીતે ઓર્ડર આ અંગેનો ઓર્ડર જારી કરવામાં આવ્યો છે. જસ્ટિસ અરવિંદ કુમાર હાલ કર્ણાટક હાઈકોર્ટમાં જજ તરીકે કાર્યરત છે અને તેમણે વર્ષ 1987માં એડવોકેટ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી હતી.

જસ્ટિસ અરવિંદ કુમારે શરૂઆતમાં સિવિલ કોર્ટ, મેજિસ્ટ્રેટ કોર્ટ, અપીલ ટ્રિબ્યુનલમાં લગભગ 4 વર્ષ સુધી પોતાની સેવા આપી હતી. ત્યાર બાદ તેમણે હાઈકોર્ટમાં વકીલાત કરી હતી.

# ગુજરાતમાં 10 ટકા જેટલો પાવર કટ : ડિમાન્ડ સામે સપ્લાય ઘટયો

## સ્ટેટ લૉડ ડિસ્પેચ સેન્ટરના આંકડાઓએ સરકારની પોલ ઉઘાડી

**અમદાવાદ**

ગુજરાત સરકાર ભલે પાવર કટ ન કર્યો હોવાનો દાવો કરે છે, પરંતુ સ્ટેટ લેવલ ડિસ્પેચ સેન્ટરમાં જોવા મળતા આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં ગઈકાલે વીજળીની કુલ ડીમાન્ડ સામે 9.8 ટકા ઓછો પાવર સપ્લાય કરવામાં આવ્યો હતો.

સોંમવારે સાંજે સાત વાગ્યા પછી ગુજરાતમાં વીજળીની મહત્તમ માગ-પીક ડીમાન્ડ 15,166 મેગાવોટ હતી. તેની સામે 1485 મેગાવોટ સપ્લાય ઓછો હતો. એમ વેસ્ટર્ન રિજ્યનના લૉડ ડિસ્પેચ સેન્ટરના આંકડાઓ દર્શાવે છે. આમ કુલ ડિમાન્ડ સામે સપ્લાય 11 ટકા ઓછો હતો.

ગુજરાત અને ભારતના કોલસાથી ચાલતા વીજ ઉત્પાદન મથકોમાં કોલસાની અછત હોવાથી વીજળીનું ઉત્પાદન ઘટી ગયું છે ત્યારે ગુજરાતની ખાનગી વીજ ઉત્પાદક કંપની ટાટા પાવરે આજે ગુજરાત સરકારને યુનિટદીઠ રૂા. 5.50ના ભાવે વીજળીનો સપ્લાય આપવાની તૈયારી દર્શાવી છે. ટાટા પાવર અત્યારે આયાતી કોલસામાંથી વીજળી પેદા કરે છે.

# ગુજરાતના ૯૧૬૮ વકીલોને વકીલાત બંધ કરવા સૂચના અપાઈ


**અમદાવાદ**

૨૦૦૯થી આવેલા નવા નિયમ પ્રમાણે દેશમાં કોઈપણ વકીલે ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિશનેશનની પરીક્ષા પાસ કર્યા વગર વકીલાતની પ્રેક્ટિસ કરી શકતા નથી. ૨૦૦૯થી ૨૦૧૯ દરમિયાન બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધાયેલા ૯૧૬૮ વકીલોએ હજુ સુધી પરીક્ષા પાસ ન કરી હોવાનું ધ્યાને આવતા કાઉન્સિલ દ્વારા તેમને તાત્કાલિક વકીલાની પ્રેક્ટિસ બંધ કરવા અને પરીક્ષા પાસ કરવા સૂચના આપવામાં આવી છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૨૦૦૯માં લાગુ કરવામાં આવેલા નિયમ પ્રમાણે કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ જે-તે વકીલને બાર કાઉન્સિલમાંથી મંજૂરી મળે છે.



# CLUB CERAMIC







Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24'' * 24'' I 12'' * 24'' I 24'' * 48'' I 4'' * 8'' I 4'' * 12''

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

**416.993.0826**
**24/7 # 905.305.8508**



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત **$595** એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com